### અરબ પ્રદેશ બહારના રાજવીઓને ઈસ્લામ સ્વીકાર માટે લખેલ

# હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના પત્રો

હિજરી સન-૬ના પૂર્વાર્ધમાં હુદૈબિયાથી પરત આવીને હઝરત મોહંમદ મુસ્તફા(સ.)એ અરબની પેલે પારના બાદશાહોને ઈસ્લામની દાવત આપવા માટે પયગામો મોકલવાનો નિર્ણય કર્યો. પોતાના




એલચીઓ (રાજદૂતો)ની ઓળખને વિશ્વસનીય બનાવવા માટે ચાંદીની એક મહોર/મુદ્રા (સિક્કો) બનાવવામાં આવી હતી જેમાં **'મોહંમદુર્ રસૂલિલ્લાહ'** એવા શબ્દો કોતરેલા હતા.

(સહીહ અલ બુખારી-૨/૮૭૨,૮૭૩)

## પત્ર નં. ૧

## હબશ તરફ એક પ્રતિનિધિ મંડળ



હબશના બાદશાહ નજ્જાશી, તેનું નામ હતું અશામા બિન અલ અબ્જાર, તેને અમ્ર બિન ઉમૈયા અલ દમારી દ્વારા મોકલવામાં આવેલો રસૂલિલ્લાહ(સ.)નો પયગામ મળ્યો, જેનો અલ તબરીએ સંદર્ભ આપ્યો છે કે તે પત્રને કાંતો હિજરી સન-૬ના અંતમાં કે કાંતો હિજરી સન-૭ની શરૂઆતમાં મોકલવામાં આવ્યો હતો. પત્રના ઊંડા અભ્યાસ ઉપરથી જોવા મળે છે કે હુદૈબિયાના પ્રસંગ

પછી મોકલવામાં આવેલ આ કંઈ એક જ પત્ર નહોતો. પત્રની શબ્દરચના જોકે દર્શાવે છે કે તે પત્ર (હબશના) બાદશાહને ત્યારે મોકલવામાં આવ્યો હતો કે જયારે જા'ફર (બિન અબુતાલિબ) અને તેમના સાથીદારોએ મક્કાના વસવાટ દરમિયાન હબશ તરફ હિજરત કરી હતી. તેના વાક્યોમાંનું એક વાક્ય આ રીતે વંચાય છે :

'મેં મારા પિત્રાઈ ભાઈ જા'ફર(રઝી.)ને મુસલમાનોના એક જૂથ સાથે તમારી તરફ મોકલ્યા છે. એમના પ્રત્યે અવશ્ય ઉદારતા દર્શાવજો અને તોછડું વર્તન ના કરતા.'

અલ બૈહાકીએ ઈબ્ને ઈસ્હાકના હવાલાથી રસૂલિલ્લાહ(સ.)એ નજ્જાશીને મોકલેલા પત્રની રિવાયત આ મુજબ કરી છે :

**'આ પત્ર મોહંમદ પયગમ્બર તરફથી**
**હબશના બાદશાહ**
**નજ્જાશી અલ અશામા તરફ મોકલવામાં આવ્યો છે.**

**એના ઉપર સલામ થાય કે જે સાચી હિદાયતને અનુસરે છે અને અલ્લાહ અને તેના રસૂલમાં ઈમાન ધરાવે છે. હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય બીજો કોઈ માઅબૂદ નથી, તે કોઈ ભાગીદાર (શરીક) વગર એકલો છે. તેને ન તો કોઈ પત્ની છે કે ન કોઈ પુત્ર અને મોહંમદ તેના બંદા અને રસૂલ છે. હું તમને ઈસ્લામ ધર્મની દાવત આપું છું. જો તમે ઈસ્લામ અંગીકાર કરશો તો તમે સલામતી પ્રાપ્ત કરશો,**

**'(હે મોહંમદ(સ.)) કહે કે હે કિતાબવાળાઓ ! એક એવી વાત તરફ આવી જાઓ કે જે અમારી તથા તમારી વચ્ચે સમાન છે (અને તે એ) કે આપણે અલ્લાહના સિવાય કોઈની બંદગી કરીએ નહીં તથા કોઈને તેનો શરીક બનાવીએ નહીં અને અલ્લાહને મૂકીને આપણામાંથી કોઈએ બીજાઓને ખુદા માનવા નહીં; આ છતાં જો તેઓ મોઢું ફેરવી લે તો કહી દો કે આ(વાત)ના સાક્ષી રહેજો કે અમે તો મુસલમાન છીએ.'**

**(કુરાને કરીમ, ૩:૬૪)**

**જો તમે આ દાવતને ઠુકરાવશો તો પછી તમારી પ્રજામાં જે ખ્રિસ્તી લોકો છે તેમના બધા જ ગુનાહ (વહોરવા) માટે તમે જવાબદાર રહેશો.'**

એક વિશ્વાસપાત્ર ચકાસણી કરનાર (એવા) ડૉ.હમીદુલ્લાહે (પેરિસ) ઉપરોક્ત પત્રનો પ્રમાણભૂત અનુવાદ ટાંક્યો છે કે જે થોડા સમય પહેલાં જ પ્રગટ થયેલો છે અને તે ઈબ્ને અલ કૈયિમની રિવાયતને મળતો આવે છે. ડૉ.હમીદુલ્લાહે ખૂબ પરિશ્રમપૂર્વક પ્રયત્ન કર્યો છે અને તેમણે પત્રના લખાણની ચકાસણી કરવા માટે આધુનિક ટેકનોલોજીનાં બધાં જ સાધનોનો ઉપયોગ કર્યો છે જે આ રીતે વંચાય છે :

**બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ**
**મોહંમદ રસૂલિલ્લાહ(સ.) તરફથી**
**હબશના બાદશાહ નજ્જાશી જોગ.**

**દુરૂદો સલામ થાય એના ઉપર કે જે સાચી હિદાયતને અનુસરે છે. સલામ, હું અલ્લાહની હમ્દ કરું છું. નથી બીજો કોઈ માઅબૂદ સિવાય એના કે જે બેનિયાઝ, પાક, રહેમાન, રહીમ, ઈમાનનો રક્ષક, સલામતીને બરકરાર રાખનારો છે. હું ગવાહી આપું છું કે ઈસા ઈબ્ને મરિયમ રૂહુલ્લાહ છે અને તેણે કુંવારી, ભલી, નિર્મળ મરિયમમાં પોતાનું વેણ જે મૂક્યું કે જેનાથી તેણીએ ઈસા(અ.)નો ગર્ભ ધારણ કર્યો. અલ્લાહે**

**તેમને પોતાની રૂહથી અને પોતાના શ્વાસથી પેદા કર્યા જેવી રીતે કે તેણે આદમ(અ.)ને પોતાના હાથ વડે પેદા કર્યા હતા. હું તમને એક અલ્લાહ તરફ બોલાવું છું જેનો કોઈ શરીક નથી અને તેની ફરમાબરદારી તરફ અને મારી પયરવી તરફ અને મારા ઉપર જે (ઉતરી) આવ્યું છે તેના ઉપર ઈમાન લાવવા કેમકે હું અલ્લાહનો રસૂલ છું. હું તમને અને તમારા માણસોને યશસ્વી અને સર્વશક્તિમાન અલ્લાહ તરફ આવવાની દાવત આપું છું. આ સાથે હું ગવાહી આપું છું કે મેં મારા પયગામને અને મારી હિદાયતને તમારા સુધી પહોંચાડી દીધી. હું તમને મને સાંભળવાની અને મારી હિદાયતનો સ્વીકાર કરવાની દાવત આપું છું. સલામ હોજો એના ઉપર કે જે સાચી હિદાયતને અનુસરે છે.'**

**(ઝા'દ અલ મા'અદ – ૩/૬૦)**

જ્યારે અમ્રૂ બિન ઉમૈયા અદ દામારીએ પયગમ્બરી પત્ર નજ્જાશીને આપ્યો તો તેણે પત્ર લીધો અને પોતાની આંખે લગાવ્યો, તે (રાજગાદી ઉપરથી) નીચે ભોંયતળિયે ઉતરી ગયો, ઈસ્લામમાં પોતાનું ઈમાન હોવાનો સ્વીકાર કર્યો અને નીચે મુજબ રસૂલિલ્લાહ(સ.)ને જવાબ લખ્યો :

**'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ**

**નજ્જાશી અશામા તરફથી અલ્લાહના મહાન પયગમ્બર મોહંમદ જોગ.**

**અય અલ્લાહના પયગમ્બર ! આપના ઉપર દુરૂદો સલામ હોજો અને રહેમત અને સલામ થાય અલ્લાહના કે જેના સિવાય બીજો કોઈ માઅબૂદ નથી. મને આપના તરફથી પત્ર મળ્યો કે જેમાં આપે ઈસા(પયગમ્બર)નો ઉલ્લેખ કર્યો છે અને આકાશો તેમજ જમીનના પાલનહારની કસમ, આપ જે કંઈ કહો છો તેનાથી ઈસા વધારે નથી. અમે સંપૂર્ણપણે એની કબૂલાત કરીએ છીએ કે જેની સાથે આપને અમારી તરફ મોકલવામાં આવ્યા છે અને તમારા પિત્રાઈ ભાઈ અને તેમના સાથીદારોની અમે આગતા–સ્વાગતા કરી છે. હું સાક્ષી આપું છું કે આપ અલ્લાહના સાચા રસૂલ છો અને (આપના પહેલાં જે થઈ ગયા છે તેમનું) સમર્થન કરીને હું આપના પિત્રાઈ ભાઈ દ્વારા આપની બયઅત કરું છું અને તેમના દ્વારા મારી જાતને બધી દુનિયાના પાલનહારના શરણમાં સોંપું છું.'**

**(ઝા'દ અલ મા'અદ – ૩:૬૧)**

રસૂલિલ્લાહ(સ.)એ હબશના હિજરતીઓ જા'ફર અને તેમના સાથીઓને પાછા ઘેર મોકલવા માટે નજ્જાશીને કહ્યું હતું. તેઓ પાછા આવ્યા અને ખૈબરમાં રસૂલિલ્લાહ(સ.)ને મળ્યા. પાછળથી રજબ, હિજરી સન-૯માં ગઝ્વએ તબુક પછી તરત જ નજ્જાશીનો ઈન્તેકાલ થયો. રસૂલિલ્લાહ(સ.)એ તેના ઈન્તેકાલની જાહેરાત કરી અને તેના માટે ગેરહાજરીમાં જનાઝાની નમાઝ પઢાવી. નજ્જાશીની રાજગાદી પર બીજો બાદશાહ આવ્યો અને તેને બીજો એક પત્ર રસૂલિલ્લાહ(સ.)એ મોકલ્યો પરંતુ તેણે ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો કે નહીં તે એવો પ્રશ્ન છે કે જેનો હજુ સુધી જવાબ મળ્યો નથી. (સહીહ મુસ્લિમ, ૨:૯૯) (ક્રમશઃ)

**G. K. Corner Solution 121**

(૧) ખંભાતના અખાત (૨) ડેનિયલ રૂધરફોર્ડ (૩) મોગાદિશુ (૪) સાત (૫) હિન્દી (૬) મેગ્નેટાઈડ (૭) આદિભક્ત કવિ (૮) ઈ.સ.૧૮૩૭

મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

**ઈમામ અલી(અ.)ના એ પ્રસંગોની માહિતી કે જે આપની વફાત વિષે પ્રગટ થવાના હતા.**

*(અલી બિન હઝવરે અસ્બગ બિન નબાતાના હવાલાથી આ હદીસ બયાન કરી છે કે તેમણે બતાવ્યું.)*

હઝરત અલી(અ.)એ આ તકરીર એ દિવસોમાં કહી કે જે મહિનામાં આપને કતલ કરી દેવામાં આવ્યા હતા, અને કહ્યું,

'તમારા લોકો માટે રમઝાનનો મહિનો આવી ગયો છે. આ મહિનાને બધા મહિનાઓ ઉપર સરદારી હાસિલ છે અને વર્ષનો આ પહેલો મહિનો હોય છે. આ મહિનામાં આલમ(વિશ્વ)ની ચક્કી ફરે છે અને નવું વર્ષ શરૂ થઈ જાય છે ત્યારે બધા લોકો હજ કરે છે પરંતુ આ વર્ષે હજના પ્રસંગે ઈમામ નહીં હોય. (મતલબ એ કે આ વખતે હજ દરમિયાન હું દુનિયામાં નહીં રહું.)'

(અસ્બગે ઘણું બધું લખાણ લખ્યું છે કે) ઈમામ પોતાના મોતની જાહેરાત કરી રહ્યા હતા પરંતુ એ વખતે અમે એમની વાતને સમજી શક્યા ન હતા.)

*

*(અલ ફઝીલ બિન દકીને હૈયાન બિન અબ્બાસના હવાલાથી, તેમણે ઉસ્માન બિન મુગૈરાથી આ હદીસ બયાન કરી છે કે -)*

જ્યારે રમઝાનનો મહિનો આવ્યો તો અમીરુલ મોમિનીન(અ.)એ રાતનું ખાવાનું એક રાત્રે ઈમામ હસન(અ.)ની સાથે અને એક રાત્રે ઈમામ હુસૈન(અ.)ની સાથે અને ત્રીજી રાત્રે આપ અબ્દુલ્લાહ બિન અબ્બાસના મહેમાન બન્યા હતા. પરંતુ ત્રણ કોળિયાથી વધારે ખાતા ન હતા અને શબે ઝર્બતના પહેલાંની રાત્રે જ્યારે આપને આટલું ઓછું ખાવાનું કારણ પૂછવામાં આવ્યું તો આપે જવાબ આપ્યો,

'જ્યારે હું ભૂખ્યો હોઉં છું તો અલ્લાહના હુકમથી આટલું જ ખાઉં છું.'

તેના બે કે ત્રણ દિવસ પછી આપના સર મુબારક ઉપર ઝર્બતનો કારી ઘા લાગ્યો હતો.

*

*(ઈસ્માઈલ બિન ઝિયાદે હદીસ બયાન કરી ઉમ્મે મૂસાના હવાલાથી કે જે હઝરત અલી(અ.)નાં ખાદિમા હતાં અને આપની બેટીનાં આયા હતાં તેમણે બયાન કર્યું.)*

હઝરત અલી(અ.)એ પોતાની દીકરી ઉમ્મે કુલસુમને કહ્યું,

'અય મારી નાની દીકરી ! મારી પાસે હવે ખૂબ થોડો સમય બચ્યો છે કે જેને હું તમારી સાથે પસાર કરવા ઈચ્છું છું.'

દીકરીએ પૂછ્યું,

'અબ્બાસજાન ! એવું કેમ ?'

આપે જવાબ આપ્યો,

'મેં રસૂલિલ્લાહ(સ.)ને સ્વપ્નામાં જોયા છે. રસૂલિલ્લાહ(સ.) મારા ચહેરા ઉપરથી માટી સાફ કરી રહ્યા હતા અને કહેતા હતા',

'અય અલી ! તમને જે કામ સોંપવામાં આવ્યાં હતાં તે કામ તમે પૂરાં કરી દીધાં છે.'

આ સ્વપ્નના ત્રીજા દિવસે આપના સર મુબારક ઉપર ઝર્બતનો વાર કરવામાં આવ્યો હતો. આ સ્વપ્નું સાંભળતાંની સાથે જ ઉમ્મે કુલસુમ કીકીયારી પાડીને રડવા લાગ્યાં. (તેઓ ખૂબ ગમગીન હતાં.)

આપે ફરમાવ્યું,

બેટી ! આવું ન કરો. મેં રસૂલિલ્લાહ(સ.)ને જોયા છે. આપ મારી તરફ ઈશારો કરી રહ્યા હતા',

'અલી ! અમારી પાસે આવી જાઓ. અહીં તમારા માટે બધું મોજુદ છે.'

*

*(અમ્મા૨ ઝહબીએ અબુ સાલેહના હવાલાથી આ રિવાયત બયાન કરી છે કે તેઓ કહેતા હતા કે)*

'મેં હઝરત અલી(અ.)ને એવું કહેતા સાંભળ્યા છે કે મેં રસૂલિલ્લાહ(સ.)ને સ્વપ્નામાં જોયા અને મેં તેમને શિકાયત કરી કે તેમની ઉમ્મતના લોકોએ મને ખૂબ દુઃખ આપ્યું છે અને મારી સાથે ફસાદ કરતા રહ્યા. આટલું કહીને હું રડવા લાગ્યો તો આપે ફરમાવ્યું,

'દુઃખી ન થાઓ, અલી ! મોઢું ફેરવીને જુઓ.'

હું મોઢું ફેરવીને જોવા લાગ્યો તો આપે ફરમાવ્યું,

'જુઓ, બે માણસો સાંકળોમાં બંધાયેલા છે.'

ત્યાર પછી તેમનાં માથાંને પથ્થરોથી કચડી નાખવામાં આવ્યાં.

(અબુ સાલેહ વધુમાં આગળ કહે છે)

સવારે હું નિત્યક્રમ મુજબ આપની પાસે ગયો જેવી રીતે કે હું દરરોજ ત્યાં જતો હતો અને જ્યારે હું એ મહોલ્લામાંથી પસાર થઈ રહ્યો હતો કે જ્યાં કસાઈઓની દુકાનો હતી તો મેં કેટલાક લોકોને એવું કહેતા સાંભળ્યા,

'અમીરુલ મોમિનીન(અ.)ને હલાક કરી નાખવામાં આવ્યા.'

*

*(અબ્દુલ્લાહ બિન મૂસાથી રિવાયત છે, તેમણે હસન બિન દીનારના હવાલાથી અને તેમણે હસન બસરીથી એવું સાંભળ્યું છે કે તેઓ કહેતા હતા કે)*

'અમીરુલ મોમિનીન(અ.)એ તે આખી રાત જાગીને પસાર કરી દીધી કે જેની સવારે તેમને હલાક કરી દેવામાં આવ્યા હતા. એ રાત્રે તેઓ ઈબાદત માટે મસ્જિદમાં ગયા નહોતા જેવો કે તેમનો નિત્યક્રમ હતો. આપનાં દીકરી ઉમ્મે કુલસુમ (અ.)એ આપને પૂછ્યું,

'આપ ઊંઘ્યા નથી.'

આપે જવાબ આપ્યો,

'સવારે જ્યારે હું મસ્જિદમાં જઈશ તો મને કતલ કરી દેવામાં આવશે.'

એ જ સમયે ઈબ્ને બનાહ આપની પાસે આવ્યા અને ફજ્રની નમાઝ માટે મસ્જિદમાં જવા માટે કહ્યું. આપ બે ચાર ડગલાં ઘરની બહાર નીકળ્યા હશે કે તરત જ પાછા આવી ગયા ત્યારે ઉમ્મે કુલસુમે આપને ફરમાવ્યું,

'લોકોની સાથે નમાઝમાં શરીક થાઓ.'

આપે જવાબ આપ્યો,

ચોક્કસ નમાઝમાં શિર્કત કરીશ પરંતુ નક્કી થયેલા સમયને કોઈ ટાળી શકતું નથી.'

ફરીથી આપ મસ્જિદે જવા માટે બહાર નીકળ્યા. ત્યારે એક માણસે જાગતા રહીને આખી રાત પસાર કરી હતી. તે બેચેનીપૂર્વક આપની વાટ જોઈ રહ્યો હતો પરંતુ ફજ્રના થોડાક જ સમય પહેલાં જ્યારે ઠંડી હવા વાવા લાગી તો તે માણસને ઊંઘ આવી ગઈ. બરાબર એ જ સમયે અમીરુલ મોમિનીન(અ.) મસ્જિદમાં દાખલ થયા અને તે માણસને પોતાના પગથી હલાવ્યો અને બોલ્યા, **'નમાઝ(સલાત)'**.

તે માણસ ઊભો થઈ ગયો અને હઝરત અલી(અ.)ના સર મુબારક ઉપર ઝર્બતનો વાર કર્યો.

એક બીજી હદીસ આ મુજબ છે :

અમીરુલ મોમિનીન(અ.)એ આખી રાત જાગીને પસાર કરી. ક્યારેક ક્યારેક આપ સહન

(ચોક)માં આવતા હતા અને આકાશની તરફ જોતા હતા અને કહેતા હતા,

'વલ્લાહ ! હું જૂઠું નથી બોલતો અને ન તો આ વાત જૂઠ્ઠી હોઈ શકે છે. આ એ જ રાત છે કે જેનો મને વાયદો કરવામાં આવ્યો છે.'

ત્યાર પછી આપ પોતાની પથારી ઉપર જાગતા બેસી રહ્યા. થોડી વારમાં સુબ્હની સફેદી નજરે પડવા લાગી. આપે શરીર પર કપડાં પહેર્યાં અને આવું કહેતા કહેતા બહાર આવ્યા,

'તમારી છાતીને કઠણ બનાવી લો કેમકે મોત નજીક આવી ગયું છે. મોતનો ગમ ન કરો જ્યારે કે મોત તમારા નિવાસ સ્થાનની ખીણમાં દાખલ થઈ ચૂક્યું હોય.'

જ્યારે આપ ઘરના સહન(ચોક)માં તશરીફ લાવ્યા તો બતકોએ આપને ઘેરી લીધા. તે બધી આપને જોઈને બૂમો પાડી પાડીને ફરિયાદ કરી રહી હતી. જે લોકો ત્યાં હાજર હતા તેમણે તેમને હટાવી દીધી પરંતુ આપે લોકોને એવું કરતાં રોક્યા અને ફરમાવ્યું,

'તેમને હટાવશો નહીં. તેઓ બૂમો પાડીને (મારા મોત પર) રડી રહી છે.'

ત્યાર પછી જ્યારે આપ મસ્જિદમાં દાખલ થયા તો ઝર્બતનો વાર થયો. *

## તન્ઝીમે ઝયનબીયા, સાબરકાંઠા

તન્ઝીમે ઝયનબીયા, સાબરકાંઠા બે વર્ષથી ફૂલસ્કેપ ચોપડા રાહત દરે વિતરણ કરી રહેલ છે અને આ કાર્યની અંદર જે ભાઈઓ પોતાના ધંધાની જાહેરાત તેમજ ડોનેશન આપી મદદ કરી રહેલ છે એમની રોઝીમાં અલ્લાહ વધારો કરે. નવા વર્ષ માટે ફૂલસ્કેપ ચોપડા બનાવવાના હોવાથી પોતાના ધંધાની જાહેરાત તેમજ ડોનેશન આપવા નમ્ર વિનંતી છે. સંપર્ક કરો :-

**૯૯૭૪૪૪૬૬૮૬ નજરમહંમદ**
**૯૨૨૭૭૮૬૪૪૦ બાકરઅલી**
**૯૪૨૯૨૩૫૧૨૮ હૈદરભાઈ**

## General Knowledge Corner (121)

**(૧) તાપી નદી કયા દરિયામાં જઈને સમાય છે?**
(A) ખંભાતના અખાત (B) અરબ સાગર
(C) કચ્છના અખાત (D) એટલાન્ટિક મહાસાગર

**(૨) નાઈટ્રોજન વાયુની શોધ કોણે કરી હતી ?**
(A) ડેનિયલ રૂધરફોર્ડે (B) હેવન જ્યોર્જે
(C) માર્કો પોલોએ (D) એન્ડરસને

**(૩) સોમાલિયા દેશની રાજધાની કઈ છે ?**
(A) નિકોસિયા (B) મસેરુ
(C) બર્ન (D) મોગાદિશુ

**(૪) હાલમાં ભારત દેશમાં કેટલા કેન્દ્રશાસિત પ્રદેશો છે ?**
(A) પાંચ (B) સાત
(C) નવ (D) દસ

**(૫) જાવા નામનો ટાપુ કયા મહાસાગરમાં આવેલો છે ?**
(A) પ્રશાંત (B) હિન્દી
(C) અરબી (D) એટલાન્ટિક

**(૬) કયા ખનિજમાં લોખડનું પ્રમાણ સૌથી વધુ હોય છે ?**
(A) સિડેરાઈટ (B) હેપેટાઈટ
(C) આર્યન પાઈરાઈટ (D) મેગ્નેટાઈડ

**(૭) નરસિંહ મહેતા કયા વિશેષ નામથી જાણીતા હતા ?**
(A) આદિકવી (B) આદિભક્ત કવિ
(C) જ્ઞાનનો ગરવો વડલો (D) આખ્યાનના કવિ

**(૮) ભારતમાં ટપાલ વ્યવસ્થાનો પ્રારંભ કઈ સાલથી થયો હતો ?**
(A) ઈ.સ.૧૮૩૫ (B) ઈ.સ.૧૮૩૭
(C) ઈ.સ.૧૮૪૯ (D) ઈ.સ.૧૮૫૩

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જનાબે સૈયદતુન્નિસા ફાતેમા ઝેહરા(અ.)નાં ગુણગાન

**સૈયદતુન્નિસા :**

ઉમ્મુલ મોમિનીન આઈશા સિદ્દીકા(રઝી.) રિવાયત કરે છે કે આં હઝરત(સ.)એ જનાબે ફાતેમા(અ.)ને ફરમાવ્યું, શું તમે રાજી થયાં નથી કે તમે સઘળા જહાનોની સ્ત્રીઓનાં સરદાર છો અને તમે સઘળી મોમિના સ્ત્રીઓનાં સરદાર છો અને તમે જન્નતોની સઘળી સ્ત્રીઓનાં સરદાર છો અને તમે ઉમ્મતની સ્ત્રીઓનાં સરદાર છો ?

રિવાયત છે ખદીજા(રઝી.)થી કે નિઃશંકપણે સરવરે કાઈનાત(સ.)એ ફરમાવ્યું કે એક ફરિશ્તો અલ્લાહ તઆલા તરફથી આસમાનથી નાઝિલ થયો. તેણે મને સલામ કરવાની પરવાનગી માગી અને મને ખુશખબરી સંભળાવી કે નિઃશંકપણે ફાતેમા જન્નતની સ્ત્રીઓનાં સરદાર છે.

અબુ સઈદ નાકિલ છે કે નિઃશંકપણે પયગમ્બરે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે ફાતેમા જન્નતના લોકોની સ્ત્રીઓની સરદાર છે સિવાય મરીયમ બિન્તે ઈમરાન.

જનાબે સૈયદા(અ.)થી મરવી છે કે મને જનાબે રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું કે અય ફાતેમા! શું તું એ સાંભળીને રાજી થતી નથી કે કયામતના દિવસે તું બધી જ મોમિન સ્ત્રીઓની સરદાર થાય ?

ઈમરાન બિન હસીન કહે છે કે એક વખત સરવરે દુનિયા વ દીન(સ.) જનાબે ફાતેમા (અ.)ની ખબર પૂછવા માટે ગયા. તેઓ બીમાર હતાં. હઝરત(સ.)એ તેમને કહ્યું, અય બેટી ! અમે તારી આ કેવી હાલત જોઈ રહ્યા છીએ ? અરજ કરી, યા રસૂલિલ્લાહ ! હું બીમાર થઈ ગઈ છું અને મને એ બાબતે નિરુપાય કરી દીધી છે કે મારી પાસે કોઈ ખાવાની વસ્તુ પણ નથી કે જેથી હું ખાઈ શકું. હઝરત(સ.)એ ઈરશાદ ફરમાવ્યો, શું તું એ બાબતથી રાજી થતી નથી કે તું સઘળા જહાનની સ્ત્રીઓની સરદાર હોય ? જનાબે ફાતેમા(અ.)એ અરજ કરી, યા રસૂલિલ્લાહ ! તો પછી મરીયમ બિન્તે ઈમરાન ક્યાં રહેશે ? હઝરતે ફરમાવ્યું, તે પોતાના આલમની સરદાર છે અને તું તારા આલમની સરદાર છે.

જનાબે ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમા (રઝી.)થી રિવાયત છે કે જે વર્ષે મક્કાનો વિજય થયો તે વર્ષે જનાબે રસૂલિલ્લાહ(સ.)એ જનાબે ફાતેમા(અ.)ને બોલાવ્યાં. તેમની સાથે કંઈક વાત કરી. તે રડવા લાગ્યાં. પછી તેમને બીજી વાત કરી, તો તેઓ હસવા લાગ્યાં. જયારે જનાબે રસૂલે મકબૂલ(સ.)નો ઈન્તેકાલ થઈ ગયો તો મેં તેમને પોતાના રડવાનું અને હસવાનું કારણ પૂછ્યું તો જનાબે ફાતેમા(અ.) ફરમાવવા લાગ્યાં કે હઝરત (સ.)એ મને પોતાના અવસાનની વાત કરી તો હું રડવા લાગી ત્યાર પછી હઝરત(સ.)એ મને ખબર આપી કે હું મરીયમ બિન્તે ઈમરાન સિવાય બધી જ જન્નતની સ્ત્રીઓની સરદાર છું. આથી હસી હું પડી.

અબુ હુરયરા અને અબુ અલ દરદાઅ (રઝી.)થી રિવાયત છે કે જનાબે ખત્મુલ મુર્સલીન(અ.)એ ફરમાવ્યું છે કે ફાતેમા મરીયમ બિન્તે ઈમરાન સિવાય બધા જગતોની સ્ત્રીઓની સરદાર છે.

જનાબે ઉમ્મુલ મોમિનીન આઈશા સિદ્દીકા (રઝી.) રિવાયત કરે છે કે અમે જનાબે રસૂલિલ્લાહ(સ.)ની બધી બીબીઓ આપની પાસે મોજુદ હતાં એટલામાં જનાબે ફાતેમા(અ.) તશરીફ લાવ્યાં. તેમની રફતાર (ચાલવાની રીત) આં હઝરત(સ.)ની રફતારથી છુપાયેલી ન હતી અર્થાત આં હઝરત(સ.)ની ચાલને બિલકુલ મળતી આવતી હતી.

જ્યારે હુઝૂર(સ.)એ તેમને જોયાં તો મરહબા અય બેટી ! એવું કહીને પોકાર્યાં. પછી તેમની સાથે કાનમાં વાત કરી. તેઓ ખૂબ રડ્યાં. જ્યારે હુઝૂર (સ.)એ તેમના ગમ અને દુઃખને જોયું તો બીજી વખત તેમની સાથે કાનમાં વાત કરી તો હસી પડ્યાં. જ્યારે હુઝૂર(સ.) ઊભા થઈને તશરીફ લઈ ગયા તો જનાબે આઈશા કહે છે કે મેં જનાબે ફાતેમા(અ.)ને પૂછ્યું કે હુઝૂર(સ.)એ આપને કાનમાં શું વાત કરી હતી ? જનાબે ફાતેમા(અ.)એ કહ્યું, હું કદી પણ રસૂલિલ્લાહ (સ.)ના રાઝને ખુલ્લું નહીં કરું. જ્યારે હુઝૂર(સ.) આ દુનિયાથી રહેલત ફરમાવી ગયા તો મેં જનાબે ફાતેમા(અ.)ને કહ્યું, હું તમને મારા હકની કે જે તમારા ઉપર છે, કસમ આપીને પૂછું છું કે મને એ રાઝ બતાવો. જનાબે ફાતેમા(અ.)એ ફરમાવ્યું, હવે જો કે આં હઝરત(સ.) ઈન્તેકાલ ફરમાવી ચૂક્યા છે તો હવે હું તેને બયાન કરું છું.

જ્યારે પહેલી વખત હુઝૂર(સ.)એ મારા કાનમાં વાત કરી કે દર વર્ષે જિબ્રઈલ એક વખત કુરઆને મજીદ મારી સમક્ષ લાવતા હતા આ વર્ષે બે વખત લાવ્યા છે, મારી રહેલત નજીક આવી ગઈ છે એના સિવાય મને બીજું કંઈ દેખાતું નથી તેથી તમે ખુદાથી ડરજો અને સબ્ર કરજો. હું તાર આગળ જનાર છું. જ્યારે હુઝૂર(સ.)એ મને રડતાં જોઈ તો ફરીથી મારા કાનમાં વાત કરીને ફરમાવ્યું, અય ફાતેમા ! શું તું એ બાબતથી રાજી નથી થતી કે તું બધા જ જન્નતવાસીઓની સરદાર બને અને બધી મોમિન સ્રીઓની પણ સરદાર બને ?


હોટલ : ૯૩૭૪૪૫૭૬૨૪
મો. : ૯૮૯૮૦૮૧૧૩૮

# હોટલ ડીસન્ટ એન્ડ બેકરી

**(શુધ્ધ શાકાહારી)**

મોહર્રમ તેમજ ધાર્મિક પ્રસંગે નિયાઝના ઓર્ડર વ્યાજબી ભાવે લેવામાં આવશે.

**અમારી બીજી કોઈ શાખા નથી.**

હોટલ તેમજ બેકરી વ્યવસાય સાથે ઈડરમાં વર્ષોથી જોડાયેલા અનુભવી (મહંમદભાઈ વાઘરોલવાળા)ના મેનેજમેન્ટ હેઠળ

*હોટલ ડીસન્ટ એન્ડ બેકરી આપની સેવામાં હાજર છે.*

સ્પે.ખારી
સ્પે.મીલ્ક ટોસ
સ્પે.નાન ખટાઇ
કેક
સ્પે. જીરા ટોસ
સ્પે.ખજૂરી ટોસ
ક્રિમરોલ

**બર્થ ડે તેમજ મેરેજ કેકનો આર્ડર એક દિવસ અગાઉ આપવો.**

**ઈડર-હિંમતનગર રોડ, જી.ઈ.બી.ની બાજુમાં, સહકારી જીન સામે, ઈડર (સા.કાં.)**

# નન્હે રોઝેદાર

**હિજરી સન ૧૪૩૨**



ઈરફાનાફાતેમા મુસ્તાકઅલી મોમિન
માતા : સૈયદા (દમણ)
ઉં.વ. ૨.૯ રોઝા : ૨



તાહેરાબાનુ અકબરઅલી મોમિન
માતા : સઈદાબાનુ (કઠોર)
ઉં.વ. ૩.૬ રોઝા : ૧



શાહેદાફાતેમા અસગરઅલી સુણસરા
માતા : હબીબાબેન (સેવાણી)
ઉં.વ. ૪ રોઝા : ૪



ઝયનુલહુસૈન આબિદઅલી મોમિન
માતા : સાકેરાબાનુ (કઠોર)
ઉં.વ. ૪ રોઝા : ૧



મોઈનહુસૈન અબ્બાસઅલી મોમિન
માતા : હુસૈનાબાનુ (કઠોર)
ઉં.વ. ૪ રોઝા : ૧




અનીસહુસૈન કાસિમઅલી મોમિન
માતા : નજમાબાન (કઠોર)
ઉં.વ. ૪ રોઝા : ૧




રિઝવાનહુસૈન
માતા : શહરબાનુ (કઠોર)
ઉં.વ. ૪ રોઝા : ૧




રિઝવાનહુસૈન
માતા : યાસ્મીનબાનુ (કઠોર)
ઉં.વ. ૪ રોઝા : ૧




મુસ્તાકઅલી શબ્બીરઅલી ભગત
માતા : આબેદાબેન(બાદરપુર-વડોદરા)
ઉં.વ. ૪ રોઝા : ૧



ગુલામઅબ્બાસ હસનઅબ્બાસ દાદાવાલા
માતા : આબેદાબેન (બાદરપુર)
ઉં.વ. ૪.૫ રોઝા : ૨




ઝાહિદઅલી એ. ભગત
માતા : જહાનુમા(દમણ)
ઉં.વ. ૪.૬ રોઝા : ૬



એહસાનઅલી મહંમદઅલી ચીડી
માતા : ફાતેમાબેન(કાકોશી-અમદા.)
ઉં.વ. ૫ રોઝા : ૧૫



તફસીરફાતેમા
માતા : રફીકાબાનુ (કઠોર)
ઉં.વ. ૫ રોઝા : ૧



મકબુલફાતેમા શબ્બીરઅલી ભટ્ટા
માતા : સુગરાબેન(ઈલોલ-હૈદરાબાદ)
ઉં.વ. ૬ રોઝા : ૨૯



ફઝલફાતેમા મહંમદઅલી વિજાપુરા
માતા : આબેદાબેન (જેઠીપુરા)
ઉં.વ. ૬ રોઝા : ૧૩



ઝયનબફાતેમા અબ્બાસઅલી અધારીયા
માતા : શબાનાબેન(વડુ)
ઉં.વ. ૬ રોઝા : ૭




સાલેહાફાતેમા
માતા : આબેદાબાનુ (કઠોર)
ઉં.વ. ૬ રોઝા : ૧



નુસરતફાતેમા ઈમદાદઅલી વિજાપુરા
માતા : હુસૈનાબેન (જેઠીપુરા)
ઉં.વ. ૬.૫ રોઝા : ૨૮



ફૈઝમોહંમદ જાફરઅલી વિજાપુરા
માતા : સાજેદાબેન(જેઠીપુરા-હૈદરાબાદ)
ઉં.વ. ૭ રોઝા : ૨૬




મોહંમદઅલી શબ્બીરઅલી ખણુશીયા
માતા : હુસૈનાબેન(કિશોરગઢ)
ઉં.વ. ૭ રોઝા : ૯



અહમદહુસૈન અકબરઅલી મસી
માતા : સુગરાબેન(ઈલોલ તલાવ)
ઉં.વ. ૭ રોઝા : ૭




ફિરોઝાફાતેમા રિયાઝહુસૈન મોમિન
(કઠોર)
ઉં.વ. ૭.૫ રોઝા : ૨૯



આસિફઅલી મીકદાદઅલી વિજાપુરા
માતા : સાકેરાબેન (જેઠીપુરા-ઝહીરાબાદ)
ઉં.વ. ૭.૫ રોઝા : ૬



અહમદઅબ્બાસ શબ્બીરઅલી રેવાસીયા
માતા : સાજેદાબેન (જેઠીપુરા)
ઉં.વ. ૭.૫ રોઝા : ૧



મોહસિનઅલી અહેસાનઅલી આગલોડીયા
માતા : ફરઝાનાબેન(રસુલપુર-ખે.)
ઉં.વ. ૭.૮ રોઝા : ૧૦


# નન્હે રોઝેદાર ❀ હિજરી સન-૧૪૩૨




અઝમતફાતેમા અકબરઅલી મોમિન
માતા : હુસૈનાબેન(શેખપુર)
ઉં.વ. ૮ રોઝા : ૨૯



હુસૈના અસગરઅલી સુણસરા
માતા : હબીબાબાનુ(સેવાણી)
ઉં.વ. ૮ રોઝા : ૨૪



શીરીનફાતેમા મહંમદઅલી ચીડી
માતા : ફાતેમાબેન(કાકોશી-અમદા.)
ઉં.વ. ૮ રોઝા : ૨૪




મેઅરાજફાતેમા એ. ભગત
માતા : જહાનુમા(દમણ)
ઉં.વ. ૮ રોઝા : ૨૦



એહમદઅબ્બાસ અકબરઅલી માંકણોજીયા
માતા : નજમાબેન(જેઠીપુરા)
ઉં.વ. ૮ રોઝા : ૧૦



શહરબાનુ અબ્બાસઅલી મોમિન
માતા : હુસૈનાબાનુ (કઠોર)
ઉં.વ. ૮ રોઝા : ૧



મેઅરાજફાતેમા ગુલામહુસૈન મોમિન
માતા : સલમાબાનુ ( - )
ઉં.વ. ૮.૧૧ રોઝા : ૨૯




અહેમદઅબ્બાસ મહંમદઅલી નાંદોલીયા
માતા : કૌસરબહેન (મુંબઈ)
ઉં.વ. ૯ રોઝા : ૨૯




આબિદઅલી ઈબ્રાહીમભાઈ ભોવણીયા
(ઈલોલ પહાડીયા)
ઉં.વ. ૯ રોઝા : ૨૯



હસનઅબ્બાસ તાહેરઅલી વિજાપુરા
માતા : શીરીનબેન(જેઠીપુરા)
ઉં.વ. ૯ રોઝા : ૨૯




મોહંમદહુસૈન આબિદઅલી રાજપુરા
(કિશોરગઢ)
ઉં.વ. ૯ રોઝા : ૨૬



શેરઅલી હસનઅબ્બાસ મતિયા
માતા : હમેદાબેન(ઈલોલ-અમદા.)
ઉં.વ. ૯ રોઝા : ૨૩



તાહેરાફાતેમા વજીરઅલી વિજાપુરા
માતા : હુસૈનાબેન(જેઠીપુરા-દમણ)
ઉં.વ. ૯ રોઝા : ૮



મુખ્તારઅલી મકબૂલઅલી નાંદોલીયા
માતા : શેરબાનુ(વાઘરોલ)
ઉં.વ. ૯.૨ રોઝા : ૧૨



મંજુરફાતેમા હૈદરઅલી
માતા : ઝોહરાબેન(કિશોરગઢ-હૈદરાબાદ)
ઉં.વ. ૧૦ રોઝા : ૨૯



અહેમદઅબ્બાસ મહંમદઅલી ભટ્ટ
માતા : હુસૈનાબેન(જેઠીપુરા)
ઉં.વ. ૧૦ રોઝા : ૨૯




નુસરતફાતેમા મહંમદઅલી વિજાપુરા
માતા : આબેદાબેન(જેઠીપુરા)
ઉં.વ. ૧૦ રોઝા : ૨૩



ઈમદાદઅલી શબ્બીરભાઈ સુણસરા
માતા : કુલસુમબહેન (મુંબઈ)
ઉં.વ. ૧૧ રોઝા : ૨૯



મુસ્તાકઅલી હસનઅલી મોમિન
માતા : સમીરાબાનુ (કઠોર)
ઉં.વ. ૧૧ રોઝા : ૨૯



મોહસિનઅલી ગુલામઅબ્બાસ દાંત્રેલિયા
માતા : હકીમાબાનુ (જેઠીપુરા)
ઉં.વ. ૧૧ રોઝા : ૨૯



મંજુરફાતેમા શબ્બીરઅલી ભટ્ટા
માતા : સુગરાબેન(ઈલોલ પ.)
ઉં.વ. ૧૧ રોઝા : ૨૯




અમીરઅબ્બાસ અસગરઅલી અધારીયા
માતા : ફાતમાબેન(વડુ)
ઉં.વ. ૧૩ રોઝા : ૨૦



અહેસાનઅલી લિયાકતઅલી મોમિન
માતા : શબાનાબાનુ (કઠોર)
ઉં.વ. ૧૪ રોઝા : ૨૯



રહેમતફાતેમા મંજૂરઅલી સુણસરા
(બાદરગઢ-મુંબઈ)
ઉં.વ. ૮ રોઝા : ૨૯



મેઅરાજહુસૈન મંજૂરઅલી સુણસરા
(બાદરગઢ-મુંબઈ)
ઉં.વ. ૧૦ રોઝા : ૨૯

# તૌહીદ

લેખન

મોલ્વી અકબરઅલી મીચાંજી સુણસરા (ભાંગરોડીયા)

(ગતાંકનું ચાલુ)

પછી રસૂલે ખુદા(સ.) બીજા સમૂહને ફરમાવવા લાગ્યા કે તમે અમને બતાવો કે જ્યારે તમે ખુદાની ઈબાદત કરવાવાળાઓની આકૃતિની પૂજા કરો છો અને તેમને સિજદો કરો છો અને પોતાના મહાન ચહેરાને તેમને સિજદા કરવા માટે ધૂળ ઉપર મૂકો છો તો તમે પરવરદિગારે આલમીન માટે કોઈ વસ્તુ બાકી રાખો છો ? આ વાત તમે જાણો છો કે જેની તા'ઝીમ અને ઈબાદત જરૂરી હોય તે એનો હકદાર છે કે તેને તેના બંદા બરાબર ન ગણવામાં આવે ? જુઓ ત્યારે કોઈ મહાન મરતબાવાળા રાજાની તા'ઝીમ તેના કોઈ ગુલામ જેટલી કરવામાં આવે તો તેમાં તે બાદશાહનો તિરસ્કાર થશે અથવા એમ કહેવામાં જેટલો નાનામાં નાની તા'ઝીમમાં વધારો કરવામાં આવશે તેટલી જ મોટાના માનમાં કમી થશે. એમણે અરજ કરી કે હા. બેશક એમ જ થશે.

હઝરત(સ.)એ ફરમાવ્યું, તો શું તમે એટલું પણ સમજતા નથી કે જ્યારે તમે જેવી રીતે ખુદાના તાબેદાર ને ફરમાબરદાર બંદાઓની તા'ઝીમ કરો છો, એવી જ રીતે ખુદાની તા'ઝીમ કરો છો તેમાં તો તમે ખુદાનું અપમાન કરો છો. હઝરતના આ શબ્દો સાંભળીને તેઓ ચૂપ થઈ ગયા. ફક્ત એટલું જ કહ્યું કે અમે આમાં વિચારીશું.

પછી હઝરત રસૂલે ખુદા(સ.)એ ત્રીજા સમૂહને ફરમાવ્યું કે તમે અમારા માટે દષ્ટાંત આપ્યું અને અમને તમારા જેવા ગણ્યા. જ્યારે અમે અને તમે આ બાબતમાં સરખા નથી. અમે ખુદાના બંદા અને તેની સર્જેલી વસ્તુઓ છીએ, તેણે અમને ઉછેર્યા છે, અમારા માટે યોગ્ય છે કે જે કામ કરવાનો હુકમ આપે તે અમે કરીએ છીએ અને જે વાતથી રોકે તે વાતથી દૂર રહીએ અને જે રીતે તે અમારાથી પોતાની ઈબાદત કરાવવા ઈચ્છે એ જ પ્રમાણે તેની ઈબાદત કરીએ, જ્યારે તે અમને કોઈ પ્રકારનો હુકમ આપે તો તેમાં તેની તાબેદારી કરીએ, તેના સિવાય બીજી કોઈ રીતે અપાવીએ નહીં કારણ કે અમને શું ખબર કે કદાચ તે પહેલું જ કામ અમારાથી કરાવવાનું ઈચ્છતો હોય ? અને બીજાને પસંદ કરતો ન હોય; અને તેણે અમને પોતાના હુકમથી આગળ વધી જવા માટે રોક્યા છે.

જ્યારે તેણે અમને કા'બા તરફ મોઢું કરવાનો હુકમ આપ્યો, તો અમે તેની તાબેદારી કરી. તે પછી હુકમ ફરમાવ્યો કે જે શહેરમાં તમે હો ત્યાંથી જ તમે તેની તરફ મોઢું કરીને ઈબાદત કરી લો. અમે એ હુકમમાં પણ તેની તાબેદારી કરી. તેથી અમે કોઈ પણ હાલતમાં તેની તાબેદારીથી બહાર ગયા નથી. અલ્લાહ તઆલાએ જ્યારે તમને આદમ(અ.)ને સિજદો કરવાનો હુકમ આપ્યો તો તેની આકૃતિને (કે જેને આજે તમે સિજદો કરો છો) જે તેના સિવાય બીજી એક અજાણી વસ્તુ છે, તેને સિજદો કરવાનો હુકમ આપ્યો ન હતો, તેથી તમને એ યોગ્ય નથી કે તમે તેને તેના જેવી કલ્પી લો કારણ કે તમે જાણો છો કે જ્યારે તમે તે કામ કરો કે જેના માટે તેણે તમને હુકમ આપ્યો નથી, તો કદાચ તેને પસંદ ન પણ હોય.

પછી ઈરશાદ ફરમાવ્યો કે જો કોઈ માણસ કોઈ દિવસ તમને પોતાના ઘરમાં દાખલ થવાની રજા આપે તો શું તે પછી કદી તેની રજા વગર તેના ઘરમાં દાખલ થવાનો તમને અધિકાર રહેશે ખરો ? તેના કોઈ બીજા ઘરમાં તેની રજા વગર દાખલ થઈ શકો ખરા ? અથવા એ કે કોઈ માણસ પોતાનું કાપડ અથવા એક ગુલામ અથવા એક સવારી તમને ભેટ આપે. હવે તમને તેને જ લેવાનો અધિકાર હશે

અથવા તે વસ્તુ ન લો તો તેવી જ બીજી કોઈ વસ્તુને લઈ લો ખરા ?

એમણે અરજ કરી કે ના, કારણ કે તેણે જેવી રીતે પહેલી વસ્તુને લેવાની અમને રજા આપી છે તેવી રીતે બીજી માટે આપી નથી. ફરમાવ્યું, હવે તમે બતાવો કે શું અલ્લાહ તે વાતનો વધારે હકદાર છે કે તેના રાજ્યમાં તેની રજા વગર આગળ વધવામાં ન આવે, તેના કેટલાક બંદાઓ કે જેમના વિષે હમણાં તમે કબૂલ કરી ચૂક્યા છો. એમણે જવાબ આપ્યો કે નહીં. અલ્લાહ પોતે જ તે વાતનો હકદાર છે કે તેના રાજ્યમાં તેની રજા વગર દાખલ થવામાં ન આવે.

હઝરતે ફરમાવ્યું, તો પછી તમે એવું કેમ કર્યું? અને તેણે ક્યારે તમને હુકમ આપ્યો છે કે એ આકૃતિ વડે મારી ઈબાદત કરો ? એ વાતનો તેઓ કાંઈ જવાબ આપી શક્યા નહીં અને એમ કહીને ચૂપ થઈ ગયા કે અમે પોતાના વિષે વિચાર કરીશું. (ક્રમશઃ)


પ્રો. જી. કે. સુણસરા
(સેવાણીવાળા)

**બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ**

● રેડીમેડ ●
* જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ * કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ * નાઈટ ડ્રેસ વિગેરે.

● ક્લોથ ●
શુટીંગ તથા શર્ટીંગ

● ટેલર્સ ●
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦



*બીજા વર્ષમાં શુભ પ્રવેશ*

કટલરી સ્ટોર્સ ચલાવતા મોમિન ભાઈઓને જણાવતાં આનંદ અનુભવીએ છીએ કે આપના સાથ અને સહકારથી એક વર્ષ પૂરું કરી બીજા વર્ષમાં સફળ પ્રવેશ કરી રહ્યા છીએ. પ્રત્યક્ષ અથવા પરોક્ષ સાથ-સહકાર આપનાર મોમિન ભાઈઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

**યાદગાર હોજીયરી એન્ડ કટલરી સ્ટોર્સ તથા સહયોગ ફુટવેર**

**અમદાવાદ (વાઘરોલવાળા)**

ઠેકાણું : બગડીયા માર્કેટ, પહેલો માળ, સન્માન રેસ્ટોરન્ટની બાજુમાં, જુમ્આ મસ્જિદની સામે, ગાંધીરોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

**યાદગાર હોજીયરી એન્ડ કટલરી સ્ટોર્સ**

આબિદઅલી વી. મુખી – ૯૯૭૯૦૮૮૦૧૮
શબ્બીરભાઈ – ૯૪૨૬૪૩૪૩૯૭
દુકાન – ૯૦૩૩૧૨૭૪૪૦

અમારે ત્યાં કિફાયતી ભાવે હોલસેલમાં નાઈટ પેન્ટ, ટી શર્ટ, કેપરી, હાથ રૂમાલ, ટુવાલ, લુંગી, અંડરવેર, બનિયાન, ગમછા તથા 12W, 24W, D.C. પંખા, પાના પક્કડ સેટ, ગાડી બ્રશ, વગેરે મળશે.

**સહયોગ ફુટવેર**

કાસિમઅલી – ૯૪૨૭૬૭૯૮૬૪
મહંમદભાઈ – ૯૯૭૯૪૦૧૯૯૩

અમારે ત્યાં કિફાયતી ભાવે હોલસેલમાં કાનપુરની ફેન્સી ચપ્પલ, સેન્ડલ અને પાન ગલ્લા પર ચાલતી સસ્તા ભાવની વિવિધ વેરાઈટી મળશે.

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### નફ્સ

(ગતાંકનું ચાલુ)

**(૩) નફ્સે મુત્મઈન્ના :**

- અલ્લાહે આપણને સારું શું છે અને ખરાબ શું છે તે પારખવાની વિવેક બુધ્ધિ આપેલી છે. તદ્‌ઉપરાંત અલ્લાહે દરેક કોમ માટે એક માર્ગદર્શક - હાદીને મોકલ્યો છે કે જે આપણને અલ્લાહ તરફનો માર્ગ બતાવે કે જેથી કયામતના દિવસે લોકો એવો દાવો કરી ન શકે કે અમે આ બાબત જાણતા ન હતા. આપણે તો માત્ર એટલું જ કરવાનું છે કે આપણે કયો રસ્તો અનુસરવાનો છે.
- અલ્લાહ તઆલા સૂરએ યૂનુસ, આયત-૪૭માં ફરમાવે છે :

**'અને દરેક ઉમ્મત (પ્રજા) માટે એકેકો રસૂલ (થઈ ગયો) છે, પછી જયારે (કયામતના દિવસે) તેમનો પયગમ્બર (પોતાની ઉમ્મત સાથે અમારી હજૂરમાં) હાજર થશે ત્યારે તેમની વચ્ચે ન્યાયસર નિરાકરણ કરવામાં આવશે અને તેમના ઉપર (મુદ્દલ) જુલમ કરવામાં આવશે નહીં.'**

- સારા અને ખરાબ વચ્ચેની આ સરળ પસંદગીને માત્ર મુશ્કેલ જ બનાવવામાં આવી છે કારણ કે આપણે સહેલાઈથી ભૂલી જઈએ છીએ. આપણે હંમેશાં વર્તમાનનો જ વિચાર કરીએ છીએ અને ભવિષ્યને જાતે જ વર્ગીકરણ કરવા માટે છોડી દઈએ છીએ.
- જયારે આપણે કોઈ હરામ કાર્ય કરીએ છીએ તો તેનો બદલો તત્કાળ (મળતો) હોય છે દા.ત. જયારે આપણે ચોરી કરીએ છીએ તો માલ સામાન આપણને તાત્કાલિક મળે છે, જયારે આપણે સત્તા પ્રાપ્ત કરીએ છીએ તો તરત જ બીજાઓ ઉપર અંકુશ મેળવી શકીએ છીએ.
- એનાથી ઉલ્ટું જયારે આપણે કાંઈક સારું કાર્ય કરીએ છીએ તો તેનાં વળતર આપણને તત્કાળ મળતાં નથી, પાછળથી મળે છે. દા.ત. જયારે આપણે પરીક્ષા માટે અભ્યાસ કરીએ છીએ તો તેનો બદલો પરીક્ષા પૂરી થયા પછી જોવા મળે છે અને પછી જ પરિણામો બતાવાય છે. જમીનમાં રોપવામાં આવેલ બીજનું ફળ આપણે ચાખી શકીએ તે પહેલાં તેને પુખ્ત બનતાં વર્ષોનો સમય લાગે છે.
- બસ એવી જ રીતે આપણા કાર્યોમાંના પ્રત્યેક કાર્ય માટે આપણા જીવનમાં આખેરત દરમિયાન તાત્કાલિક પ્રતિક્રિયા થતી હોય છે. કોઈ પણ કાર્ય આપણે કરીએ તે નકામું જતું નથી, જો કે તેની અસરો સીધે સીધી આપણને દેખાતી નથી.
- માત્ર કોઈક જ એવો અજ્ઞાની અને પરલોકની જિંદગીની જરા પણ દરકાર ન કરનારો હશે કે જેની પસંદગી એવી હશે કે જે તેને તાત્કાલિક ફાયદો પહોંચાડે.
- ઈમામ અલી મુર્તઝા(અ.)નું વાક્ય છે :

**'જે કોઈ મૃત્યુ પામે છે, તે મને જુએ છે પછી ભલેને તે મોમિન હોય કે કાફિર હોય.'**

- જો આપણે મોમિન હોઈશું તો ઈમામનો દીદાર કરીને ખુશ થઈ જઈશું. પરંતુ જો આપણે કાફિર હોઈશું તો જયારે આપણે તેમને જોઈશું ત્યારે

દુઃખી થઈ જઈશું.

- જ્યારે મોતનો ફરિશ્તો (મલેકુલ મૌત) આવે છે ત્યારે તે આપણને (ખાસ કરીને જો આપણું આ'માલનામુ સારાં કાર્યોવાળુ હશે તો) ચિંતા નહીં કરવાનું કહેશે. ત્યાર પછી તે કહેશે :

**'અલ્લાહ કસમ, હું તમારા પિતાના કરતાં ય વધારે દયાળુ છું, હવે તમારી આંખો ખોલો અને જુઓ.'**

- પછી આપણાં દિવ્ય ચક્ષુઓ (આધ્યાત્મિક આંખો) ખુલશે અને આપણને નીચે મુજબનો સાદ સંભળાશે. :

يَاأَيَّتُهَا النَّفْسُ الْمُطْمَئِنَّةُ ﴿٢٧﴾ ارْجِعِي إِلَىٰ رَبِّكِ رَاضِيَةً مَّرْضِيَّةً ﴿٢٨﴾ فَادْخُلِي فِي عِبَادِي ﴿٢٩﴾ وَادْخُلِي جَنَّتِي ﴿٣٠﴾

**'અય નફસે મુત્મઈન્ના ! (હે શાંતિધારી આત્મા) તું તારા પરવરદિગાર તરફ પાછો ફર એવી સ્થિતિમાં કે તું તેનાથી રાજી હોય અને તે તારાથી (રાજી હોય); માટે તું મારા ખાસ બંદાઓમાં દાખલ થઈ જા : અને મારી જન્નતમાં ચાલ્યો આવ.'**

(સૂરતુલ ફજ, આયત-૨૭ થી ૩૦)

- એ વખતે જો આપણે આખી જિંદગી સુધી આપણા નફસને હિદાયત લેવા દીધી હશે તો પછી અલ્લાહ તરફથી આપણા શાંતિધારી આત્માને સીધે સીધું સંબોધન થશે (જેવું કે ઉપરની આયતમાં થયેલ છે.)
- આવી રૂહને અલ્લાહના વચનમાં અને આ દુનિયામાં તેણે જે રીતે પસંદગીઓ કરી હશે તે બન્નેમાં તેને વિશ્વાસ હોય છે. તે દુનિયાના અતિરેકો અને પીડાનાં કારણોથી સજાગ હતો પરંતુ તેને અલ્લાહની રહેમતમાં ઈમાન હતું.
- આ રીતે સાચો મોમિન કોઈ પણ જાતના દુઃખ વગર અને કોઈ પણ જાતની ચિંતા વગર આ દુનિયા છોડે છે અને અલ્લાહ તેને જ્યારે તે ઈચ્છે ત્યારે મોત આપે છે જેથી કરીને તે અલ્લાહના રસૂલ(સ.) સુધી પહોંચી શકે. *

## ઈલ્મ પ્રાપ્તિ

આ દુનિયામાંની કોઈ પણ કોમે જીવંત રહેવા અને આગળ વધવા માટે તે કોમના લોકોએ ઈલ્મ ધરાવવું જ પડે છે.

- ઈલ્મ પ્રાપ્ત કરવું તે કંઈ માત્ર પોપટની માફક શીખવું નથી પરંતુ આપણે જે કંઈ શીખ્યા હોઈએ તેને સમજવું અને તેના ઉપર અમલ કરવો તે છે અને ત્યાર પછી તેને બીજાને શીખવવું જેથી તેનાથી બીજાઓ પણ ફાયદો મેળવે.
- હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે દરેક મુસલમાન પુરૂષે અને સ્ત્રીએ ઈલ્મ પ્રાપ્ત કરવું જ જોઈએ.

એક વાર જ્યારે હઝરત રસૂલે પાક(સ.) મસ્જિદમાં દાખલ થયા તો ત્યાં લોકોનાં બે જૂથ બેઠેલાં હતાં. એક જૂથ નમાઝ પઢવામાં વ્યસ્ત હતું જ્યારે બીજું જૂથ ધાર્મિક મુદ્દાઓની ચર્ચા કરી રહ્યું હતું.

રસૂલિલ્લાહ(સ.) ખુશ થઈ ગયા અને

**બહ્રો હદા નિય્યત જુફતો ઝૌજ નીસ્ત**
**ગૌહરો માહીયતશ ગૈરે મૌજ નીસ્ત -મૌલાના રૂમ**

(માત્ર એક જ નિય્યતનો સમુદ્ર છે. યુગલ અને જોડી કોઈ વિસાતમાં નથી. તેની હકીકત અને વાસ્તવિકતા મોજાંઓથી અલગ નથી.)

## શબ્દ પરિચય

### આમીન

**આમીન** (آمین) : અરબી ભાષાનો શબ્દ છે. તેનો અર્થ થાય (૧) અય અલ્લાહ ! એવું થજો, ખુદા દુઆ કબૂલ કરે, તથાસ્તુ. **આમીન પઢના:** કુરાન ખતમ થવાના પ્રસંગે દુઆ પઢવી. **આમીન આમીન :** આમીનનું પુનરાવર્તન, આમીનનું રટણ. **આમીન આમીન હોના :** (૧) ખૂબ શાંતિ હોવી (૨) ખુશી મનાવવી (૩) ઈચ્છા પૂરી થવી. **આમીન અલ્લાહ :** ખુદા એવું કરે, ખુદા કબૂલ કરે, ખુદાનું શરણ. **સુમ્મા આમીન :** ફરીથી, પુન:આમીન **આમીન કહેના :** (૧) દુઆ પછી 'ખુદા કબૂલ કરે' એવું કહેવું. (૨) કબૂલ કરે, માન્ય રાખે (૩) હા-જી હા કહેવું. **આમીન કહેનેવાલે :** હા જી હા કહેનારા, ખુશામતખોર, ખુશામતીયા. ✻

ફરમાવ્યું કે બન્ને જૂથો કંઈક સારું કરી રહ્યાં છે પરંતુ આપે એ જૂથને પ્રથમ પસંદગી આપી કે જે ચર્ચા કરવામાં વ્યસ્ત હતું. આટલું કહીને આપ ત્યાં ગયા અને તે જૂથની સાથે જોડાઈ ગયા.

ઉપરના પ્રસંગનો અર્થ એવો થતો નથી કે નમાઝ અગત્યની નથી કેમકે રસૂલે પાક(સ.) તો બન્ને જૂથોને જોઈને ખુશ થઈ ગયા હતા. જે જૂથના લોકો નમાઝ પઢી રહ્યા હતા તે સુન્નત નમાઝો પઢી રહ્યા હતા, વાજિબ નહીં.

જે ઈલ્મ આપણે મેળવવાનું છે તે ધાર્મિક અને શૈક્ષણિક હોવું જોઈએ. એ બન્ને કરવું શક્ય છે કેમકે આપણે શાના માટે શક્તિમાન છીએ તે અલ્લાહે આપણને જણાવી દીધું છે.

જો આપણા ધર્મના ઈલ્મમાં વધારો થશે તો આપણે અલ્લાહની વધારે નજદીકી પ્રાપ્ત કરીશું કારણ કે આપણે શું કરી રહ્યા છીએ અને શા માટે કરી રહ્યા છીએ તે બાબતમાં ખૂબ સમજી જઈશું.

આપણને એવું કહેવામાં આવ્યું છે કે જો બે માણસો એક સરખી નમાઝ પઢી રહ્યા હોય, એક સમજી બુઝીને અને બીજો સમજ્યા વગર, તો જે સમજી બુઝીને પઢનાર હશે તેને વધારે સવાબ મળશે.

કયામતના દિવસે આપણે જીવનમાં જે કંઈ ખોટું કર્યું હોય તે અંગે જો પ્રશ્ન પૂછવામાં આવે તો આપણે એવું કહેવા શક્તિમાન નહીં બનીએ કે અમે જાણતા નથી. આપણી પાસે કોઈ બહાનું નથી. આપણે પુષ્કળ પુસ્તકો વાંચી શકીએ છીએ અને ઘણા બધા લોકોને આપણે પૂછી શકીએ છીએ. ✻

## નુસ્ખા

### કરમ / કરમીયા

✻ થોડા ગરમ પાણીમાં સોપારીનો ભૂકો નાખીને દિવસમાં ત્રણ ચાર વાર લેવાથી કરમ મટે છે.
✻ તુલસીનાં પાનનો રસ પીવાથી કરમ મટી જાય છે.
✻ ફુદીનાનો રસ પીવાથી કરમ મટે છે.
✻ દરરોજ લસણ ખાવાથી કરમ મટે છે.
✻ સૂંઠ અને વાવડીંગનું ચૂર્ણ મધમાં લેવાથી કરમ મટે છે.
✻ કાંદાનો રસ પીવાથી કરમ મટે છે.
✻ ટામેટાના રસમાં હિંગનો વઘાર કરીને પીવાથી કરમ મટે છે.
✻ પા ચમચી અજમા સાથે એક ચમચી આદુનો રસ સવારે અને રાત્રે લેવાથી કરમ મટે છે.
✻ અનાનસ અથવા સંતરાં ખાવાથી કરમ મટે છે.
✻ એક મુઠ્ઠી જેટલા ચણા રાત્રે પલાળી રાખીને સવારે નરણે કોઠે આ ચણા ખાવાથી કરમ મટે છે.

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાનો નવીન સંકલ્પ

# શૈક્ષણિક કારકિર્દી ઘડતર કાર્યક્રમ

Educational Career Buildup Programme (ECBP)

## વર્ષ ૨૦૧૧-૧૨ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ

રૂા. ૨૦,૦૦૦/- મો.હસનભાઈ દાઉદભાઈ ભટ્ટ(જેઠીપુરા) તરફથી
રૂા.૧૫,૪૨૦/- હોટલ પેરેમાઉન્ટ(હિંમતનગર) તરફથી
રૂા.૧૦,૦૦૦/- મો.ગુલામઅબ્બાસ નુરભાઈ થાવરા (ઈલોલ તલાવ) તરફથી મર્હૂમ નુરભાઈ વજીરભાઈ થાવરાની રૂહના સવાબ અર્થે.
રૂા.૫,૪૪૦/- મો.મંજૂરઅલી યુસુફભાઈ પટેલ(ઈલોલ તલાવ) તરફથી
રૂા.૫,૪૪૦/- મો.નૂરમહંમદ વજીરભાઈ કાયલા (ઈલોલ તલાવ)તરફથી
રૂા.૫,૦૦૦/- મો.કમાલભાઈ જમાલભાઈ આગલોડીયા (પીંપોદર) તરફથી
રૂા.૫,૦૦૦/- મો.ગુલામભાઈ ઈબ્રાહીમભાઈ ખરોડીયા (પીંપોદર) તરફથી
રૂા.૫,૦૦૦/- મો.અકબરઅલી ઈસ્માઈલભાઈ ખરોડીયા (પીંપોદર) તરફથી
રૂા.૫,૦૦૦/- મો.મીકદાદઅલી શરીફભાઈ આગલોડીયા (પીંપોદર) તરફથી
રૂા.૨,૦૦૦/- મો.ગુલામહુસૈન હાસમભાઈ વેપારી(ઈલોલ તલાવ) તરફથી તેમના પિતાશ્રી હાસમભાઈ તથા માતુશ્રી મર્હૂમા નૂરીબેનની રૂહના સવાબ અર્થે.
રૂા.૨,૦૦૦/- મો.મોલ્વી ગુલામહુસૈન અમદાભાઈ સલેમા (હરિપુરા) તરફથી
રૂા.૨,૦૦૦/- મો.ગુલામહૈદર યુસુફભાઈ દેધરોટીયા (કનાઈ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.ગુલામમહંમદ હાસમભાઈ વેપારી (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.નૂરઅલી શરીફભાઈ ભટ્ટા (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ અમદાભાઈ વિજાપુરા (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.શબ્બીરઅલી શરીફભાઈ કોવડીયા (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.યાકુબભાઈ ગુલામભાઈ મસી (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.નૂરઅલી રોશનભાઈ લોઢા (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.નજરમહંમદ અબ્બાસભાઈ વેપારી (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.ઈમ્તિયાઝઅલી જીવાભાઈ વાઘ (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.ગુલામમહંમદ સુલેમાનભાઈ નુરભાણેજ (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.કમરઅલી શરીફભાઈ મેમાયા (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.યુસુફભાઈ સુલેમાનભાઈ ખણુશીયા (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.ગુલામહૈદર હસનભાઈ હજુર (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.નૂરીબેન નૂરમહંમદ વાઘ (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.શબ્બીરઅલી કાસમભાઈ વેપારી (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.ગુલામહૈદર વલીભાઈ ભગત (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.મોલ્વી હસનઅલી વલીભાઈ આગલોડીયા (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.નસીરૂદ્દીન ઈબ્રાહીમભાઈ સાવદી (ઈલોલ તલાવ) તરફથી

રૂા.૧,૦૦૦/- મો.ગુલામમોહંમદ જીવાભાઈ બાદરપુર (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.હબીબભાઈ દાઉદભાઈ ખણુશીયા (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.કુલસુમબેન યાકુબભાઈ મસી (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.ઈબ્રાહીમભાઈ નશીરભાઈ ડોડીયા (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.યુસુફભાઈ દાઉદભાઈ ગોદડ (હરિપુરા) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.ગુલામહુસૈન દાઉદભાઈ મસી (કનાઈ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.યાકુબભાઈ નસીરભાઈ રાજપુરા (કનાઈ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.ગુલામહૈદર અમદાભાઈ દેધરોટીયા (કનાઈ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.બંદએ ખુદા (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.બંદએ ખુદા (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.બંદએ ખુદા (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.મર્હૂમ જમાલભાઈ ઈબ્રાહીમભાઈ દાંત્રેલિયા(ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે.
રૂા.૧,૦૦૦/- મો.ગુલામઅલી જમાલભાઈ દાંત્રેલિયા(ઈલોલ તલાવ)ના માતુશ્રી મરીયમબેન તરફથી.
રૂા.૧,૦૦૦/- મો.શબ્બીરઅલી દાઉદભાઈ ભટ્ટ(પીંપોદર) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.દાઉદભાઈ અમદાભાઈ ભટ્ટ (પીંપોદર) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.મર્હૂમ ઈબ્રાહીમભાઈ નશીરભાઈ દાંત્રેલિયા (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે.
રૂા.૧,૦૦૦/- મો.શબ્બીરઅલી જલાલભાઈ બાદરપુર (ઈલોલ તલાવ) તરફથી
રૂા.૫૦૦/- મો.સાજીદઅલી ઈસ્માઈલભાઈ બાદરપુર (હરિપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.ગુલામઅબ્બાસ વલીહુસૈન ભટ્ટ (પીંપોદર) તરફથી

**બે વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ**

રૂા. ૧,૦૦૦/- મો.કાસમભાઈ સુલેમાનભાઈ બાદરપુરા (હરિપુરા) તરફથી

**ત્રણ વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ**

રૂા. ૫,૦૦૦/- મો.રોશનઅલી ગુલામભાઈ હોલ્ડા (ઈલોલ તલાવ) તરફથી મર્હૂમ ગુલામભાઈ યુ.હોલ્ડાની રૂહના સવાબ અર્થે.
રૂા. ૫,૦૦૦/- મો.અબ્બાસભાઈ ઈબ્રાહીમભાઈ લોઢા (ઈલોલ તલાવ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.નજરઅલી અબ્બાસભાઈ દાંત્રેલિયા (ઈલોલ તલાવ) તરફથી

**પાંચ વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ**

રૂા. ૫,૦૦૦/- મો.કાઝિમઅલી દાઉદભાઈ હોલ્ડા (ઈલોલ તલાવ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.મહંમદહુસૈન દાઉદભાઈ નુરભાણેજ (ઈલોલ તલાવ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.અબ્બાસભાઈ ગુલામભાઈ મસી (ઈલોલ તલાવ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.ગુલામઅબ્બાસ વલીભાઈ શેખ (પીંપોદર) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.અબ્બાસભાઈ યુસુફભાઈ મતાદાર (પીંપોદર) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.મંજૂરભાઈ નશીરભાઈ ખરોડીયા (પીંપોદર) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.ગુલામભાઈ ખાંનજીભાઈ ભટ્ટ (પીંપોદર) તરફથી
રૂા. ૫૦૦/- મો.ગુલામભાઈ યુસુફભાઈ મતાદાર (પીંપોદર) તરફથી

રૂા. ૫૦૦/- મો.હૈદરઅલી હબીબભાઈ ખરોડીયા (પીંપોદર) તરફથી
રૂા. ૫૦૦/- મો.હાસમભાઈ નુરભાઈ નુરભાણેજ (હરિપુરા) તરફથી

## દસ વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ

રૂા. ૫,૦૦૦/- મો.અબ્બાસઅલી શરીફભાઈ નુરભાણેજ (હરિપુરા) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો.આબિદઅલી ગુલામનબી સુ. નુરભાણેજ (હરિપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.ગુલામમોહંમદ શરીફભાઈ નુરભાણેજ (હરિપુરા) તરફથી
રૂા. ૧,૫૦૦/- મો.અકબરઅલી નસીરભાઈ નુરભાણેજ (હરિપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.ગુલામઅબ્બાસ ગુલામહુસૈન વી. લોઢા (હરિપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.તાહેરઅલી અલજીભાઈ લોઢા (હરિપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.મહંમદઅલી વલીભાઈ જેધવા (હરિપુરા) તરફથી
રૂા. ૫૦૦/- મો.હસનઅબ્બાસ ગુલામહુસૈન વી. લોઢા (હરિપુરા) તરફથી

## ECBPમાં જોડાયેલ આજીવન દાતાઓ

રૂા.૭,૦૦૦/- હોટલ આશિષ (હરિપુરાવાળા) તરફથી મર્હૂમ નશીરભાઈ ગુલામભાઈ મતાદારની રૂહના સવાબ અર્થે.
રૂા. ૫,૦૦૦/- મો.અકબરઅલી શરીફભાઈ વિજાપુરા (આગેવાન) (જેઠીપુરા) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો.નુરીબેન શરીફભાઈ હ. ગોદડ (હરિપુરા) તરફથી
રૂા. ૨,૫૦૦/- મો.ગુલામહુસૈન સુલેમાનભાઈ ખરોડીયા (જેઠીપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.ઈમદાદઅલી યાકુબભાઈ દેધરોટીયા (કનાઈ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.ફઝલેહુસૈન નસીરભાઈ ખણુશીયા (હરિપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.આબિદઅલી અબ્દુલભાઈ માણુશીયા (જેઠીપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.શબ્બીરઅલી અલીભાઈ નાથુભાઈ વિજાપુરા (જેઠીપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.ગુલામહુસૈન યુસુફભાઈ સુરપુરા (જેઠીપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.અકબરઅલી ઈબ્રાહીમભાઈ દાંત્રેલિયા (જેઠીપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.હૈદરઅલી ઈબ્રાહીમભાઈ ભટ્ટ (જેઠીપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.ગુલામનબી નુરભાઈ ભટ્ટ (જેઠીપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.અબ્બાસઅલી હાસમભાઈ મોટલા (ઈલોલ તલાવ) તરફથી
રૂા. ૫૦૦/- મો.લિયાકતઅલી હાસમભાઈ ખરોડીયા (જેઠીપુરા) તરફથી
રૂા. ૫૦૦/- મો.ગુલામઅબ્બાસ ગુલામહુસૈન દાંત્રેલિયા (જેઠીપુરા) તરફથી
રૂા. ૫૦૦/- મો.અનવરઅલી શરીફભાઈ સુરપુરા (જેઠીપુરા) તરફથી

**શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દાતાઓના તથા તેમના મર્હૂમોના હકમાં દુઆ ગુજારે છે.**

**વધુ માહિતી અને ડોનેશન આપવા માટેનો સંપર્ક**

**મો.મીકદાદઅલી ઈસ્માઈલભાઈ ગોદડ ૯૪૨૬૩૮૦૬૫૩**
**મો.ગુલામમહંમદ એસ. વિજાપુરા(માસ્ટર) મો.૯૪૨૭૬૯૧૧૦૧**

# આપણા ઘરની વાતો

● **સુરત ખાતે 'હસનૈન હેરિટેજ'નું ખાત મુહૂર્ત :**

શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત, સુરત જણાવતાં આનંદ અનુભવે છે કે સુરત શહેરમાં સ્ટેશનની નજીકના વિસ્તારમાં આપણી જમાઅતનો એક આલીશાન રેસિડેન્સીયલ પ્રોજેક્ટ **'હસનૈન હેરિટેજ'**નું ખાત મુહૂર્ત હાજરપીરની ભલી દુઆઓથી મુ.તા.૩, શાબાન-૧૪૩૨, તા.૬-૭-૨૦૧૧ને બુધવાર વિલાદતે હઝરત ઈમામ હુસૈન(અ.)ના રોજ મોલ્વી સાહેબ હૈદરઅલી રસુલભાઈ મોમિનના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ૩૪૦૦ વારની વિશાળ જગ્યામાં વિસ્તરેલો આ પ્રોજેક્ટ સમગ્ર શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત માટે ખુશી અને ગર્વનું સ્થાન બની



રહેશે. સુરતની ખ્યાતનામ રિયલ એસ્ટેટ કંપનીઓમાંની એક કે જે વ્યવહારિક અને ઉદાર નીતિથી પોતાનો વ્યવસાય કરે છે તેવી **'આકાશ બિલ્ડ કેર'** કંપની સદ્ભાગ્યે આપણને સોંપડી છે કે જેમના ભાગીદારો શ્રી કાંતિભાઈ, કાંતિભાઈ, નરેન્દ્રભાઈ વગેરેએ જમાઅતને પૂરો સહકાર આપીને ઈમામવાડાના રૂપમાં એક હોલ પણ ફ્રી બાંધી આપવાની ખાત્રી આપી છે. એ વાતનું પણ સ્મરણ કરી લઈએ કે સુરત ખાતે આપણી જમાઅતનો એક મધ્યમ કક્ષાનો મેજર પ્રોજેક્ટ **'પંજેતની હાઉસીંગ'** પણ પ્રગતિમાં જ છે. આ પ્રોજેક્ટ શોભાનું બીજું સ્થાન બની રહેશે.

● **માનવતાની મહેંક :**

હોસ્ટેલ સંચાલન સમિતિની યાદી જણાવે છે કે હિંમતનગર ખાતે સિંચાઈ વિભાગમાં અધિક મદદનીશ ઈજનેર તરીકે ફરજ બજાવતા **શ્રી રશ્મીકાન્ત એસ. ઉપાધ્યાય** (ખેડબ્રહ્મા) તરફથી તેમના સ્વર્ગસ્થ પુત્રને સ્મરણાંજલી આપવા અર્થે ઝહીર હોસ્ટેલ તથા ફાતેમા ગર્લ્સ હોસ્ટેલના વિદ્યાર્થી ભાઈ-બહેનોને દૂધ પાકનું જમણ પીરસવામાં આવ્યું હતું. અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ સીટી ટાઈલ્સમાં પ્રોડક્શન મેનેજર તરીકે ફરજ બજાવતા **શ્રી હિરેનભાઈ પટેલ** તરફથી ઝહીર હોસ્ટેલના ફ્લોરીંગ માટે રૂા.૧૦,૦૦૦/- ડોનેશન તરીકે મળેલ છે.

ઉપરોક્ત બન્ને દાતાઓનો હોસ્ટેલ સંચાલન સમિતિ આભાર વ્યક્ત કરે છે. ધર્મ કે નાત-જાતના ભેદભાવ વગર આપણા સમાજની સંસ્થાઓને મળેલ યોગદાન પ્રશંસાને પાત્ર અને પ્રેરણાદાયક છે. ખુદા તેમની મનોકામનાઓ પૂર્ણ કરે, આમીન.

● **ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદ ખાતે 'ઝહીર ક્વીઝ કોમ્પિટીશન'નું આયોજન :**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા સંચાલિત ઝહીર હોસ્ટેલ ખાતે તા.૧૧-૦૯-૨૦૧૧ના રોજ ક્વીઝ કોમ્પિટીશનનું આયોજન ઝહીર હોસ્ટેલમાં રહેતા કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં ઝહીર હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ ઉપરાંત ફાતેમા ગર્લ્સ હોસ્ટેલની બહેનો અને ઝહીરાબાદ ખાતે રહેતા બાળકોએ ભાગ લીધો હતો. નવી પેઢીના દીની અને દુન્યવી જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી આ

ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર ક્વીઝ કોમ્પિટીશનમાં તા.૧૦-૦૯-૨૦૧૧ના રોજ પ્રથમ લેખિત પરીક્ષા લેવામાં આવી હતી જેમાં ૨૫ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો જે પૈકી **હુસૈની ટીમ** (૧) ખણુશીયા મહેંદીઅલી એ. (કિશોરગઢ) (૨) સુથાર મંજુરમહંમદ જી. (સાલડી) (૩) ચૌધરી મોહસિનઅલી એમ.(ડીંડરોલ) - ૧૪૦ ગુણ **જાફરી ટીમ** (૧) ખણુશીયા આબિદઅલી એમ.(કિશોરગઢ) (૨) ખોજા અમન એ.(મુન્દ્રા) (૩) વાધણીયા મોહસિનઅલી આઈ.(હૈદરપુરા) - ૧૭૫ ગુણ **પંજેતની ટીમ** (૧) સુણસરા હસનઅબ્બાસ એસ.(મેતા) (૨) રાજપુરા સાદિકઅલી એમ.(કેશરપુરા) (૩) ડોડીયા મુખ્તારહુસૈન આઈ. (કાટવાડ) (૪) વિજાપુરા અહેમદઅબ્બાસ વી. (જેઠીપુરા) - ૧૮૦ ગુણ **મોહંમદી ટીમ** (૧) આગલોડીયા હુસૈનમોહંમદ એમ. (પીંપોદર) (૨) ખણુશીયા અહેસાનઅલી એસ. (કાટવાડ) (૩) મોમિન મહેંદીઅલી એમ. (નડીયાદ) - ૨૪૦ ગુણ **હૈદરી ટીમ** (૧) વિજાપુરા મહંમદસાદિક જી. (કિશોરગઢ) (૨) દાવડા મહંમદહુસૈન એ. (કાટવાડ) (૩) સુરપુરા અકબરઅલી જી. (ઈમાનપુરા કંપા) - ૨૯૦ ગુણ મેળવીને વિજેતા બની હતી. આ સમગ્ર ક્વીઝને ઉપસ્થિત લોકોએ રસપૂર્વક નિહાળી હતી. ઝહીરાબાદ ખાતે વસતા મોમિન ભાઈઓ-બહેનોએ પણ ક્વીઝમાં હાજરી આપી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો અને વિશેષતા તો એ છે કે સમગ્ર ક્વીઝ કોમ્પિટીશનનું આયોજન અને સંચાલન કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું અને વિજેતા ટીમોને પ્રોત્સાહક ઈનામો પણ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવ્યાં હતાં.



● M.B. (D.G.O.) **(ગાયનેક) થવા બદલ અભિનંદન :**

ગણેશપુરા નિવાસી **મો.ડૉ. આબિદઅલી હૈદરઅલી મોમિને** ચાલુ સાલે ૬૨.૩૩% ગુણ સાથે M.B. (D.G.O.) (ગાયનેક)ની પદવી પ્રાપ્ત કરેલ છે. આ બદલ જાફરી આવાઝ(માસિક) પરિવાર ડૉ. આબિદઅલીને હાર્દિક અભિનંદન પાઠવે છે.

● **અભિનંદન :**



←--- ગામ કાકોશી અને હાલ અમદાવાદ હોટલ વ્યવસાય સાથે સંકળાયેલા મો.ગુલામમહંમદ વલીભાઈ ઢુકાના સુપુત્ર **મો.હસનઅબ્બાસ** હિરામણી સ્કૂલમાં ધો.૮માં અભ્યાસ કરે છે અને ચાલુ સાલે 'દસ્ક્રોઈ તાલુકા વ્યાયામ પ્રચારક મંડળ'ના ઉપક્રમે યોજવામાં આવેલ શાળાકીય યુવા રમોત્સવની 'ખો ખો'ની સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને જિલ્લા સ્તરની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે તે બદલ જાફરી આવાઝ'(માસિક) પરિવાર અભિનંદન પાઠવે છે.



● **ઈન્નાલિલ્લાહે... :**


કાકોશી નિવાસી **મર્હૂમા મો.હુરીબેન અલીમદ વલ્લી ચૌધરી** મુ.તા.૧૮, શાબાન-૧૪૩૨, તા.૨૧-૭-૨૦૧૧ને ગુરૂવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમા પીરો મુરશિદનાં ચાહક તેમજ મોહંમદ વ આલે મોહંમદનાં આશિક હતાં. ---→



←--- કાકોશી નિવાસી **મર્હૂમ મો.હબીબભાઈ વલ્લી ચૌધરી** મુ.તા.૨૨, શાબાન-૧૪૩૨, તા.૨૫-૭-૨૦૧૧ને સોમવારના દિવસે ૭૬ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે માળાયુ હતા. તેઓ મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદના ચાહક હતા. તેઓ ઉમ્રહ હજ-ઝિયારતથી પણ મુશર્રફ થયેલા હતા.




←--- મહેરપુરા નિવાસી **મર્હૂમ મો.શબ્બીરઅલી દાઉદભાઈ મસુ** મુ.તા.૧૮, રમઝાન-૧૪૩૨, તા.૧૯-૮-૨૦૧૧ને શુક્રવારના રોજ આશરે ૫૦ વર્ષની વયે ચાલુ નોકરીએ અને રોઝાની હાલતમાં અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. આશિકે હુસૈન મર્હૂમ શબ્બીરઅલી મહેરપુરા ગામમાં મોહર્રમ મહિનામાં મજલિસો પઢતા હતા અને નૌહાખ્વાની પણ કરતા હતા. તેમજ દરેક દીની કાર્યમાં યુવાનોને પ્રોત્સાહિત કરવા હંમેશાં તત્પર રહેતા હતા. મોહર્રમ મહિનામાં તેમની ગેરહાજરી સૌ કોઈને સાલશે. તેઓ ઉમ્રહ ઝિયારતથી પણ મુશર્રફ થયા હતા.



કેસીમ્પા નિવાસી **મર્હૂમ મો.નુરમહંમદભાઈ નુરાભાઈ ઉમતીયા** મુ.તા.૨૩, રમઝાન-૧૪૩૨, તા.૨૪-૮-૨૦૧૧ને બુધવારના રોજ ૮૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ તથા પીરો મુરશિદના ચાહક હતા. તેઓ સ્વભાવે ભોળા, મિલનસાર, નેક, ઈમાનદાર, નમ્ર, શાંત, હસમુખા અને વિવેકી હતા.---→




ઝહીરપુરા (દેશોત્તર) નિવાસી **મર્હૂમા મો. જીવુબેન નુરભાઈ ઝાલર** મુ.તા. ૨૬, શાબાન-૧૪૩૨, તા.૨૯-૮-૨૦૧૧ને શુક્રવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા નિખાલસ, નેક દિલ અને નમાઝી હતાં. ---→



←---ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમ મો.વલીભાઈ દાઉદભાઈ ભુરા** મુ.તા. ૨, શવ્વાલ-૧૪૩૨, તા.૧-૯-૨૦૧૧ને ગુરૂવારના રોજ આશરે ૬૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ આશિકે એહલેબયત(અ.) હતા. છેલ્લા પંદર વર્ષથી એક પગ કપાયેલી હાલતમાં હોવાથી તેમની પત્ની, દીકરીઓ અને પુત્ર વધુઓએ તેમની સેવા કરી હતી.



←--- કાકોશી નિવાસી **મર્હૂમા મો.હુરીબેન અલજીભાઈ તાકોડી** મુ.તા.૧૪, શવ્વાલ-૧૪૩૨, તા.૧૨-૯-૨૦૧૧ને સોમવારના રોજ ૭૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા ખૂબ જ માયાળુ, નેક, મિલનસાર, સખી દિલ, નરમ, સહનશીલ તથા મોહંમદ વ આલે મોહમદ(સ.) તેમજ પીરો મુરશિદનાં ચાહક હતાં. તેઓ તસ્બીહ અને ઝિક્ર કરવાવાળાં હતાં.



કાટવાડ નિવાસી **મર્હૂમ મો.ખાંનજીભાઈ હાજી મીરાંજીભાઈ દાવડા** મુ.તા.૨૨, શવ્વાલ-૧૪૩૨, તા.૨૦-૯-૨૦૧૧ને મંગળવારના રોજ ૯૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદના ચાહક હતા. તેઓ સાબરકાંઠા મોમિન જમાઅત ઉપરાંત બાવીસીના ગામોમાં પણ પરિચિત હોવા ઉપરાંત તેઓ ઈતરકોમોમાં પણ ખૂબ લોકપ્રિય હતા. સતત ૩૪ વર્ષ સુધી બિનહરીફ સરપંચ તરીકે તેમણે સેવા આપી હતી તે બાબત જ તેમની લોકપ્રિયતાનો પુરાવો છે. તેઓ સામાજિક, ધાર્મિક તેમજ અન્ય કાર્યક્રમોમાં ખૂબ જ રસ ધરાવતા હતા. તેઓ મહેમાનનવાઝીના ખૂબ શોખીન હતા.---→

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

**રૂા.૧૦,૦૦૦/- બંદએ ખુદા તરફથી જનાબ સૈયદ દિલ્હાસએહમદ જાફરી બાવા સાહેબની રૂહના સવાબ અર્થે.**

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**રૂા.૧૦૦૦/- મો.મર્હૂમા જીવુબેન નુરભાઈ ઝાલર(ઝહીરપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.મર્હૂમા જીવુબેન નુરભાઈ ઝાલર(ઝહીરપુરા)ની રૂહના સવાબ અર્થે તેમની બન્ને દીકરીઓ ઝયનબબેન અને કુલસુમબેન તરફથી મળેલ ડોનેશન.

**રૂા.૨૦૦૦/- સ્વાદ કોર્નર(અમદાવાદ સિવિલ હોસ્પિટલ, ગેટ નં.૨ સામે) તરફથી મોહંમદ વ આલે મોહંમદ(સ.) તથા પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(ર.અ.)ની રૂહને નજરાણા અર્થે.**

**રૂા.૧૦૦૦/- મો.હબીબભાઈ સુલેમાનભાઈ નુરભાણેજ(ઈલોલ તલાવ) તરફથી મોહંમદ વ આલે મોહંમદ તથા પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(ર.અ.)ની રૂહને નજરાણા અર્થે.**

**મર્હૂમ મો.વલીભાઈ દાઉદભાઈ ભુરા (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.ગુલામમહંમદ વલીભાઈ ભુરા
રૂા.૧૦૦/- મો.રસુલબેન વલીભાઈ ભુરા
રૂા.૧૦૦/- મો.તાહેરઅલી વલીભાઈ ભુરા
રૂા.૫૦/- મો.ફિઝઝાબેન ગુલામમહંમદ ભુરા
રૂા.૫૦/- મો.સાબેરાબેન તાહેરઅલી ભુરા
રૂા.૫૦/- મો.ફૈઝમોહંમદ તાહેરઅલી ભુરા
રૂા.૫૦/- મો.સાકેરાફાતેમા તાહેરઅલી ભુરા
રૂા.૧૦૦/- મો.સુલેમાનભાઈ દાઉદભાઈ ભુરા
રૂા.૧૦૦/- મો.ગુલામભાઈ દાઉદભાઈ ભુરા
રૂા.૫૦/- મો.ઝયનબબેન શરીફભાઈ મસી
રૂા.૧૨૫/- મો.ગુલામમોહંમદ દાઉદ દાંત્રેલિયા
રૂા.૫૦/- મો.ઝેહરાબેન યુસુફભાઈ ભુરા
રૂા.૫૦/- મો.કુલસુમબેન હસનઅલી કોવડીયા
રૂા.૫૦/- મો.ઝયનબબેન ગુલામભાઈ દાવડા
રૂા.૫૦/- મો.ઝેહરાબેન હસનઅલી બલોસપુરા
રૂા.૫૦/- મો.હસનઅલી શરીફભાઈ બલોસપુરા
રૂા.૫૦/- મો.તાહેરાફાતેમા હસનઅલી બલોસપુરા
રૂા.૨૫/- મો.મહંમદહુસૈન હસનઅલી બલોસપુરા
રૂા.૫૦/- મો.ફાતેમાબેન અબ્બાસ માણુસીયા
રૂા.૫૦/- મો.ઝોહરાબેન અકબરઅલી મસુ

**મર્હૂમ મો.શબ્બીરઅલી દાઉદભાઈ મસુ (મહેરપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૫૦/- મો.વલીભાઈ હા.અમદાભાઈ મસુ
રૂા.૧૨૧/- મો.કુલસુમબેન શબ્બીરઅલી મસુ
રૂા.૧૧૦/- મો.અહેસાનઅલી શબ્બીરઅલી મસુ
રૂા.૧૦૧/- મો.હબીબાબેન અહેસાનઅલી મસુ
રૂા.૧૦૧/- મો.તાહેરાબેન મહેબૂબઅલી મસુ
રૂા.૫૧/- મો.બુતૂલબાનુ અહેસાનઅલી મસુ
રૂા.૫૧/- મો.રૂકૈયાફાતેમા અહેસાનઅલી મસુ
રૂા.૧૦૦/- મો.ગુલામમોહંમદ દાઉદભાઈ મસુ
રૂા.૫૧/- મો.ઝોહરાબેન ગુલામમોહંમદ મસુ
રૂા.૫૧/- મો.ફૈઝમોહંમદ ગુલામમોહંમદ મસુ
રૂા.૫૧/- મો.કનીઝઝેહરા ફૈઝમોહંમદ મસુ
રૂા.૫૧/- મો.મહેંદીહસન ફૈઝમોહંમદ મસુ
રૂા.૧૦૦/- મો.ઈકબાલભાઈ વલીભાઈ મસી
રૂા.૧૦૦/- મો.નુરભાઈ હા.અમદાભાઈ મસુ
રૂા.૫૧/- મો.હસનભાઈ શરીફભાઈ મસુ
રૂા.૫૦/- મો.અમ્મારઅલી શરીફભાઈ મસુ
રૂા.૫૦/- મો.તાહેરઅલી ઈબ્રાહીમભાઈ મસી
રૂા.૧૧૦/- મો.ફાતેમાબેન ગુલામહુસૈન ડોડીયા

રૂા.૪૨૯/- મો.નુરમહંમદભાઈ નુરાભાઈ ઉમતીયા(કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫૧/- મો.આસિફઅલી વલીભાઈ ગાંધી (કેસીમ્પા) તરફથી જાફરી આવાઝ(માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૨૫૧/- મો.આસિફઅલી વલીભાઈ ગાંધી (કેસીમ્પા) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫૦/- મો.મર્હૂમા નૂરીબેન(રસુલપુર-ખે.)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.રૂકૈયાબેન ગુલામભાઈ પટેલ (સદીકપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦/- મો.અબ્દુલભાઈ વલીભાઈ ડોડીયા (કાટવાડ)ના કુટુંબીજનો તરફથી

રૂા.૫૦/- મો.મોલ્વી ખાદિમહુસૈન યાકુબભાઈ દેધરોટીયા(કનાઈ)

રૂા.૫૦/- મો.મન્સુરાબેન ખાદિમહુસૈન દેધરોટીયા

રૂા.૨૫/- મો.ઈમ્તિયાઝઅલી ખાદિમહુસૈન દેધરોટીયા

રૂા.૨૫/- મો.ઈમદાદહુસૈન ખાદિમહુસૈન દેધરોટીયા

**રૂા.૫૦૧/- મો.હૈદરઅલી કમાલભાઈ બટ્ટી(બાદરપુર)તરફથી તેમના પુત્ર સિરાજઅલી M.B.B.S.ની પરીક્ષામાં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.**

**રૂા.૨૧૧૦/- બ્રાઈટ રબર (અમદાવાદ) તરફથી જાફરી આવાઝ(માસિક)ને ઉત્તેજન અર્થે.**

રૂા.૧૦૦/- મો.અકબરઅલી શરીફભાઈ નાંદોલીયા(મેતા)તરફથી તેમનાં બાળકો સાજેદાફાતેમા ધો.૭માં ૮૨.૩૦%, મુસ્તાકઅલી ધો.૬માં ૭૧.૩૩% તથા તાહેરાફાતેમા ધો.૨માં ૮૮.૩૩% ગુણ મેળવી પાસ થયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ઝયનબફાતેમા મંજુરઅલી સેલીયા(કાકોશી-મુંબઈ)તરફથી તેઓ એસ.એસ.સી.માં ૭૧.૮૨% ગુણ મેળવીને ઉત્તીર્ણ થયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.અહમદભાઈ દાઉદભાઈ સુણસરા(સેવાણી-મુંબઈ)તરફથી તેમની પુત્રી અઝમતફાતેમા એસ.એસ.સી.માં ૯૦.૯૧% ગુણ મેળવીને ઉત્તીર્ણ થઈ તેની ખુશાલી પ્રસંગે.

**રૂા.૫૦૦/- મો.અબ્દુલરહીમ રસુલભાઈ લોટીવાળા(ધોળકા)ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૧૦૦/- મો.મર્હૂમ મુસ્તાકઅલી અબ્દુલરહીમ દાડમવાળા(ધોળકા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૫૦/- મો.યુસુફભાઈ દાઉદભાઈ વિજાપુરા(ઈલોલ-ગાંધીનગર)તરફથી તેમના પુત્ર ડૉ.આબિદઅલીના ઘેર પુત્ર મુખ્તારઅલીનો જન્મ થયો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૩૦૦/- મો.ગુલામઅલી જમાલભાઈ દાંત્રેલિયા(ઈલોલ તલાવ)તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૫૧/- મો.હાજી ગુલામહુસૈન મોમિન (કઠોર)તરફથી તેમની પુત્રી મેઅરાજફાતેમાએ માહે રમઝાનુલ મુબારકનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.ઝયનુલહુસૈન આબિદઅલી મોમિન(કઠોર)તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૧/- મો.તફસીરફાતેમા(કઠોર)તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકનો રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.રિઝવાનહુસૈન(કઠોર)તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.રિઝવાનહુસૈન(કઠોર)તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.સાલેહાફાતેમા(કઠોર)તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકનો રોઝો રાખ્યો તેની

ખુશાલી પ્રસંગે.

રૂા.૧૨૧/- મો.તાહેરાબાનુ અકબરઅલી મોમિન(કઠોર)તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૫૧/- મો.મુસ્તાકઅલી ભગત(વડોદરા) તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.રહેમતફાતેમા હૈદરઅલી ખણુશીયા(હરિપુરા-હિંમતનગર)તરફથી તેમણે B.C.A.ની પરીક્ષા પાસ કરી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.શેરઅલી હસનઅબ્બાસ મતિયા (ઈલોલ પહાડીયા)તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના ૨૩ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો.શેરબાનુ મકબૂલઅલી નાંદોલીયા(વાઘરોલ)તરફથી મોહંમદ વ આલે મોહંમદની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.ગુલામઅબ્બાસ હસનઅબ્બાસ દાદાવાલા(બાદરપુર)તરફથી તેમણે માહે રમઝાનુલ મુબાકનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.આબિદઅલી ઈબ્રાહીમભાઈ ભોવણીયા(ઈલોલ પહાડીયા)તરફથી તેમણે માહે રમઝાનુ મુબારકનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.રિયાઝહુસૈન(કઠોર)તરફથી તેમની દીકરી ફિરોઝાફાતેમાએ માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

**મો.મર્હૂમા હુરીબેન અલજીભાઈ તાકોડી (કાકોશી)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.અલજીભાઈ શરીફભાઈ તાકોડી
રૂા.૫૦૦/- મો.મયસમઅલી અલજીભાઈ તાકોડી
રૂા.૨૫૦/- મો.અહેસાનઅલી અલજીભાઈ તાકોડી
રૂા.૨૫૦/- મો.મંજૂરઅલી અલજીભાઈ તાકોડી
રૂા.૨૫૦/- મો.સકીનાબેન હૈદરઅલી માંકણોજીયા
રૂા.૨૫૦/- મો.ઝયનબબેન હૈદરઅલી કડીવાલા
રૂા.૨૫૦/- મો.ફિઝઝાબેન કાસમઅલી ઘો
રૂા.૨૫૦/- મો.ઝોહરાબેન હૈદરઅલી તાકોડી
રૂા.૨૫૦/- મો.તાહેરાબેન બાકરઅલી હુક્કા
રૂા.૨૦૦/- મો.ઝોહરાબેન મયસમઅલી તાકોડી
રૂા.૨૦૦/- મો.ઝયનબબેન અહેસાનઅલી તાકોડી
રૂા.૨૦૦/- મો.હુસૈનાબેન મંજૂરઅલી તાકોડી
રૂા.૧૫૦/- મો.મોહસિનઅલી મયસમઅલી તાકોડી
રૂા.૧૫૦/- મો.રહેમતફાતેમા મયસમઅલી તાકોડી
રૂા.૧૦૦/- મો.મન્સુરાફાતેમા મયસમઅલી તાકોડી
રૂા.૧૫૦/- મો.હૈદરઅબ્બાસ અહેસાનઅલી તાકોડી
રૂા.૧૦૦/- મો.શબ્બીરહસન અહેસાનઅલી તાકોડી
રૂા.૧૦૦/- મો.કુલસુમફાતેમા અહેસાનઅલી તાકોડી
રૂા.૧૦૦/- મો.અબ્બાસઅલી મંજૂરઅલી તાકોડી
રૂા.૧૦૦/- મો.મુર્તઝાહુસૈન મંજૂરઅલી તાકોડી

**મર્હૂમ મો.હબીબભાઈ વલ્લીભાઈ ચૌધરી(કાકોશી)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.લાડુબેન હબીબભાઈ ચૌધરી
રૂા.૧૦૧/- મો.ગુલામમોહંમદ હબીબભાઈ ચૌધરી
રૂા.૫૧/- મો.શબ્બીરઅલી હબીબભાઈ ચૌધરી
રૂા.૫૧/- મો.શીરીનબેન ગુલામમોહંમદ ચૌધરી
રૂા.૨૬/- મો.આરેફાબાનુ મહેદીઅલી કરડીયા
રૂા.૨૫/- મો.અઝમતફાતેમા ગુલામમોહંમદ ચૌધરી
રૂા.૨૫/- મો.સકીનાફાતેમા ગુલામમોહંમદ ચૌધરી
રૂા.૨૫/- મો.અતામહંમદ ગુલામમોહંમદ ચૌધરી

**મર્હૂમા મો.હુરીબેન અલીમદ ચૌધરી (કાકોશી)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૧૦/- મો.હસનઅલી અલીમદ ચૌધરી
રૂા.૧૦૦/- મો.અલ્તાફઅલી અલીમદ ચૌધરી
રૂા.૧૦૦/- મો.હબીબઅલી અલીમદ ચૌધરી

રૂા.૧૧૦/- મો.હસનઅલી અલીમદ ચૌધરી (કાકોશી) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાને નજરાણા તરીકે.

**રૂા.૫૦૦/- બંદએ ખુદા(વસો)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.)ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૫૧/- મો.રૂકૈયાબેન ગુલામનબી

રોયલવાળા(વસો)તરફથી તેમના દીકરા નજરઅબ્બાસની દીકરી રૂકૈયાફાતેમાના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫/- મો.આબિદહુસૈન હાસમભાઈ(વસો) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫/- મો.નજમાબેન આબિદહુસૈન(વસો) તરફથી જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫/- મો.મંજુરફાતેમા આબિદહુસૈન(વસો) તરફથી જાફરી આવાઝ(માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૨૫/- મો.આબિદહુસૈન હાસમભાઈ(વસો) તરફથી તેમના માતા-પિતાની રૂહના સવાબ અર્થે.

**મો.ગુલામરસુલ ગુલામઅલી(લંડન) તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.મર્હૂમ ગુલામઅલી જમાલભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.મર્હૂમા સકીનાબેન ગુલામઅલી ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.મર્હૂમ અબ્દેરહેમાન ગુલામનબીની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.મર્હૂમા ઝયનબબેન અબ્દેરહેમાનની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- તમામ સગા-સંબંધીઓની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.મર્હૂમ ગુલામઅબ્બાસ મોહંમદઅલીની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.મર્હૂમ મોહંમદશરીફ ગુલામઅલીની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.મર્હૂમ અલ્લારખા ગુલામઅલીની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.મર્હૂમ મહંમદહુસૈન પીરભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫/- મો.શેરઅલી ગુલામહુસૈન ભગત (વસો)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.ઝયનબફાતેમા આબિદઅલી પલસાણીયા(દસાવાડા)તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.મેઅરાજફાતેમા અબ્બાસઅલી દાઉદ કડીવાલા(મેતા)તરફથી તેઓ એચ. એસ. સી.માં પાસ થયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.મેઅરાજહુસૈન મંજૂરઅલી સુણસરા(બાદરગઢ-મુંબઈ)તરફથી માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.રહમતફાતેમા મંજૂરઅલી સુણસરા(બાદરગઢ-મુંબઈ)તરફથી માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી રસુલભાઈ ચૌધરી(કાકોશી)તરફથી માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.


રૂા.૧૦૦/- મો.મદદઅલી હબીબભાઈ શેલીયા(કાકોશી)તરફથી માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.


## રહેમત સેલ્સ

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ સમી, હારીજ, શંખેશ્વર, મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે મળો.

**નોંધ :** હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭



**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૧ ❖ અંક : ૨ ❖ ૧૦, ઓક્ટોબર-૨૦૧૧

૧૧, ઝિલકાદ, હિ.સન-૧૪૩૨ ❖ સળંગ અંક : ૩૬૨

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ ✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨ હનીફભાઈ વી. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)

મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com

Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-

(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION

## લેખ સૂચિ


❋ ઊઘડતે પાને ........................... ૦૧

❋ કુરઆન શિક્ષણ ........................ ૦૫

❋ અહાદીસ ................................ ૦૬

❋ ગડમથલ ................................ ૦૮

❋ અલ્લાહની કદર ........................ ૦૯

❋ આરોગ્યની સાચવણી .................. ૧૪

❋ મોમિનની ઓળખ ....................... ૧૫

❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) ૨૫

❋ નહજુલ બલાગહ ...................... ૨૯

❋ મશાયખવાણી .......................... ૩૧

❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય .. ૩૩

❋ હઝરત પીર મશાયખ ચિશ્તી(રહે.અ.) . ૩૫

❋ હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના પત્રો ... ૩૭

❋ અલ ઈર્શાદ ............................ ૪૧

❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ ....................... ૪૫

❋ નન્હે રોઝેદાર ......................... ૪૭

❋ તૌહીદ ................................. ૪૯

❋ જ્ઞાનગોષ્ઠિ ............................ ૫૧

❋ શૈક્ષણિક કારકિર્દી ઘડતર કાર્યક્રમ .... ૫૪

❋ આપણા ઘરની વાતો .................. ૫૭

❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન ..... ૬૧


## ઊઘડતે પાને...

ઈતિહાસ લેખકો દ્વારા રિવાયત થયેલી છે. તેમણે આ રિવાયત નકલ કરી છે. આ ફક્ત શીઆહ લોકોની રિવાયત નથી. બિન શીઆહ લોકોમાં પણ મશહૂર છે. વળી ઘણા બધા શાયરોએ આ પ્રસંગનું વર્ણન પોત પોતાની શાયરીઓમાં પણ કર્યું છે.

ખતીબોએ પોતાના કલામ દ્વારા આ પ્રસંગને પ્રસિધ્ધિ આપેલી છે.

લેખકોએ આ પ્રસંગને પોતાની કિતાબોનો શણગાર બનાવ્યો છે. આ પ્રસંગ એટલો બધો પ્રખ્યાત છે કે તેના માટે કોઈ સનદો આપવાની પણ

જરૂર નથી.

આ પ્રસંગ કરબલાની નજીકમાં જ બનેલો છે.

એ જગ્યાએ એક રાહિબ રહેતો હતો.

રાહિબ એટલે ખ્રિસ્તી સાધુ.

લેખકોનું કહેવું છે,

'જ્યારે અમીરુલ મોમિનીન(અ.) પોતાની ફોજ સાથે સિફ્ફીન તરફ જઈ રહ્યા હતા ત્યારે એક જગ્યાએ તેમના સાથીદારોને ખૂબ જ તરસ લાગી. પાણીનો સંગ્રહ સમાપ્ત થઈ ચૂક્યો હતો. ફોજના માણસોએ ડાબી અને જમણી બન્ને બાજુએ પાણીની તપાસ કરી પરંતુ પાણીનો પત્તો મળ્યો નહીં.

અમીરુલ મોમિનીન(અ.)એ પોતાના કેટલાક સાથીઓને પોતાની સાથે લીધા અને જાહેર રસ્તાથી હટીને પથરાળ જમીન તરફ ચાલવા લાગ્યા. એક ખાનકાહ જોઈ. ખાનકાહ એટલે કે ખ્રિસ્તી સાધુનો મઠ. આ મઠ જેને જંગલની મધ્યમાં બનાવવામાં આવ્યો હતો.

આપ પોતાના સાથીઓ સમેત તે જગ્યાએ ગયા. જ્યારે આપ તે ખાનકાહના ચોગાનમાં પહોંચ્યા તો આપે પોતાના સાથીઓને કહ્યું,

'ખાનકાહની અંદર જઈને તેમાં રહેનારને બોલાવી લાવો.'

ખાનકાહમાંથી એક માણસ નીકળ્યો.

અમીરુલ મોમિનીન(અ.)એ તેને પૂછ્યું,

'શું આ તમારું મકાન છે ? અહીં પાણીનું કોઈ ઝરણું છે ખરું ? મારા સાથીદારો ખૂબ જ તરસ્યા થયેલા છે. ઝરણાના પાણીથી તેમની તરસ બુઝી શકે તેમ છે.'

તેણે જવાબ આપ્યો,

'પાણી તો તમને અહીંથી છ માઈલના અંતરે મળશે. આ જગ્યાએ (ખાનકાહની પાસે) તો પાણી છે જ નહીં. હું મારા વપરાશનું પાણી એક મહિના સુધી સંઘરી રાખું છું. જો હું એવું ન કરું તો તરસથી મરી જાઉં.'

અમીરુલ મોમિનીન(અ.)એ પૂછ્યું,

'રાહિબે જે કંઈ કહ્યું તે તમે સાંભળ્યું ને ?'

આપના સાથીઓએ જવાબ આપ્યો,

'જી, હા. હવે આપ અમને હુકમ આપો કે અમે એ જગ્યાએ જઈએ કે જેથી કરીને તરસના ત્રાસથી બચી શકીએ. હજુ તો અમારામાં એટલે સુધી જવાની તાકાત છે.'

અમીરુલ મોમિની(અ.)એ સાથીદારોને બતાવ્યું,

'એવું કરવાની કોઈ જરૂર નથી.'

ત્યાર પછી આપે પોતાના ખચ્ચરના મોઢાની દિશા કા'બા તરફ ફેરવી દીધી. પછી પોતાના સાથીઓને હુકમ કર્યો,

'આ જગ્યાએ (ખાનકાહની નજીક) ખોદો.'

આપના સાથીદારોએ પાવડાઓની મદદથી ખોદવાનું શરૂ કરી દીધું. ત્યાં એક ખૂબ મોટો ચમકદાર પથ્થર હતો. તે લોકોએ બૂમ પાડીને કહ્યું,

'યા અમીરુલ મોમિનીન ! અહીં તો ખૂબ જ મોટો પથ્થર છે, અને આ પથ્થરને પાવડાઓની મદદથી તોડી શકાય તેમ નથી.'

આપે જવાબમાં ફરમાવ્યું,

'આ પથ્થરની નીચે પાણીનો ઝરો છે. જો આ પથ્થરને ખસેડી નાખો તો તમને પાણી પ્રાપ્ત થશે.'

લોકોએ પથ્થરને હટાવવાની ખૂબ જ કોશિશ કરી. બધા લોકો પથ્થરને ખસેડવાના કાર્યમાં તલ્લીન થઈ ગયા પરંતુ તેમના સઘળા પ્રયત્નો નિષ્ફળ સાબિત થયા. આ કાર્ય અતિશય અઘરું હતું. જ્યારે આપે જોયું કે બધા લોકોએ હાર સ્વીકારી લીધી છે અને પથ્થર પોતાની જગ્યાએથી ટસથી મસ થતો નથી તો આપ જીન ઉપરથી નીચે ઉતર્યા. આપે પોતાની બાંયો ચઢાવી. પછી પોતાની આંગળીઓને પથ્થરમાં ભરાવી દીધી. જ્યારે આંગળીઓ

પથ્થરમાં ઘુસી ગઈ તો આપે પોતાના હાથોને હરકત આપી. પછી જોરદાર ઝટકાથી પથ્થરને ઉખેડી નાખ્યો અને દૂર ફેંકી દીધો. ત્યાં ઠંડા અને મીઠા પાણીનો ઝરો હતો. બધા લોકોએ પોતાની તરસ છીપાવી અને ધરાઈને પાણી પીધું. ખૂબ જ નિર્મળ, સ્વચ્છ, ઠંડુ, મીઠું પાણી હતું. લોકોએ આવું પાણી તો કોઈ પણ સફરમાં પીધું નહોતું.

આપે લોકોને ફરમાવ્યું,

'પાણીનો સંગ્રહ કરી લો અને તમારી તરસને બુઝાવી દો.'

બધા લોકોએ એ મુજબ કર્યું. ત્યાર પછી આપે પોતાના હાથો વડે તે પથ્થરને ઉઠાવ્યો અને એ જ જગ્યાએ પાછો મૂકી દીધો કે જ્યાંથી તેને ઉઠાડવામાં આવ્યો હતો. આપે લોકોને કહ્યું કે ખોદકામની નિશાનીઓને મિટાવી દો.

આ બાજુ પેલો રાહિબ પોતાની ખાનકાહથી આ બધું દૃશ્ય નિહાળી રહ્યો હતો.

પછી રાહિબે પોકારીને કહ્યું,

'અય લોકો ! મને ખાનકાહથી નીચે ઊતારો.'

જ્યારે લોકોએ તેને નીચે ઊતારી દીધો તો તે વયોવૃધ્ધ રાહિબ અમીરુલ મોમિનીન(અ.)ની રૂબરૂમાં ઊભો થઈ ગયો અને કહેવા લાગ્યો,

'શું આપ અલ્લાહ દ્વારા મોકલવામાં આવેલ રસૂલ છો ?'

આપે જવાબ આપ્યો,

'ના.'

તેણે સવાલ કર્યો,

'(તો શું આપ) કોઈ ફરિશ્તા છો કે જેને અલ્લાહે નિયુક્ત કરેલ હોય ?'

જવાબ મળ્યો,

'ના.'

રાહિબે પૂછ્યું,

'તો પછી આપ કોણ છો ?'

આપે જવાબ આપ્યો,

'હું રસૂલિલ્લાહ મોહંમદ(સ.) બિન અબ્દુલ્લાહ ખાતેમુન્નબીય્યીનનો વસી છું.'

રાહિબ બોલ્યો,

'આપનો હાથ લાંબો કરો, જેથી હું ઈતાઅત કરી શકું અલ્લાહની.'

અમીરુલ મોમિનીન(અ.)એ પોતાનો હાથ લાંબો કર્યો અને તેણે પોતાની જીભ ઉપર કલ્મએ શહાદતૈન જારી કર્યો. રાહિબે આ રીતે કલ્મો પઢ્યો:

**'અશ્હદો અલ્લાઈલાહા ઈલ્લલ્લાહ વહદહુ લાશરીક લહુ વ અશ્હદો અન્ન મોહંમદન અબ્દોહુ વ રસૂલોહ વ અશ્હદો અન્નક વસીય્યે રસૂલિલ્લાહ.'**

તેણે એકરાર કરી લીધો કે રસૂલિલ્લાહ(સ.) પછી આપ જ તેમના ખલીફા છો.

અમીરુલ મોમિનીન(અ.)એ તેને દીની એહકામ સમજાવ્યા અને ત્યાર પછી તેને પૂછ્યું,

'કઈ બાબતોના લીધે તમે મુસલમાન બન્યા છો જ્યારે કે તમે તો આ ખાનકાહથી તો હંમેશાં ઈસ્લામનો વિરોધ કર્યો છે ?'

તેણે જવાબ આપ્યો,

'અય અમીરુલ મોમિનીન ! હું તમને ચોખ્ખે ચોખ્ખું બતાવી દઉં છું. આ ખાનકાહ બનાવવા પાછળનો હેતુ માત્ર એ જ હતો કે અહીં રહીને એક એવા માણસના આગમનની રાહ જોવામાં આવે કે જે પાણીના ઝરા ઉપરથી પથ્થરને હટાવી દે અને પાણીથી લોકોની તરસ બુઝાવી દે. મારા પહેલાં

**ગ્રાહક મિત્રોને નમ્ર વિનંતી કે સમય મર્યાદા પછી આવેલ માર્કશીટની વિગત 'જાફરી આવાઝ'માં છાપવામાં આવશે નહીં.**

**કુરીયર મારફતે મોકલવામાં આવેલ ડોનેશન અથવા જાહેરાતની રકમ કવરમાંથી ન નીકળે તો અમારી જવાબદારી રહેશે નહીં. -વ્યવ.**

ઘણા બધા રાહિબોએ આ ખાનકાહમાં એકાંતવાસ ભોગવ્યો હતો અને મોતની ગોદમાં પહોંચી ગયા. પરંતુ કોઈને ય સફળતા મળી ન શકી. અલ્લાહે આ સફળતા મને આપી છે. અમારી કિતાબોમાં લખેલું છે અને અમારા આલિમોએ પણ સમર્થન કર્યું છે કે જમીનના આ ભાગમાં ઠંડા પાણીનો એક ઝરો આવેલો છે જે એક મોટા પથ્થરથી ઢંકાયેલો છે. આ ઝરા વિષે રસૂલ કે રસૂલના વસી સિવાય બીજો કોઈ પૂછપરછ કરી શકતો નથી. જે કોઈ આ ઝરા વિષે પૂછશે તે અલ્લાહનો વલી (અલ્લાહનો દોસ્ત) હશે કે જે લોકોને હકપરસ્તીની દાવત આપશે અને તેની ઓળખ એ કાર્ય દ્વારા થઈ શકશે કે તે પાણીના ઝરા વિષે પૂછપરછ કરશે. જ્યારે મેં જોયું કે આ કાર્યને આપે પૂર્ણ કરી દીધું છે તો મને યકીન થઈ ગયું કે કિતાબોમાં આપના માટે જ આવી ભવિષ્યવાણી કરવામાં આવી હતી અને આપની જ અમે વાટ જોઈ રહ્યા હતા. આજે હું મુસલમાન થઈ ગયો છું. મેં આપની ઈતાઅતને કબૂલ કરી લીધી છે. હવે આપ જ મારા ઈમામ છો.'

આ સાંભળીને અમીરુલ મોમિનીન(અ.) ખૂબ જ રડવા લાગ્યા એટલે સુધી કે આપની દાઢી મુબારક આંસુઓથી ભીંજાઈ ગઈ. આપે ઈર્શાદ ફરમાવ્યો,

'સઘળી પ્રશંસા એ અલ્લાહ માટે છે કે જેણે મારા ઝિક્રને બાકી રાખ્યો છે. તે મને ભૂલી ગયો નથી. તેની કિતાબોમાં મારું વર્ણન કરેલું છે.'

ત્યાર પછી આપે લોકોને બોલાવ્યા અને ફરમાવ્યું,

'તમારો (આ) મુસલમાન ભાઈ શું કહી રહ્યો છે?'

બધાએ તેની વાતો સાંભળી ત્યારે બધાએ અલ્લાહની હમ્દોસના કરી અને શુક્ર અદા કર્યો અલ્લાહની એ રહેમતોનો કે જે તેમના ઉપર નાઝિલ કરવામાં આવી હતી અને તેમને અમીરુલ મોમિનીન(અ.)ના શીઆહ હોવાની પ્રતિષ્ઠા

**સ્થળ સંકોચને કારણે 'શાયરીનો રસાસ્વાદ' આ અંકમાં મૂકેલ નથી. -તંત્રી**

આપી હતી.

પછી તે લોકો આગળ વધ્યા અને રાહિબ પણ તેમની સાથે ચાલવા લાગ્યો એટલે સુધી કે તેમનો સામનો શામી ફોજ સાથે થયો. જંગ થયો અને જે લોકો અમીરુલ મોમિનીન(અ.)ના દોસ્તોમાંથી શહીદ થયા તેઓમાં એ રાહિબ પણ હતો. આપ(અ.)એ તે(રાહિબ)ની નમાઝે જનાઝા પઢી. પછી તેને દફન કર્યો અને તેના માટે મગ્ફેરતની દુઆ પણ માગી.

આ પ્રસંગ પછી જ્યારે પણ આ રાહિબની વાત નીકળતી હતી તો અમીરુલ મોમિનન(અ.) કહ્યા કરતા હતા,

'તે મારો દોસ્ત હતો.' ✻

(સંદર્ભ : કિતાબ 'અલ ઈર્શાદ', બાબ-૭, પેજ-૩૨૨ થી ૩૨૫
ઉર્દૂમાંથી અનુવાદિત)

Sirajali V. Palsaniya 9408973429
Abbasali R. Nodoliya 9429741525

YAM infotech

COMPUTER Rs. 11500/-

- Computer Sales & Services,
- Toner Refiling,
- Printer Repering,
- C.C.T.V Camera,
- Laptop Services,
- Networking Solution

COMPUTER SALES & SERVICE

yam_info@yahoo.com

G/46, HIRAPANNA COMPLEX, opp. GUNJ MARKET, SIDHPUR

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

✻ અને (તે સમયને યાદ કરો કે) જ્યારે ઈબ્રાહીમની તેના પરવરદિગારે થોડાક શબ્દોથી પરીક્ષા લીધી અને ઈબ્રાહીમ તેમાં પૂરો ઊતર્યો. (અલ્લાહે) ફરમાવ્યું કે નિઃસંશય હું તને મનુષ્ય માત્રનો ઈમામ (ધર્મનેતા) બનાવનાર છું; (ઈબ્રાહીમે અરજ કરી) અને મારી ઓલાદમાંથી પણ ? (અલ્લાહે) ફરમાવ્યું, જે જાલિમ હશે તે મારા આ વચનમાં શામેલ નથી.

**(પારો-૧, સૂરએ અલબકરહ, આયત-૧૨૪**

✻ અને એવો કોણ છે કે જે ઈબ્રાહીમના ધર્મથી મોઢું ફેરવે, સિવાય તેના કે જેણે પંડે જ પોતાને મૂર્ખ બનાવ્યો હોય; અને ખચીત જ અમોએ તે (ઈબ્રાહીમ)ને દુનિયામાં ચૂંટી કાઢ્યો હતો, અને બેશક આખેરતમાં પણ તે સદાચારીઓમાંથી જ છે.

**(પારો-૧, સૂરએ અલબકરહ, આયત-૧૩૦)**

✻ (કિબ્લાનું બદલવું એક એવી નેઅમત છે) જેવી કે અમોએ તમારામાંથી એક રસૂલ તમારામાં મોકલ્યો કે જે અમારી આયતો તમને વાંચી સંભળાવે છે તથા તમને પવિત્ર કરે છે અને તમને કિતાબ તથા હિકમત(ખરું ખોટું પારખવાના જ્ઞાન)નું શિક્ષણ આપે છે અને જે તમે જાણતા ન હતા તે તમને શીખવાડે છે.

**(પારો-૨, સૂરએ અલબકરહ, આયત-૧૫૧)**

✻ અને લોકોમાંથી (કોઈ) એવો (પણ) છે કે જે અલ્લાહની ખુશી સંપાદન કરવા (માટે) પોતાનો જીવ પણ વેચી નાખે છે અને અલ્લાહ સર્વે બંદાઓ પર માયાળુ છે.

**(પારો-૨, સૂરએ અલબકરહ, આયત-૨૦૭)**

✻ અને (હે રસૂલ ! તે સમયને યાદ કર કે) જ્યારે ઈબ્રાહીમે અરજ કરી કે હે મારા પરવરદિગાર ! તું મરેલાઓને કેવી રીતે સજીવન કરે છે તે મને દેખાડ : ફરમાવ્યું, શું તું માનતો નથી? અરજ કરી, હા, (હું માનું છું.) પણ એટલા માટે (દેખાડી દે) કે મારા મનનું સમાધાન થઈ જાય : ફરમાવ્યું, ત્યારે પક્ષીઓમાંથી ચાર (પક્ષીઓ) લે, પછી તેમને તારા ઉપર હેળવી લે (પછી તેમના કટકે કટકા કરીને) જુદા જુદા પહાડ ઉપર તેમનામાંથી એકેક કટકો મૂક પછી તેમને બોલાવ, તેઓ તરત જ તારી પાસે દોડતા આવશે અને આ સમજી લે કે ખરે જ અલ્લાહ સમર્થ (અને) હિકમતવાળો છે.

**(પારો-૨, સૂરએ અલબકરહ, આયત-૨૬૦)**

✻ (ઝકરીયાએ) અરજ કરી કે હે મારા પરવરદિગાર ! મારે છોકરો ક્યાંથી થશે જ્યારે કે હું વૃધ્ધાવસ્થાએ પહોંચી ગયો છું અને મારી પત્ની વાંઝણી છે, ફરમાવ્યું કે અલ્લાહ એવી સ્થિતિમાં (પણ) જે ઈચ્છે છે, કરી દે છે.

**(પારો-૩, સૂરએ આલે ઈમરાન, આયત-૩૯)**

✻ અને (અલ્લાહ) તે (ઈસા)ને કિતાબ તથા હિકમત (સારા નરસાની સમજ) અને તૌરેત તથા ઈન્જીલનું શિક્ષણ આપશે.

**(પારો-૩, સૂરએ આલે ઈમરાન, આયત-૪૭)**

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅહેમદ ઝેડ. જાફરી

કિતાબ
**ઈર્શાદાતે રસૂલ**(સ.)

## ૧ તૌહીદ અને મા'રેફત

(૧) અલ્લાહે ફરમાવ્યું, 'હું જ ઈબાદતને પાત્ર છું. મારા સિવાય કોઈ મા'બૂદ નથી તેથી તમે ફક્ત મારી જ ઈબાદત કરો. તમારામાંથી જે પણ નિખાલસ ભાવે **લાઈલાહા ઈલ્લલ્લાહ**ની ગવાહી આપતાં મારી સમક્ષ હાજર થશે તો તે મારા કિલ્લામાં દાખલ થશે અને જે મારા કિલ્લામાં દાખલ થશે તે મારા અઝાબથી સુરક્ષિત રહેશે.' *(ઓયુન અખ્બાર અલ રિઝા, જિલ્દ-૨, બાબ-૩૬)*

(૨) અલ્લાહે ફરમાવ્યું, 'કલમો **લાઈલાહા ઈલ્લલ્લાહ** મારો કિલ્લો છે, જે મારા કિલ્લામાં દાખલ થશે તે મારા અઝાબથી સુરક્ષિત રહેશે.' *(સહીફતુર્રિઝા, હદીસ-૧૦)*

(૩) તમારાં સગાંવહાલાંઓને મૃત્યુ સમયે કલમો **લાઈલાહા ઈલ્લલ્લાહ**નું સ્મરણ કરાવો કારણ કે જેના આખરી શબ્દો **લાઈલાહા ઈલ્લલ્લાહ** હશે તે જન્નતમાં દાખલ થશે.'

*(સફીનતુલ બિહાર, જિલ્દ-૧, સફા-૨૮૧)*

(૪) સફા અને મરવા દરમિયાન જિબ્રઈલ મારી પાસે હાજર થયા અને કહ્યું, 'હે મોહંમદ ! તારી ઉમ્મતના એ લોકોને સુખચેન નસીબ થાય કે જે નિખાલસ ભાવે **લાઈલાહા ઈલ્લલ્લાહ વહદહુ વહદહુ વહદહુ** કહેતા રહે.' *(જવાહિરુલ સનીયાહ, સફા-૧૧૬)*

(૫) કલમો **લાઈલાહા ઈલ્લલ્લાહ** જન્નતની ચાવીઓમાંની એક ચાવી છે. *(અલ મજાઝાત અલ નબવીયા, સફા-૨૨૭)*

(૬) તૌહીદ જન્નતની કિંમત છે.

*(તરાએફ અલ હકમ, જિલ્દ-૧, સફા-૨૨૩)*

(૭) જેને મેં તૌહીદની નેઅમત એનાયત કરી હોય, શું તેનો બદલો જન્નત સિવાય બીજું કશું હોઈ શકે ? *(રૌઝતુલ વાએઝીન, સફા-૬૩)*

(૮) જયારે કોઈ બંદો કલમો **લાઈલાહા ઈલ્લલ્લાહ**નું રટણ કરે છે તો અલ્લાહ ફરમાવે છે, 'હે મારા આકાશ અને જમીનમાં વસવાટ કરનારાઓ ! તમે સાક્ષી રહેજો કે મેં આ કલમો પઢનારની મગ્ફેરત કરી છે.'

*(જવાહિરુલ સનીયહ, સફા-૧૧૭)*

(૯) કસમ છે એ અલ્લાહની કે જેણે મને હકની સાથે બશારત આપનાર બનાવીને મોકલ્યો, અલ્લાહ કોઈ તૌહીદ પર ઈમાન ધરાવનાર પર આગનો અઝાબ નહીં કરે. નિઃસંદેહ તૌહીદવાળાની શફાઅત કરવામાં આવશે અને તે લોકો પોતે પણ શફાઅત કરશે. આ પછી ફરમાવ્યું,

'જયારે કયામતનો દિવસ આવશે તો અલ્લાહ એક એવા જૂથને જહન્નમમાં મોકલવાનો હુકમ ફરમાવશે કે જે દુનિયામાં અનિષ્ટ કાર્યો કરતું હતું.'

આ જોઈને તે લોકો કહેશે,

'હે અમારા પરવરદિગાર ! તું અમને કેવી રીતે આગના અઝાબમાં નાખશે જ્યારે કે અમે દુનિયામાં તારી તૌહીદનો એકરાર કરનારા હતા ? તું અમારી જીભને આગથી કેવી રીતે બાળીશ કે જેમના વડે અમે તારી તૌહીદનો એકરાર કરતા હતા? અને અમારા હૃદયોને કેવી રીતે બાળીશ જયારે કે અમે અમારા હૃદયોમાં **લાઈલાહા ઈલ્લલ્લાહ**નો અકીદો ધરાવતા હતા ? અને તું કેવી રીતે અમારા

ચહેરાઓને બાળીશ કેમકે અમે તે ચહેરાઓને તારી સમક્ષ સજદા કરીને ધૂળવાળા કર્યા હતા? અને તું કેવી રીતે અમારા હાથોને બાળીશ કેમકે અમે તેમને દર વખતે દુઆ માટે ઉઠાવતા હતા ?'

આ સાંભળીને અલ્લાહ કહેશે,

'હે મારા બંદાઓ ! દુનિયામાં તમારાં કૃત્યો અનિષ્ટ હતાં તેથી તમારો બદલો જહન્નમ છે.'

આ સાંભળીને ગુનેગારો કહેશે,

'હે અમારા માલિક ! અમારા ગુનાઓ મોટા છે કે તારી માફી (મોટી છે) ?'

અલ્લાહ કહેશે,

'મારી મગ્ફેરત વિશાળ છે.'

તે લોકો કહેશે,

'અમારા ગુનાઓ મોટા છે કે તારી રહમત વિશાળ છે?'

જવાબ મળશે,

'મારી રહમત વિશાળ છે.'

તે વખતે તે લોકો કહેશે,

''હે પરવરદિગાર ! અમારા ગુનાઓ વધારે મોટા છે કે તારી તૌહીદનો એકરાર વધારે ઉચ્ચ કોટિનો છે ?'

જવાબ મળશે,

'મારી તૌહીદનો એકરાર કરવો સર્વોચ્ચ છે.'

તેથી તે લોકો કહેશે,

'હે અમારા પરવરદિગાર ! તારી વિશાળ રહેમત અને મગ્ફેરત કે જે બધી વસ્તુઓ પર છવાયેલી છે, અમને પણ તેના ઘેરાવામાં જગ્યા એનાયત કર.'

અલ્લાહ કહેશે,

'હે મારા ફરિશ્તાઓ! કસમ છે મારી ઈજ્જત અને જલાલની, મેં મારી તૌહીદનો એકરાર કરનારાઓથી વધારે પ્રિય બીજી કોઈ મખ્લૂકનું સર્જન કર્યું નથી, જે લોકો આવો એકરાર કરે છે કે મારા સિવાય બીજો કોઈ ઈબાદતને પાત્ર નથી, મારી ફરજ છે કે હું તૌહીદનો એકરાર કરનારાઓને જહન્નમથી દૂર રાખું. તેથી મારા આ બંદાઓને જન્નતમાં દાખલ કરો.'

*(અમાલી અલ સદુક, મજલિસ-૬૯, હદીસ-૧૦)*

(૧૦) તમારામાંથી અલ્લાહની મા'રેફત સૌથી વધારે એ જ ધરાવે છે કે જે પોતાની જાતને વધારે સારી રીતે ઓળખે છે.

*(રૌઝતુલ વાએઝીન, સફા-૨૦)*

(૧૧) જે અલ્લાહની મા'રેફત પ્રાપ્ત કરે છે તે પોતાની જીભને બેહૂદી વાણીથી સુરક્ષિત રાખે છે અને પેટને હરામનું ખાવાથી બચાવે છે, રાતની ઈબાદતોમાં જાગીને અને રોઝા રાખીને પોતાની જાતને સખત પરિશ્રમમાં નાખે છે.'

*(મજમુઆ વરામ, સફા-૬૬)*

(૧૨) એક માણસ રસૂલ(સ.)ની ખિદમતમાં હાજર થયો અને પૂછ્યું,

'ઈલ્મની સીમા ક્યાં સુધી છે ?'

આપે જવાબમાં ફરમાવ્યું,

'અલ્લાહની એવી મા'રેફત કે જેનાથી મારેફતનો હક અદા થઈ જાય(ત્યાં સુધી).'

તેણે પૂછ્યું, 'મા'રેફતનો હક શું છે ?'

આપે જવાબમાં ફરમાવ્યું,

'તમે તેની ઓળખ કોઈ પણ ઉપમા અને સામ્ય વિના પ્રાપ્ત કરો કે તે ઈબાદતને પાત્ર અને સમર્થ છે, તે એક છે, રચના કરનાર છે, સર્વ પ્રથમ છે, સૌથી આખર છે, તે જાહેર છે અને છૂપો છે, તેનો કોઈ સહયોગી નથી અને ન તો તેનો કોઈ જોડીદાર છે, આજ મા'રેફતનો હક છે.'

*(જામેઅઉલ અખ્બાર, સફા-૬)*

(૧૩) તમારામાંથી ઈમાનમાં સર્વશ્રેષ્ઠ તે જ છે કે જે મા'રેફતમાં શ્રેષ્ઠ છે. *

# ગ ડ મ થ લ ૨૩૦

:::: સંપાદક::::
મો. યાકૂબઅલી ગુલામભાઈ
ખણુશીયા (કનાઈ-વાઘરોલ)


| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ■ | ૪ | |
| | ■ | | ■ | ૫ | | ■ | ૬ | | ■ |
| | ■ | ૭ | | | ■ | ૮ | ■ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | | | | ■ | |
| ■ | | ■ | ૧૪ | | ■ | | ■ | ૧૫ | |
| ૧૬ | | ■ | | ■ | ૧૭ | | ■ | | ■ |
| | ■ | ૧૮ | | | | ■ | ૧૯ | | ૨૦ |
| ૨૧ | ૨૨ | ■ | | ■ | ૨૩ | | ■ | ■ | |
| ■ | | ■ | ■ | ■ | | ■ | ૨૪ | ■ | |
| ૨૫ | | | | ■ | | ■ | ૨૬ | | |

## :::: આડી ચાવીઓ ::::

(૧) પવિત્રતા, નિર્મળતા, શુધ્ધતા (૪)
(૩) અપરાધ, દોષ, ગુનો (૨)
(૪) વૈભવ, પ્રતાપ, શૌકતની સાથે વપરાય છે. (૨)
(૫) દુન્યવી જિંદગીનો અંત (૨)
(૬) અરબીમાં **'પાણી'** માટે વપરાતો શબ્દ (૨)
(૭) ક્ષણો, પળો, **'લમ્હા'**નું બહુવચન (૩)
(૯) મોટી ડફલી, એક ગોળાકાર ચામડુ મઢેલ વાજિંત્ર(૨)
(૧૧) નમાઝમાં કયામ, એક રૂકૂઅ અને બે સિજદાના સમૂહને કહેવાય છે. (૩)
(૧૩) પરસ્પર વિરોધી બે વસ્તુઓ (જન્નત-દોઝખ) વચ્ચેની ત્રીજી જગ્યા અથવા ચીઝ (૪)
(૧૪) દરવાજો, દ્વાર (૨)
(૧૫) ઉત્કંઠા, શોખ (૨)
(૧૬) વાયદો (૨)
(૧૭) સાચું, સત્યનું લઘુ સ્વરૂપ (૨)
(૧૮) **'અકીદા'**નું બહુવચન(૪)
(૧૯) અક્ષર, શબ્દ (૩)
(૨૧) હાર, લાઈન, હરોળ (નમાઝ માટેની) (૨)
(૨૩) અંગરખુ, લાંબું પહેરણ (૨)
(૨૫) મૌલા અલી(અ.)નો પ્રખ્યાત ઘોડો (૪)
(૨૬) તીવ્ર, તેજ, પ્રચંડ કઠણ (ઉર્દૂ શબ્દ) (૩)

## :::: ઊભી ચાવીઓ ::::

(૧) કુરઆનની આયતોનું સ્પષ્ટીકરણ, વિવરણ(૪)
(૨) કૂચ, રવાનગી, મોત (૪)
(૩) પત્ર, કાગળ (૨)
(૪) કદાચ (૩)
(૫) પ્રમાણભુત, વિશ્વાસપાત્ર (૪)
(૮) મહાનતા (૪)
(૧૦) આકાશ, વ્યોમ (૩)
(૧૨) નિયમ, ધારો, કાનૂન (૩)
(૧૪) ચિંતા, ઈચ્છિત, મતલબ (૪)
(૧૫) પતિ, ખાવિંદ (૩)
(૧૬) વારસદાર (૩)
(૧૭) દિલની સચ્ચાઈ (૫)
(૨૦) સહાયતા માટેનો પોકાર, શિકાયત (૪)
(૨૨) અલ્લાહનો અદ્‌લ કરતાં વધારે આપવાનો ગુણ કૃપા (૩)
(૨૪) ખુદા કરે (આવું થયું હોત) (૨)

## ગડમથલ નં.૨૨૯નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | સ | દ | ■ | ૨ અ | ■ | ૩ સા | દે | કી | ૪ ન |
| દ | ■ | ■ | ૫ આ | મી | ન | ■ | ■ | ■ | ક |
| બ | ■ | ૬ હ | ■ | ન | ■ | ■ | ૭ બા | ૮ દ | લ |
| ■ | ■ | ૯ સ | ફ | ■ | ૧૦ અ | શ્ક | ■ | ખ | ■ |
| ૧૧ બ | દ | ન | ■ | ૧૨ બા | બુ | ■ | ૧૩ અ | લ | ૧૪ મ |
| ખ | ■ | ૧૫ ચ | હ્યા | ■ | ૧૬ તુ | ■ | બ | ■ | શ્ક |
| ૧૭ ત | સ્કી | ન | ■ | ૧૮ ક | રા | મ | ત | ■ | ■ |
| ■ | ■ | ■ | ૧૯ ગ | સ | બ | ■ | ક | ■ | ૨૦ યા |
| ૨૧ સા | ■ | ૨૨ શ | ર | ર | ■ | ■ | ■ | ૨૩ વ | સી |
| ૨૪ યા | કૂ | બ | ■ | ત | ■ | ■ | ૨૫ શા | બા | ન |

# અલ્લાહની કદર

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન
જાફરી બાવા સાહેબ(મદ્દે.)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

પારા-૧૭, સૂરા-૨૨, આયત-૭૪

**'તેમણે અલ્લાહની કદર કરી નથી જેવી કે તેની કદર કરવી જોઈએ. બેશક અલ્લાહ મહાન બળવાન છે અને પ્રબળ છે.'**

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહને પોતાના બંદાઓથી સંતોષ નથી. બંદાઓ અલ્લાહની એટલી કદર કરતા નથી કે જેટલી કદર માટે તે યોગ્ય છે.

આમ પણ અલ્લાહ ક્યાં બંદાઓનો મોહતાજ છે કે જો બંદાઓ તેની કદર કરે તો જ તેની યોગ્યતા દેખાય. આસમાન, જમીન, પહાડ, દરિયા, નદીઓ, વૃક્ષો, ચાંદ, સૂરજ, હવા, પાણી તેની મહાનતાની ગવાહીઓ આપે છે.

જ્યારે ધરતીકંપ, જ્વાળામુખી, વાવાઝોડું તેની શક્તિની ગવાહી પૂરે છે. ત્યારે ગમે તેટલો ઈન્કાર કરનાર માણસ પણ તેની આ શક્તિની સામે લાચાર બની જાય છે. માણસ અલ્લાહને માને કે ન માને પરંતુ હૃદય તો તેનો સ્વીકાર કરે જ છે કે કોઈ એવી મહાન વસ્તુ છે કે જેને ભૂલી શકાય તેમ નથી.

પારા-૨૭, સૂરા-૫૬, આયત-૬૩, ૬૪, ૬૫, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૩

**'શું તમે જે બીજ વાવો છો તેના પર વિચાર કર્યો ? શું તમે તેને ઉગાડો છો કે અમે ઉગાડનારા છીએ ? અગર અમે ઈચ્છીએ તો તેનો (પાકવા પહેલાં જ) ભૂક્કે ભૂક્કો કરી નાખીએ છીએ પછી તમે અંચબો કરતા જ રહી જાઓ.**

**ભલા તમે જે પાણી પીઓ છો તેના વિષે પણ (કદી) વિચાર કર્યો છે ? શું તે વાદળાઓથી તમોએ ઊતાર્યું છે કે તેના ઊતારનારા અમે છીએ? અગર અમે ઈચ્છીએ તો તેને ખારું કરી નાખીએ ત્યારે તમે શા માટે આભાર માનતા નથી ?**

**ભલા તમોએ તે આગ વિષે પણ વિચાર કર્યો છે કે જે તમે સળગાવો છો ? શું તેના બળતણ માટે ઝાડ તમે પેદા કર્યાં છે કે તેના પેદા કરનારા અમે છીએ ? અમોએ તે આગને જહન્નમની આગની યાદ દેવડાવનારી અને મુસાફરો માટે લાભદાયક વસ્તુ બનાવી છે.'**

ઉપરની આયતોથી જાણવા મળ્યું કે જમીનમાં બીજ ઉગાડવાની શક્તિ અલ્લાહે આપી છે. પાણી કે જે પીવાના ઉપયોગમાં આવે છે તેને વાદળમાંથી ઉતારનાર અલ્લાહ છે કે જેણે તેને મીઠુ બનાવ્યું છે. નહિતર અલ્લાહ ઈચ્છત તો તેને ખારું પણ કરી નાખત પરંતુ તેને પોતાના બંદાના જીવનમાં ઉપયોગમાં આવે એટલે મીઠુ બનાવ્યું.

આગને પણ અલ્લાહે બનાવી છે કે જેનાથી ખોરાકને રાંધી શકાય છે અને તેના માટે બળતણનું લાકડું બનાવ્યું છે કે જેનાથી આગ સળગાવી શકાય છે. આ બધી અલ્લાહે પોતાના બંદાના જીવનમાં ઉપયોગી થાય તેવી વસ્તુઓ પેદા કરી છે જેથી દુનિયામાં તે સુખેથી જીવન પસાર કરે.

પારા-૧૭, સૂરા-૨૨, આયત-૭૩

**'હે લોકો ! એક દાખલો વર્ણવામાં આવે છે તે ધ્યાનપૂર્વક સાંભળી લો, એમાં સંદેહ નથી કે જેમને તમે અલ્લાહના સિવાય પોકારો છો તેઓ એક માખી પણ પેદા કરી શકતા નથી પછી ભલેને તે માટે તેઓ સઘળા એકત્ર થઈ જાય અને તેમની પાસેથી માખી કોઈ વસ્તુ ખૂંચવીને લઈ જાય તો પણ તેઓ તેની પાસેથી તે વસ્તુ છોડાવી શકવાના નથી.**

**સારાંશ કે માગનાર અને જેમની પાસે માગવામાં આવે છે, (તે મા'બૂદો) તેઓ બન્ને નિર્બળ છે.'**

આ આયતથી જાણવા મળ્યું કે કેટલાક માણસો મુસીબતના સમયે અલ્લાહને મૂકીને, પોતે જેમને મોટા માની લીધા છે તેમને પોકારે છે. અલ્લાહ ફરમાવે છે કે તેમનામાં એક માખી પેદા કરવાની પણ શક્તિ નથી અને માખી તેમની પાસેથી કોઈ વસ્તુ લઈ જાય તો તેનાથી છોડાવવાની પણ શક્તિ નથી. એવા લાચાર પાસેથી માણસ અલ્લાહ જેવી આશા રાખે છે. આમ અલ્લાહ સિવાય પોતાના બનાવેલાથી આશા રાખવી અલ્લાહની બેકદરી છે. પરંતુ આવી રીતે વર્તવાથી અલ્લાહને નુકસાન નથી પરંતુ અલ્લાહને છોડનારને નુકસાન છે. તેનાથી તે લાભ લઈ શકતો નથી.

પારા-૧૫, સૂરા-૧૭, આયત-૨૩, ૨૪

**'અને તારા પરવરદિગારે તદ્દન છેવટનો હુકમ આપી દીધો છે કે તમે તેના સિવાય બીજા કોઈની ઈબાદત કરો નહીં અને મા-બાપ સાથે નેકી કરતા રહો અગર તેઓ બન્નેમાંથી એક અથવા બન્ને તારી સામે વૃધ્ધાવસ્થાએ પહોંચી જાય (અને કોઈ કારણે તારા પર ક્રોધે ભરાય) તો તેમની સામે ઉફ પણ ન કર તેમજ તેમને તરછોડ પણ નહીં અને તેમની સાથે માયાળુપણે વાત કર. અને તેમની પાસે નમ્રતાનો બાઝૂ માયાળુપણે ઝુકાવ અને આ(વું) કહ્યા કર કે હે મારા પરવરદિગાર ! આ બન્ને ઉપર એવી જ કૃપા ફરમાવ જેવી કે આ બન્નેએ મને નાનપણથી ઉછેરવામાં (કૃપા) કરી હતી.'**

પારા-૨૧, સૂરા-૩૧, આયત-૧૪

**'અને અમોએ મનુષ્યને તેના મા-બાપના સંબંધમાં આ કારણે કે તેની માએ દુ:ખ પર દુ:ખ સહન કરીને તેને ગર્ભમાં રાખ્યો અને (પેદા થવાના) બે વર્ષ બાદ તેનું દૂધ છૂટ્યું, (ત્યારે) આ હુકમ કર્યો કે તું મારો આભાર માનનારો થા અને તારા માતાપિતાનો પણ, (છેવટનું) પાછા ફરવું મારી જ તરફ થશે.'**

ઉપરની આયતોથી જાણવા મળ્યું કે અલ્લાહે દરેક મનુષ્યને પોતાના મા-બાપ સાથે નેકી કરવાનો હુકમ આપ્યો છે. વળી ઘડપણમાં પણ તેમને તરછોડવાનું કહ્યું નથી, તેમની સામે ઉફ પણ કરવાનું કહ્યું નથી અને અલ્લાહ સાથે મા-બાપનો પણ આભાર માનવાનું કહ્યું કારણ કે અલ્લાહે જ મા-બાપમાં પોતાની ઓલાદ માટે પ્રેમ મૂક્યો છે તેથી તેઓ પોતાના બાળકનું દુ:ખ સહન કરીને પણ તેનો ઉછેર કરે છે. જો કોઈ મનુષ્ય પોતાના મા-બાપને તરછોડીને બીજાને તેમની જગ્યાએ માનીને સેવા કરશે તો તેને મા-બાપ જેવી હૂંફ મળવાની નથી. અને જો મા-બાપને તરછોડી દે તો એણે અલ્લાહે બનાવેલા મા-બાપને તરછોડીને અલ્લાહની કદર કરી નથી એવું કહેવાશે. એને પોતાને નુકસાન થશે અને અલ્લાહની નારાજગી મળશે.

પારા-૨૧, સૂરા-૩૦, આયત-૨૧

**'અને તેની નિશાનીઓમાંથી આ પણ એક છે કે તમારા માટે તમારી જાતિની પત્નીઓ પેદા કરી કે જેથી તમે તેમની પાસે જઈ રાહત મેળવો અને તમારા ઉભય વચ્ચે પ્રેમ અને મમતા પેદા કરી. નિ:સંશય તે લોકો માટે કે જેઓ ચિંતન કરે છે, એમાં ઘણી નિશાનીઓ મોજુદ છે.'**

ઉપરની આયત ઉપરથી જાણવા મળ્યું કે પુરૂષની જ્ઞાતિમાંથી પત્નીઓ અલ્લાહે પેદા કરી છે કે જેથી તેમની પાસેથી પુરૂષને રાહત મળે અને પતિ-પત્ની વચ્ચે પ્રેમ અને મમતા પેદા કરી.

પારા-૪, સૂરા-૪, આયત-૧૯

**'અને પત્નીઓ જોડે સદવર્તન કરો, જો એ તમને પસંદ ન હોય તો પણ કેમકે સંભવિત છે કે તમે જે વસ્તુને પસંદ ન કરતા**

**હો તેમાં કદાચને અલ્લાહે પુષ્કળ ખૂબીઓ રાખી હોય.'**

આ આયતથી જાણવા મળ્યું કે પત્ની જોડે સદવર્તન કરવાનો અલ્લાહનો હુકમ છે. તો જો અલ્લાહના ખાતર પત્ની જોડે પ્રેમથી રહીએ અને સદવર્તન કરીએ તો તે અલ્લાહની કદર કરી કહેવાશે અને જો અલ્લાહની નાફરમાની કરીને પત્નીઓને તરછોડી દઈએ તો આપણે અલ્લાહની કદર ન કરી તેમ ગણાશે અને બીજાથી એવો લાભ મળશે નહીં કે જેવો પત્નીથી મળે છે.

પારા-૧૫, સૂરા-૧૮, આયત-૨૭

**'અને તારા પરવરદિગારની કિતાબમાંથી તારા તરફ જે કાંઈ વહી કરવામાં આવ્યું છે તે પઢ્યા કર, તેના બોલોને બદલનાર કોઈ નથી અને તને તેના સિવાય પનાહનું સ્થાન બીજે ક્યાંય નહીં મળે.'**

પારા-૧૫, સૂરા-૧૭, આયત-૮૨

**'અને કુરાનમાંથી અમે તે વસ્તુ ઉતારીએ છીએ કે જે મોમિનો માટે શિફા (આરોગ્યતા) અને રહેમત છે અને (એ જ વસ્તુઓ) જુલમગારો માટે હાનિ વધારી મૂકનાર સિવાય કાંઈ નથી.'**

પારા-૭, સૂરા-૬, આયત-૬૬

**'અને તારી કોમ તે કુરાનને જૂઠલાવે છે જો કે તે સત્ય જ (હક) છે, તું કહે કે હું તમારા પર દેખરેખ રાખનારો નથી જ.'**

પારા-૧૯, સૂરા-૨૫, આયત-૩૦

**'અને તે વખતે રસૂલ(સ.) ફરમાવશે કે હે મારા પરવરદિગાર ! નિઃસંશય મારી કોમે આ કુરાનને તદ્દન ત્યાગી દીધું હતું.'**

ઉપરની આયતો ઉપરથી જાણવા મળ્યું કે અલ્લાહે એવું કુરાન નાઝિલ ફરમાવ્યું છે કે જેના બોલોને કોઈ બદલનાર નથી અને લોકો માટે પનાહની જગ્યા છે. મોમિનો માટે રોગથી મુક્તિ અને રહેમત છે. તેમ છતાં રસૂલ(સ.)ની કોમે તેને જૂઠલાવ્યું જ્યારે કે તે હક છે. રસૂલ(સ.) કયામતમાં અલ્લાહથી શિકાયત કરશે કે મારી કોમે ખરેખર તો આ કુરાનને ત્યાગી દીધું હતું.

તો જે લોકોએ કુરાન પર ઈમાન સાચવી રાખ્યું તેમણે અલ્લાહની કદર કરી અને જેમણે કુરાનને જૂઠલાવ્યું અને ત્યાગી દીધું તેમણે અલ્લાહની કદર કરી નહીં.

કુરાને મજીદમાં જે અલમ નશ્રાની સૂરતમાં છે અને જેના શબ્દો છે :

**ફઈઝા ફરગતા ફનસબ વઈલા રબ્બેકા ફરગબ.**

એહલે સુન્નતના મહાન આલિમ અલ્લામા જલાલુદ્દીન સિયુતીએ પોતાની દુર્રે મન્સૂર નામની તફસીરમાં આ આયતની સમજૂતી આપતાં લખ્યું છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ તો આપે એ જ હજ દરમિયાન અરફાના દિવસે કસૂરી નામની ઊંટડી પર સવાર થઈને પોતાની કોમ સમક્ષ ખિતાબ કરીને ફરમાવ્યું કે **અય્યોહન્નાસ !** હવે મારી વફાતનો વખત નજીક આવી ગયો છે પરંતુ હું તમારી હિદાયત અને રહેબરીથી ગાફેલ નથી. હું તમારી હિદાયત અને આગેવાની માટે તમારામાં બે અમૂલ્ય વસ્તુઓ મૂકતો જાઉં છું. જો મારા પછી તમે

---

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

૨૦

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

رَبَّنَاۤ اٰتِنَا مِنۡ لَّدُنۡکَ رَحۡمَۃً وَّ ہَیِّیٔۡ لَنَا مِنۡ اَمۡرِنَا رَشَدًا ﴿۱۰﴾

**રબ્બના આતેના મિલ્લદુન્ક રહમતંવ વ હય્યી લના મિન અમ્રેના રશદા.**

(પારો-૧૫, સૂરએ કહ્ફ, આયત-૧૦)

અર્થ : અય અમારા પરવરદિગાર ! અમને તારી પાસેથી દયા અર્પણ કર અને અમારા કાર્યોમાં અમને સફળતા આપ. *

મારી આ બન્ને અમૂલ્ય બક્ષિસો રૂપી વસ્તુઓને તમારા આગેવાનો અને હાદી બનાવશો તો કદાપિ ગેરમાર્ગે દોરવાશો નહીં કે ગુમરાહ થશો નહીં. આ બે અમૂલ્ય બક્ષિસોમાં એક ખુદાની કિતાબ (કુરાન) છે અને બીજી વસ્તુ તો મારી ઓલાદ અને એહલેબયત છે. યાદ રહે કે આ બન્ને વસ્તુઓમાં કદાપિ જુદાઈ પડશે નહીં, એટલે સુધી કે આ બન્ને વસ્તુઓ મને હૌઝે કૌસર ઉપર આવીને મળશે. તેથી તમે આ બે વસ્તુઓની અદબ રાખો. એ વાતનો ખ્યાલ રાખજો કે મારા પછી તમે એમનાથી કેવી રીતે વર્તાવ કરો છો.

ત્યાર બાદ અલ્લામા જલાલુદ્દીન સિયુતીએ તેમની તફસીર દુર્રે મન્સૂરમાં લખ્યું છે કે હુઝૂર(સ.)એ આ તકરીર ફરમાવ્યા પછી એવી જાહેરાત કરી કે હું મદીના મુનવ્વરા પહોંચતાંની સાથે જ હઝરત અલી(અ.)ને મારા ખલીફા તરીકે કાયદેસર જાહેર કરીશ. પરંતુ હજની સમાપ્તિ પછી હઝરત રસૂલે(સ.) મદીના મુનવ્વરા પાછા ફરી રહ્યા હતા ત્યારે રસ્તામાં આપની સવારી ૧૮, ઝિલહજ હિજરી સન-૧૦ (૨૧ માર્ચ, ઈ.સ.૬૩૨) ગુરૂવારના દિવસે ખુમે ગદીર નામના સ્થળે પહોંચી કે જ્યાંથી જુદી જુદી દિશામાં લોકો વિખરાઈ જવાના હતા અને આ એક જ સ્થળ હતું કે જ્યાં પૂરો કાફલો આપની સાથે રહી શકતો હતો તેથી લોકો જુદા પડે તે પહેલાં જિબ્રઈલે અમીન કુરાનની આ આયત લઈને આવી પહોંચ્યા.

સૂરએ માએદા, આયત-૬૭

**'યા અય્યોહર રસૂલો બલ્લીગ માઉનઝેલ એલયક મીર રબ્બેક વ ઈલ્લમ તફ અલ ફમા બલ્લગતા રિસાલતહુ વલ્લાહો યાઅ્સેમોક મેનન્નાસ ઈન્નલ્લાહ લા યહદિલ કૌમલ કાફેરીન.'**

અર્થાત : 'અય રસૂલ (સ.) ! જે ફરમાન આપને રબ તરફથી મળ્યું છે તેની જાહેરાત કરી દો. જો તમે તેની જાહેરાત ન કરી તો જાણે કે તમે તમારી રિસાલતની કોઈ પણ ફરજ અદા કરી નથી તેમ લેખાશે. અલ્લાહ(સુ.વ.ત.) આપને દુશ્મનોના ફરેબ તથા પ્રપંચજાળથી બચાવી લેશે. અલ્લાહ (સુ.વ.ત.) કાફરોને હિદાયત ફરમાવતો નથી.'

આ હુકમ આપ્યા પછી બધા લોકોને ભેગા કરીને હઝરત રસૂલ(સ.) અલ્લાહની હમ્દ પઢ્યા પછી અલ્લાહ(સુ.વ.ત.) ના ફરમાનની જાહેરાત કરતાં કહ્યું હતું કે અલ્લાહ(સુ.વ.ત.)એ હઝરત અલી(અ.)ને મારા વસી અને ઉમ્મતમાં ઈમામ તરીકે મુકર્રર કર્યા છે તેથી હઝરત અલી(અ.)ની તાબેદારી દરેક મુસલમાન ઉપર વાજિબ છે અને આગળ ઉમેરતાં ફરમાવ્યું હતું કે હું તમને લોકોને ખબરદાર કરી દઉં છું કે જે મુસલમાન હઝરત અલી(અ.)ની ઈમામતનો સ્વીકાર કરશે એમના સાથે ખુદાવંદે આલમ પ્રેમ રાખશે અને આખેરતમાં રહેમ ફરમાવશે અને તેને બક્ષી દેશે અને જે કોઈ મારા વસી હઝરત અલી(અ.)ની ઈમામતનો અને વસીપણાનો ઈન્કાર કરશે, તેમનાથી બેવફાઈ કરશે તેના ઉપર જહન્નમનો અઝાબ ખાત્રીપૂર્વક ઉતારવામાં આવશે અને તેનું ઠેકાણું જહન્નમ હશે.

ઉપરની આયતો અને રિવાયતોને જોતાં આપણને જાણવા મળ્યું કે અલ્લાહે પોતાનો તાકીદી હુકમ રસૂલ(સ.) પર મોકલ્યો હતો કે જો તેની જાહેરાત ન કરે તો જાણે કે આપ(સ.)એ અલ્લાહની રિસાલતની કોઈ પણ ફરજ અદા નથી કરી. રસૂલ(સ.)ની દરેક મહેનત બેકાર થઈ જાત. એનાથી આપણે જાણી શકીએ કે જો એ હઝરત અલી(અ.)ની ઈમામત અને વસીય્યતના હુકમને લોકો સુધી ન પહોંચાડવામાં આવ્યો હોત તો જાણે કે રસૂલ(સ.)એ અલ્લાહનું કોઈ કામ જ કર્યું નથી.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો.**

તો પછી આપણે ગુનેગાર માણસો જો અલ્લાહે બતાવેલી દરેક ઈબાદતો નમાઝ, રોઝા, હજ, ઝકાત વગેરે અદા કરીએ પરંતુ જો હઝરત અલી(અ.)ને પોતાના ઈમામ તરીકે ન માનીએ તો આપણી ઈબાદતો ક્યાંથી કબૂલ થવાની? એમ જ કહેવાશે ને કે આપણે અલ્લાહની કોઈ ઈબાદત જ કરી નથી.

તો લોકોએ રસૂલ(સ.)ના મોઢે રૂબરૂ હઝરત અલી(અ.)ના ફઝાએલ સાંભળ્યા પછી પણ તેને મહત્વ ન આપ્યું.

રસૂલ(સ.)ની ઉમ્મતે જેમ કુરાનને જૂઠલાવ્યું અને ત્યાગી દીધું તેવી રીતે રસૂલ(સ.)ની એહલેબયતને પણ ઉમ્મતે જૂઠલાવ્યાં અને ત્યાગી દીધાં અને એવી રીતે અલ્લાહના ફરમાનને મહત્વ ન આપ્યું. તેને તુચ્છ સમજીને કદર કરી નહીં. માટે જ અલ્લાહ ફરમાવે છે કે જેવી અલ્લાહની કદર થવી જોઈએ તેવી કરી નથી.

અલ્લાહની કદર અને આપણી કદરમાં ઘણો જ ફરક છે. આપણે એવા છીએ કે જો આપણાં સારાં કાર્યોની કદર ન થાય તો આપણને નુકસાન થાય છે. આપણને ઈનામ, ઈકરામ મળતાં નથી. જ્યારે અલ્લાહની કદર ન થાય તો અલ્લાહને જરા ય નુકસાન નથી. અલ્લાહનું કંઈ માન ઓછું થઈ જતું નથી કે તેની મહાનતામાં કાંઈ ફેર પડતો નથી. પરંતુ અલ્લાહની કદર ન કરનારને જ નુકસાન છે.

અલ્લાહે જમીન, પાણી, આગ, મનુષ્યના ઉપયોગ માટે બનાવ્યાં કે જેથી જમીનમાં તે ખેતી કરી શકે, પાણીથી જીવન ટકાવી શકાય છે અને સ્વચ્છ રહી શકાય છે, આગથી રાંધી શકાય છે અને રક્ષણ મેળવી શકાય છે. જો મનુષ્ય આ વસ્તુઆનો ઉપયોગ ન કરે તો તેને પોતાને જ નુકસાન છે.

એવી જ રીતે તેણે મા-બાપ, પત્ની વગેરેમાં એવા ગુણ મૂકેલા છે કે જેથી મનુષ્યને જીવન જીવવામાં હૂંફ મળે. એમના સિવાય બીજે ફાંફાં મારે તો તેને જીવનની હૂંફ મળશે નહીં.

અલ્લાહે કુરાન નાઝિલ કર્યું કે જેમાં ઈમાન ધરાવનાર માટે પનાહ મળે, તંદુરસ્તી મળે, રહેમત મળે, હક મળે પરંતુ જો તેને તુચ્છ સમજીને બીજી કિતાબોમાં આ વસ્તુ શોધે તો તેને નિરાશ થવું પડશે.

જો એહલેબયતને પોતાના ઈમામ માની લેવામાં આવે તો તેમના ઈલ્મ, મદદ વડે શેતાનથી રક્ષણ મળશે, અલ્લાહની રહેમત મળશે, બક્ષિસ મળશે અને જો એમને તુચ્છ સમજીને ગમે તેવા અજાણ્યાને તેમના સમકક્ષ માનવામાં આવે તો એહલેબયતના જેવો જીવનનો સંતોષ અને ફૈઝ નહીં મળે. માટે જો આપણે અલ્લાહની અને અલ્લાહે બનાવેલા કે મોકલેલા કુરાન અને એહલેબયતને અપનાવીશું, તેમની કદર કરીશું તો લોકોમાં આપણું માન વધશે અને જો આપણે તેમની કદર નહીં કરીએ તો તેમને તો કોઈ નુકસાન નથી પરંતુ આપણી આબરૂ જતી રહેશે.

હવે તમારી મોમિન કોમની વાત કરીએ તો તમારી મોમિન કોમની હિદાયત માટે એક સિલસિલો અલ્લાહ તરફથી મુકર્રર કરવામાં આવ્યો છે. તમારી કોમના લોકોએ ભેગા થઈને પીર બનાવ્યા નથી. તો એનો અર્થ એ છે કે જો તમે પીરને મહત્વ આપશો, તેમના બતાવેલા માર્ગ પ્રમાણે ચાલશો, તો તમારું માન પણ લોકોમાં વધશે અને જો તમે અલ્લાહ (સુ.વ.ત.) તરફથી મુકર્રર કરેલા પીરોના સિલસિલાને તુચ્છ સમજીને ગમે તેને, પોતાને ગમતા હોય તેવા લોકોને માન આપશો તો તમારું માન પણ લોકોમાં રહેશે નહીં કારણ કે અલ્લાહની જે કદર કરવી જોઈએ તેવી કદર તમે કરી નહીં તેથી તમારી પણ કદર લોકોના દિલોમાં રહેશે નહીં.*


## અનુભવી માણસ જોઈએ છે.

અમદાવાદમાં મેડીકલ સ્ટોર્સ માટે અનુભવી માણસ જોઈએ છે. રહેવા, જમવાની સગવડ મળશે.

સંપર્ક : ૯૪૨૭૯૫૫૧૧૫

# આરોગ્યની સાચવણી

**'Prevention is better than cure.'**

## સ્તનપાન

(ગતાંકનું ચાલુ)

ગુજરાતમાં ધરમપુર (વસલાડ)માં કાર્યરત આર્ચ (Action Reserch in Community Health) સંસ્થા કે જે ગ્રામીણ અને સ્ત્રી રોગ વિષે સુવિધાનું કામ કરે છે, તે સંસ્થા દ્વારા પ્રકાશિત સાહિત્યમાં પણ લખેલ છે કે બાળ જન્મ પછી તુરંત બાળકને સ્તનપાન કરાવવું જોઈએ. જન્મ પછી શરૂમાં એકાદ કલાક બાળક જાગતું હોય છે ત્યાર પછી ઊંઘી જાય છે જેથી જેમ બને તેમ જલ્દીથી બાળકને માની છાતીએ લગાડવું જોઈએ.

ઘણી જગ્યાએ બાળકને બે ત્રણ દિવસ સુધી ગોળ, ખાંડ, ઘી અથવા મધની ઘુટ્ટી આપવામાં આવે છે કે જેને આપણે ગળથુંથી પણ કહીએ છીએ કે જેનાથી બાળકને ઝાડા અથવા અપચો થઈ શકે છે. તેની જગ્યાએ માનું ધાવણ જ આપવું જોઈએ કારણ કે પ્રથમ દિવસે માના ધાવણમાં પીળુ દૂધ (ચીક) આવતું હોય છે. તે વાસ્તવમાં ખૂબ જ ગુણકારી હોય છે અને એનાથી બાળકને ઝાડા, ખાંસી જેવી બીમારીથી રક્ષણ મળે છે અને આવા ચીકના નિકાલ પછી ધાવણ પણ છૂટથી આવવા લાગે છે.

ટૂંકમાં જન્મ પછી બાળકને જેમ બને તેમ જલ્દીથી ધવડાવવું જોઈએ. ખાંડ, મધ કે અન્ય ઘુટ્ટી ઉપરાંત ગ્રાઈપ વૉટર, શક્તિની દવા કે બાટલી પણ આપવાની કંઈ ખાસ જરૂર નથી કારણ કે માતાના દૂધમાં દરેક જરૂરી પોષક તત્વો કુદરતી રીતે જ સમાયેલાં હોય છે. બાળકને ૬ મહિના સુધી ફક્ત ધાવણ સિવાય કંઈ પણ ન આપો તો ય ચાલે, એટલે સુધી કે ૬ મહિના સુધી પાણી પણ ન આપો તો પણ ચાલે કારણ કે પાણીની જરૂરિયાત બાળકને માતાના દૂધમાંથી મળી રહે છે.

બાળક જ્યારે ભૂખ્યું થાય છે ત્યારે રડવા માંડે છે તેથી રડે ત્યારે ધાવણ આપવું જ જોઈએ. સામાન્ય રીતે દિવસમાં ૫ થી ૬ વાર અને રાત્રે ૨ થી ૩ વાર ધાવણ આપવું જોઈએ. બાળક એક વાર ધાવવામાં લગભગ ૧૦ થી ૧૫ મિનિટ લેતું હોય છે. કામકાજની કે અન્ય ઉતાવળને કારણે અધુરું સ્તનપાન ન કરાવવું જોઈએ કારણ કે શરૂઆતના ધાવણમાં પ્રોટીન, કાર્બોદિત, વિટામીન જેવાં તત્વો વધુ હોય છે અને પાછળના ધાવણમાં ચરબી વધુ હોય છે, જે બન્ને બાબત બાળક માટે જરૂરી છે.

બાળક માટે જરૂરી ધાવણ લગભગ માતાના સ્તનોમાંથી આવતું હોય છે. આ માટે કંઈ ખાસ દવા જરૂરી નથી અને આ બાબત ચિંતાજનક નથી. કદાચ ચિંતા કરવાથી ધાવણ ઓછું પણ થઈ શકે. જો બાળક દિવસ દરમિયાન ૬ થી ૭ વાર પેશાબ કરે અને પેશાબનો રંગ આછો પીળો હોય તો સમજવું જોઈએ કે બાળક માટે ધારણ પૂરતું છે.

માતાનું ધાવણ બાળકની દરેક જરૂરિયાત પૂરી કરે છે માટે કોઈ ખાસ તકલીફ ન હોય તો શરીઅતી કાનૂન મુજબ જે સમય આપેલ છે તે પૂરો કરવો જ જોઈએ. આ ઉપરાંત માતાની સામાન્ય બીમારી જેવી કે તાવ, શરદી, ખાંસીમાં પણ બાળકને ધવડાવવું જોઈએ કારણ કે આવી બીમારીથી બાળકને મળતા દૂધ દ્વારા કોઈ તકલીફ થતી જ નથી. જો બાળકને ઝાડા કે પેટમાં ગરબડ હોય તો તે અન્ય ચેપના કારણે થઈ શકે પરંતુ માતાના દૂધથી એવું થતું નથી.

અત્રે એ બાબત પણ ઉલ્લેખનીય છે કે માતા જ્યારે TLCN (ટ્યુબલક લોસીસ ક્રોનિક નેફ્ટીસ) કિડનીની ગંભીર પ્રકારની બીમારી અથવા મેન્ટલી ડીસઓર્ડરથી પીડિત હોય તો અથવા અત્યંત ભયંકર ચેપી રોગ લાગું પડેલ હોય તેવા સંજોગોમાં બાળકને ન ધવડાવવું જોઈએ. માતાનું મૃત્યુ થતાં અથવા કુદરતી રીતે બધી જ કોશિશ કરવા છતાં સ્તનપાન કરાવવું શક્ય ન હોય તો તેવા સંજોગોમાં જ ઉપરથી દૂધ આપવું જોઈએ. કેટલાક સમાજમાં આવા સંજોગોમાં બીજી માતાનું દૂધ આપવાની પ્રથા પણ છે જે સારી બાબત કહી શકાય. આવો જ રિવાજ પ્રાચીન અરબ જગતમાં પણ પ્રચલિત હતો જેમાં બાળકને ધવડાવવા માટે નિરોગી દાઈ રાખવામાં આવતી. (ક્રમશઃ)

(મોમિન મેડીકલ સહાય યોજનાના નિષ્ણાત ડોકટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના આધારે)

સંપર્ક માટે : મો.શબ્બીરભાઈ નેદરીયા મો.૯૮૨૫૪૧૫૩૨૯

# Identity of a Momin

---

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

---

Dear All,

Assalam,

It has been more than an year that I have started sharing my articles with you all. The idea behind this is to have a good Quran based reading and in turn it might help us in understanding various issues related to Quran and Ahl-ul-bait, which is really important for us to know.

When we look at the life of holy Prophet (SAW) and look at the Quran we can find similarities with Hazrat Zakaria (A.S), the care-taker of Baitul Muqaddas, being a guardian of Bibi Mariam (A.S) with Hazrat Abu Talib (A.S), the care-taker of Ka'aba being the guardian of holy Prophet (SAW). Still some of us feel that he was a non-believer. The point worth pondering upon here is why did Allah (SWT) give this distinction to Abu Talib (A.S) if he was a non-believer as certain section of people believe?

It is a great sin to comment on any ordinary person's faith without knowing the actual fact, so if somebody comments on the faith of Abu Talib (A.S), the care taker of Ka'aba and guardian of the holy Prophet (SAW) would not it be a great sin?

In the light of Quran I have tried understanding the life of Abu Talib (A.S), so that we all know and understand his contribution in propagating Islam. And this practice will help all of us to avoid getting misguided by certain section of people.

Hope to continue doing this till Allah (SWT) Wishes.

Best regards,

Nadeem

# <u>Identity of a Momin</u>

*A man is hidden behind the following two aspects of his personality:*

- *His Belief*
- *His Conduct*

*His beliefs cannot be seen by the human eye but we can recognize them on the basis of his actions. Thus* ***his conduct*** *is the mirror which* ***reflects his beliefs****.*

*Consider this, if I consider myself as your friend,* ***unless I help*** *you when you need me the most, you* ***might not come to know about my feelings****. But once I came to your rescue* ***<u>you would know me as your true friend</u>*** *even if I* ***did not acknowledge this verbally****. My* ***deed spoke what words had not.*** *But if somebody, after making many false promises fails you; you would not consider him to be your friend any more. Thus here again* ***what mattered was his action and not his promises.*** *That is why the English idiom aptly says '****Actions speak louder than words'.***

➔ Thus if we wish to know how a person is we need to observe his conduct. **It will reveal his true identity.** In that sense even in Islam, the parameter of differentiation between a believer *(Momin)* and a non-believer *(Kafir)* is the conduct of an individual. His actions speak a great deal about his faith. With this article we will try to establish this inference.

Let us see what Allah (SWT) says about faith in Quran:

- *"Kya logon ne ye samajh liya hai* ***(sirf) itna keh dene se ke hum imaan laye****, chhod diye jayenge aur* ***unnka imtihaan na liya jayega*** *aur Humne to unn logon ka bhi Imtihaan liya jo unn se pehle guzar gaye garaz* ***Khuda unn logon ko jo sacche hain yaqinan alaheda dekhega aur jhoothon ko bhi zaroor dekhega."*** *– (Surah-e-Ankabut, ayah 2-3)*

  *"(Do people think that once they say,* ***'We believe,'*** *they will be left alone and* ***not be put to the test?*** *We certainly* ***tried those who have gone before them****, so God will certainly* ***distinguish between those who are truthful*** *and those* ***who are lying****.)"*

Mere verbal acceptance of faith is not considered anything by Allah (SWT) and He puts to test all the people who claim to be believers. He differentiates a believer *(Momin)* from a non-believer *(Kafir)* after trying their faiths. Hence **Allah (SWT) gives importance to conduct and action instead of words.**

We will now see the following two ayahs from Surah-e-Tawba:

- *"Aur Musalmanon **yeh log to Khuda ki qasmein khayenge** ke **woh tum main hi ke hain halanke woh log tum main ke nahin hain**. Magar **hain yeh log buuzdil** ke agar kahin ye log panah ki jagah (Kila'a) ya chhupne ke liye ghaar ya ghus bhaithne ki koi aur jagah pajayen to usi taraf rassiyan todte hue bhaag jayen." – (Surah-e-Tawba, ayah 56-57)*

  *"(**They swear by God that they are believers like you**; **but they are not. They are afraid** (to appear in their true colours): if they could find a place of refuge, or a cave or any hiding-place, they would run there with frantic haste.)"*

➔The above ayah discusses certain hypocrites who **claimed to be believers** but **they were coward and Allah (SWT) detests their actions.** It further substantiates our inference that the believer is judged solely on the basis of his **deeds and actions.** And **a believer *(Momin)* is brave in his conduct** and **ready to sacrifice everything for the cause of Allah.**

Having inferred this now let us see the life of Abu Talib (A.S). There are differences amongst Muslims related to the faith of Abu Talib (A.S); some people conveniently forget **what he did for Islam and the holy Prophet (SAW**) and they consider him as a non-believer as they cannot find any documented proof of his reciting ***'Kalema'*** on the deathbed. Let us see what Quran has to say on this:

- *"Aur Hum ne Bani Israel ko dariya ke uss par kardiya phir Firaun aur uss lashkar ne sarkashi ki aur shararat se unn ka peechha kiya **yahan tak ke jab woh doobne laga to kehne laga ke jis Khuda per Bani Israel imaan laaye hain main bhi uss per imaan laata hoon. Uss ke siwa koi Ma'abud nahin aur main farmabardar bandon se hoon**. Ab (marne ke waqt imaan laata hai) halaanke **isse pehle tu nafarmani kar chuka aur tu to fasadiyon main se tha**." - (Surah-e-Yunus, ayah 90-91)*

  *"(So We brought the Children of Israel across the river. Pharaoh and his troops pursued them arrogantly and aggressively. When he was about to drown, [Pharaoh] exclaimed, **'I believe that there is no deity save Him in whom the Children of Israel believe, and I am of those who surrender themselves to Him!'** 'Only now? When **you had always been a rebel, and a wrongdoer.**)"*

In his entire life Firaun did everything **to oppose Musa (A.S), the prophet of his time**. He created hurdles and harassed the Bani Israel and thus he was rebel and a wrongdoer throughout his life. His **showcasing faith in Allah (SWT) on his deathbed did not give him any benefit** and he **remained a *'Kafir'* and died so.**

On the contrary Abu Talib (A.S) did everything to **protect Mohammed (SAW) - the last prophet,** from the pagans of Arab. He helped the Prophet (pbuh) in his mission and was his guardian. After all his efforts do you still feel that Allah (SWT) would have waited for Abu Talib (A.S) to recite a '***Kalema'*** to accept his faith and services? Did not his **deeds speak a lot about his love for the Prophet (pbuh) and his belief in the religion of Islam**?

We have understood that Allah (SWT) judges people on the basis of their deeds in the light of various ayahs which we have contemplated upon. Now Let us see those deeds which Allah (SWT) likes the most:

- *"Madina ke rehne walon aur unn ke gardo nawah dehatiyon ko* ***yeh jaaiz na tha ke Rasool-e-Khuda ka saath chhod dein aur na ye (jaaiz tha) ke Rasool (SAW) ki jaan se be-parwah ho kar apni jaanon ke bachane ki fikr karein,*** *ye hukm us sabab se tha ke unn (jihad karne walon) ko Khuda ki raah mein jo taklif pyaas ki mehnat ya bhook ki shiddat ki pahonchti hai ya aisi raah chalte hain jo kuffar ke ghaiz or ghazab ka baais ho ya kisi dushman se kuch yeh log haasil karte hain to* ***buss uske aewaz main (unnke nam'ae amal main) ek nek kaam likh diya jayega.*** *Be-shak Khuda neki karne walon ka ajr (wa sawab) barbaad nahin karta." – (Surah-e-Tawba, ayah 120)*

  *"(****It was not proper*** *for the people of Madinah and those desert Arabs around them* ***to hold back from following God's Messenger, and to prefer their own lives to his life.*** *This is because whenever they suffer from thirst or weariness or hunger for God's cause, and whenever they take any step which provokes those who deny the truth, or inflicts any loss upon the enemy,* ***it shall be counted as a good deed in the sight of God—God will not deny the righteous their reward****)"*

Allah (SWT) likes those who are ready to sacrifice their own life for the sake of holy Prophet (pbuh) and his mission. For such people Allah (SWT) has **promised great rewards** and their good deeds would be accepted by Him. Thus **protecting the holy Prophet (pbuh) and being there when he needed is <u>the most rewarding and appreciated virtue by Allah (SWT)</u>.**

After the holy Prophet (pbuh) began preaching Islam, members of the other Quraishite clans felt threatened and they started pressurizing Abu Talib (A.S) to stop his nephew and control him. Despite all this, Abu Talib (A.S) remained supportive of the holy Prophet (SAW) and defended him from the other heads of Quraish.

Prominent Islamic historians have documented his noble gestures. Ali b. Burhanuddin Shafei in his book *'Insanul Oyoon'* has described the benevolence of Hazrat Abu Talib (A.S) towards the Prophet (SAW) as follows:

'Every night Hazrat Abu Talib (A.S) would ask the Prophet (SAW) to go off to bed, and when everybody was asleep, **Hazrat Abu Talib (A.S) would make any one of his sons or brothers or cousins to sleep on his (SAW) bed** so that people who intended **to attack the Prophet (SAW) could not do so.'**

It was during this period that the unbelievers of Mecca tried to trouble the Prophet (SAW) in various ways. All sorts of difficulties and tortures were inflicted upon him. Thinking Abu Talib (A.S) to be old, they threatened him with their plots, but this could neither stop his endeavors nor did it affect his steadfastness.

Thus the deeds mentioned in the above ayah are in sync with whatever Abu Talib (A.S) did for the sake of holy Prophet (SAW); hence it again establishes him as a **<u>Brave and Selfless *Momin*</u>.**

➔In order to further understand this we will see his life in the light of Quran. Mentioning ayahs that indicate the virtues of a *Momin* we would relate them with his conduct during his lifetime. Let Quran give its own verdict on the faith of Abu Talib (A.S).

As Quran says in the following ayah:

- *"Ae Imaandaro **agar tum Khuda ke deen ki madad karoge** to Woh bhi **tumhari madad karega aur tumhain saabit qadam rakhega.**" – (Surah-e-Mohammed, ayah 7)*

  *"(O you who believe! if **you help (the cause of) Allah**, He will **help you and make firm your feet.)"***

Virtue of a **believer is to readily help the cause of Allah**, and in return Allah (SWT) **promises to make him firm on his feet** and thus **keep him steadfast on the right path**.

Most of the Islamic historians unanimously write that without the help of Abu Talib (A.S) and his son Ali (A.S) it would have been difficult for Islam to get established and gain so much popularity and acceptance among the people. *(Ref: Tahzeebul Mateen, Vol 1 P 13, Ibne Abil Hadeed in his work)*

Thus Abu Talib (A.S) contributed a lot in the cause of Allah (SWT) and thus to think that he was an unbeliever is **contradicting the above ayah** and hence **a great sin in itself**.

Another ayah on conduct of a *Momin*:

- *"Ae Rasool (SAW) unn logon se kehdo ke **agar tum Khuda ko dost rakhte ho to meri pairvi karo ke Khuda (bhi) tum ko dost rakhega** aur tum ko tumhare gunaah bakhsh de ga aur Khuda bada Bakhshnewala Maherbaan hai." – (Surah-e-Aale Imran, ayah 31)*

  *"(Say, **'If you love God, follow me and God will love you** and forgive you your sins. God is most forgiving, and most merciful.')"*

A person who claims to love Allah (SWT) should follow the holy Prophet (SAW). If he does so Allah (SWT) would love him in return and would be forgiving and merciful towards him. **Thus the parameter for love and belief in Allah (SWT) is a person's support to the holy Prophet (SAW).** When someone is a constant source of support and comfort to the holy Prophet (SAW) and remains his guardian throughout his life, would not **he be one of the greatest believers then**?

In the presence of Abu Talib (A.S) once the holy Prophet (SAW) was preaching his followers. The apostates of Quraish in order to destroy the mission of holy Prophet (SAW) approached Hazrat Abu Talib (A.S) with the demand of surrendering the holy Prophet (SAW) to them right away. Determined Abu Talib (A.S) replied "If a she-camel could surrender its young one to somebody else, then I also will hand over Mohammed (SAW) to you." *(Ref: Minhajun Nabuwwah Muhaddise Dehalvi vol. 2 pg. 77)*

In the light of above ayah we can further establish the credentials of **Abu Talib (A.S) as a God-fearing, God-loving True *Momin.***

Let us see the following ayah now:

- *"Momineen **momineen ko chhod ke kafiron ko apna sarparast na banaaye**. Aur **jo aisa karega to use Khuda se kuch sarokar nahin** magar (iss qism ki tadbiron se) kisi tarah unn (ke shar) se bachna ho to (khair) aur Khuda tumko Apne hi se darata hai aur Khuda hi ki taraf laut kar jana hai" – (Surah-e-Aale Imran, 28)*

  *"(Let not **the believers take the non-believers for wali (guardian) rather than believers**; and whoever **does this, he shall have nothing of (the guardianship of) Allah**, but you should guard yourselves against them, guarding carefully; and Allah makes you cautious of (retribution from) Himself; and to Allah is the eventual coming.)"*

Allah (SWT) orders all the believers specifically in the above ayah **not to take non-believers as their guardian** and **if somebody does so he shall not find Allah (SWT) as his guardian**. So when

an ordinary believer cannot have a non-believer as a guardian, why did Allah (SWT) allow the **holy Prophet (SAW) to be guarded by Abu Talib (A.S) had he been a non-believer**? Would not it contradict the above ayah? This further confirms that he was a true-believer and **Allah (SWT) appointed him as the guardian of the holy Prophet (SAW).** The following ayah endorses his guardianship:

- *"Kya Uss ne tumhain yateem paakar panah na di (zaroor di)?" – (Surah-e-Zoha, ayah 6)*

  *"(Did He not find you an orphan and give you shelter (and care))?"*

In the major *tafseer* of the holy Quran by Islamic scholars of various sects it is mentioned that the above ayah has been revealed to showcase the protection and shelter provided by Abu Talib (A.S) to the holy Prophet (SAW). **Thus his protection to holy Prophet (SAW) was Allah (SWT)'s protection.**

Ibn Hajar in his book writes 'When Abdul Muttalib (A.S) expired he wrote in his last will to Abu Talib (A.S) to raise the Holy Prophet (SAW). Hence **Abu Talib (A.S) nurtured him (SAW)** with **lots of love and affection**, **not even raising his own son Ali (A.S) in the same manner**.

And Allah (SWT) confirms that it is He who guides the fathers, forefathers and descendants of his chosen Prophets in the following ayah:

- *"Aur Humne Ibrahim ko Ishaq wa Yaqub (saa beta pota) ataa kiya **Humne sabki hidayat ki aur unn se pehle Nooh ki bhi Hum hi ne hidayat ki** aur unn hi Ibrahim ki aulaad se Dawood wa Sulaiman wa Ayyub wa Yunus wa Musa wa Harun (sabki Hum hi ne hidayat ki) aur nekokaron Hum aisa hi sila ataa farmate hai aur Zakariya wa Yahya wa Isa wa Iliyas (sab ki hidayat ki) aur (ye) sab Khuda ke nek bandon se hain. Aur Ismail wa Yosha wa Yunus wa Lut ki (hidayat ki) aur sabko sare jahan per fazilat ataa ki aur **(sirf unhiki nahin balke) unnke baap dadaon, aur unnki aulaad aur unnke bhaibandon main se (bahoteron ko) muntakhab kiya aur unhain sidhi raah ki hidayat ki."** – (Surah-e-An'am, ayah 84-85-86-87)*

  *"(And We gave to him Ishaq and Yaqoub; **each did We guide, and Nuh did We guide before,** and of his descendants, Dawood and Sulaiman and Ayub and Yusuf and Musa and Haroun; and thus do We reward those who do good (to others). And Zakariya and Yahya and Isa and Ilyas; every one was of the good; And Ismail and Al-Yasha and Yunus and Lut; and every one We made to excel (in) the worlds: **And from among their fathers and their descendants and their brethren, and We chose them and guided them into the right way.)"***

From the above ayah it is clear that Allah (SWT) guides his Prophets to the right path and not only them He also guides their **fathers, descendants and their brethren** and keeps them steadfast on the true path.

Hazrat Abdul Muttalib (A.S) was **the grand-father of the holy Prophet (SAW)** and father of Abu Talib (A.S) – the guardian and uncle of holy Prophet (SAW).) They were guided descendants of Ibrahim (A.S) and believers of *deen-e-Ibrahim* before Islam was revealed. And since they were always on the true-path **their reciting *'Kalema'* or not** should not be used as a pretext to claim that they were not true *Momins.*

Hazrat Abdul Muttalib (A.S) followed the religion of Ibrahim (A.S) and the proof of this is the event of the elephants which Abraha had brought to destroy the Ka'aba. The event also finds mention in Quran in the form of an ayah. Abdul Muttalib (A.S) was the caretaker of Ka'aba and hence prayed to Allah (SWT) to protect the Holy Ka'aba from Abraha. He then approached Abraha and asked him to release his livestock. Abraha got shocked and said "You are the chief of this tribe and I thought you would plead to me to spare the Ka'aba." To this Abdul Muttalib (A.S) replied "I am the owner of these animals and have therefore come to ask for them. **As for the Ka'aba, its Master is there to take care of it."**

Maqatil narrates that Hazrat Abu Talib (A.S) made a will to Bani Hashim on his death bed in the following manner:

"O Bani Hashim, if you all obey the holy Prophet (SAW) and if you all believe in his truthfulness you will be guided."

In Midarajan Nabuwwah (of Mohaddisse Dehalvi) and in Rauzatus Safa vol. 2 the following sermon of Hazrat Abu Talib (A.S) addressing the people, which also served as his will, has been recorded:

'O Quraish! You are the most pious servants of Allah. **I recommend Muhammad (SAW) to you in matters of righteousness and virtue. He is the trusted one of Quraish and the truthful one of Arabia and he possesses all the virtues for which I am making a will to you**. He (SAW) has brought such good news, which has been accepted by your hearts, but your tongue has chosen to deny it on account of fear of taunts. On the contrary, I see that the weak and the defenseless have accepted his (SAW)'s invitation and have testified in his Shariat and revere him. Thus they have become the leaders and your chiefs have been humiliated. The proud ones have been humbled and the humble ones have become self-sufficient. Those who distanced themselves from him (SAW) are the unfortunate ones. I can see that the people of Arabia are attached to him (SAW) and have expanded their hearts for his love and have very dutifully and diligently prepared themselves to follow him and serve him. O Quraish! Befriend Muhammad (SAW) and supporters of his group. **I swear by Allah those people who do not tread the path shown by him (SAW) will not find guidance**, and only they will accept and adhere to his ways and

qualities who are virtuous. **If death could have been delayed and there would have been some more time left in my life, I would be helping him and as far as possible I would have repelled all dangers from his path.**'

➔Life of Abu Talib (A.S) in the light of Quran has proved that **he was a devout Momin committed to protect the holy Prophet (SAW)**. Let us now see few references about his faith:

- Abu Talib (A.S) supported the holy Prophet (SAW) since he had a great faith in his message being the last and final message from Allah (SWT). The faith of Abu Talib (A.S) was expressed through his sayings which came in the form of poetry as he used to say **'I verily know that the religion of Mohammed is the best amongst all religions."** (*Ref: Tareekh Ibn Katheer 3:42, Fath al-Baari Fi Shar-h Saheeh al-Bukhari 7:153, Al-Isaabah 4:116 and many more)*

- Imam Jafar Al-Sadiq (A.S) asked Younus Bin Nabatah: "O Younus, what do people say about Abu Talib?" Younus replied: "People say that he is in a shallow in the fire from which his brain is boiling. Imam al-Sadiq (A.S) said: "**The enemies of Allah are lying**. Abu Talib (in the paradise) is **with the prophets, truthful, martyrs and pious people, who are the best to be with.** (*Ref: Shaikh al-Abtah 32, al-Hujjah 17, al-Ghadeer 7:394 from Kanz al-Fawaa'ed).*

- Imam Ali (A.S) said: "By Allah, Abu Talib was a faithful Muslim (Mo'min), keeping his faith secretly, **not to cause to Bani Hashim harm from Quraish boycott.** (*Ref: Al-Hujjah 24, Al-Ghadeer 7:389, Mo'jam al-Qoboor 1:200).*

- Imam Ali (A.S) also said: "By Him who sent Muhammad as a prophet, if **my father's intercession is given to forgive** all the sinners on earth, **Allah will forgive all of them**. *(Ref: Tathkirat al-Khawaas 11).*

- The reason of the allegation against Abu Talib is clarified by the Prophet (SAW) when he told Imam Ali: "O Ali, **you have an example** from my brother **Isa (A.S); as the Jews hated him, they accused his mother.**" *(Ref: Kanz al-Ummal by al-Muttaqi al-Hindi)*

- It is narrated by Hazrat Abu Bakr that Abu Talib (A.S) did not die but after he said: **"I bear witness that there is no God but Allah, and Mohammad is His messenger."** *(Ref: Sharh al-Nahj by Ibn Abil Hadeed 3:312, Shaikh al-Abtah 71, Al-Bidayah wal-Nihayah 3:123, Al-Isaabah 4:116, Dala'il al-Nobowwah by al-Bayhaqi 1:120, Kash al-Ghummah by Al-Sha'rani, 2:144).*

After seeing the above references on his faith, let us end the article with few words of Abu Talib (A.S) recorded by prominent scholars which showcase his love for our beloved Prophet (SAW).

Mohammed b Ishaaq (author of *Seeratun Nabuwwat*) has recorded more than 80 couplets long poetry of Hazrat Abu Talib (A.S) in praise of holy Prophet (SAW). This was composed when Mecca was under a severe famine. People approached Abu Talib (A.S) as he was *Shaikh al Bat'ha* and their leader. Abu Talib (A.S) requested the holy Prophet (SAW) to pray for rains and when it rained he praised the holy Prophet (SAW) in the following words:

***"O Muhammad! Looking at your luminous face, raindrops fall. Your merciful existence is a refuge for the helpless orphan and a protection for the modesty and chastity of widows."***

➔ Abu Talib (A.S) was amongst **the greatest of *Momins*.** He was chosen by Allah (SWT) to protect the holy Prophet (SAW), which is a great honour in itself. He was the main support to the holy Prophet (SAW) and **laid the foundation of *'Kalema'*** during the formative years of Islam. And Allah (SWT) has accepted his services and **rewarded him immensely by making the pious progeny of the holy Prophet (SAW);** piety of which is testified by Quran (Surah-e-Ahzab, ayah 33), as the **<u>Progeny of Abu Talib (A.S).</u>**

# મોમિનની ઓળખ

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

સૌ કોઈ પ્રિયજનોને સલામ !

તમને બધાને મારા લેખોમાં સહભાગી બનાવવાની શરૂઆત કર્યે એક વર્ષ કરતાં ય વધારે સમય થઈ ગયો છે. આના પાછળનો વિચાર કુરાન આધારિત વાંચન પૂરું પાડવાનો છે અને બદલામાં કુરાન અને એહલેબયત સાથે સંબંધિત વિવિધ પ્રશ્નોને સમજવામાં તે આપણને મદદરૂપ થઈ શકે તે છે કે જે બાબતો ખરેખર આપણા માટે જાણવી જરૂરી છે.

જ્યારે આપણે રસૂલે પાક(સ.)ના જીવન તરફ અને કુરાન તરફ દૃષ્ટિપાત કરીએ છીએ તો આપણે બયતુલ મુકદ્દસની દેખભાળ રાખનાર, બીબી મરીયમના વાલી બનનાર હઝરત ઝકરીયા(અ.)ની સરખામણી કા'બાની દેખભાળ રાખનાર, રસૂલે પાક(સ.)ના વાલી બનનાર હઝરત અબુતાલિબ(અ.) સાથે કરી શકીએ છીએ. હજુ પણ આપણામાંના કેટલાકને એવું લાગે છે કે તેઓ ઈમાન ધરાવતા નહોતા. અહીં વિચાર માગી લે તેવો મુદ્દો એ છે કે લોકોનો એક વર્ગ એવું માને છે તેમ જો તેઓ ઈમાન ધરાવતા નહોતા તો પછી અલ્લાહ (સુ.વ.ત.)એ અબુતાલિબ(અ.)ને આવી વિશેષ યોગ્યતા શા માટે આપી ?

સાચી હકીકતને જાણ્યા વગર, કોઈ પણ સામાન્ય વ્યક્તિના ઈમાનની બાબતમાં કોઈ ટીકા ટિપ્પણી કરવી તે કબીરો ગુનો છે. તેથી જ તો જો કોઈ માણસ કા'બાની દેખભાળ રાખનાર અને રસૂલે પાક(સ.)ના વાલી અબુતાલિબ(અ.)ના ઈમાનની બાબતમાં ટીકા ટિપ્પણી કરે તો તેને શું કબીરો ગુનો નહીં કહેવાય?

મેં અબુતાલિબ(અ.)ના જીવનને કુરાનની રોશનીમાં સમજવાનો પ્રયત્ન કર્યો છે જેથી કરીને ઈસ્લામની તબ્લીગમાં તેમણે આપેલા યોગદાનને આપણે બધા જાણીએ અને સમજીએ. વળી લોકોનો અમુક વર્ગ ગુમરાહ થઈ ગયેલો છે તેનાથી દૂર રહેવામાં આપણો આ અમલ આપણા બધાયને મદદરૂપ પણ થશે.

આશા રાખીએ કે જ્યાં સુધી અલ્લાહ (સુ.વ.ત.) ઈચ્છે ત્યાં સુધી આ કાર્ય કરવાનું આપણે ચાલુ રાખીએ.

શુભેચ્છાઓ સહ,
નદીમ

## મોમિનની ઓળખ

**બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ**

*કોઈ પણ માણસ પોતાના વ્યક્તિત્વનાં નીચેનાં બે પાસાઓની પાછળ સંતાયેલો હોય છે.*

- *તેની માન્યતા.*
- *તેનું આચરણ.*

*તેની માન્યતાઓને તો માનવ ચક્ષુ દ્વારા જોઈ શકાતી નથી પરંતુ તેની એ માન્યતાઓને આપણે તેના આચરણના આધારે ઓળખી શકીએ છીએ. આ રીતે જોઈએ તો **તેનું આચરણ** એવો અરીસો છે કે જે **તેની માન્યતાઓને પરિવર્તિત કરે છે.***

*જો હું મારી જાતને તમારો દોસ્ત ગણું તો તમે આ બાબતને સમજો કે જ્યારે તમારે મારી સૌથી વધારે જરૂર હોય ત્યારે **જો હું તમને મદદ નહીં કરું તો તમે મારી ભાવનાઓને જાણી નહીં શકો.** જો એક વાર હું તમારી મદદે આવી ગયો તો **તમે મને તમારો સાચો દોસ્ત ગણવાના,** ભલેને પછી મેં તેનો **શબ્દો દ્વારા સ્વીકાર કર્યો***

*ન હોય તો પણ. જે કંઈ મારા શબ્દોએ બતાવ્યું ન હતું તે બધું મારાં કાર્યોએ બતાવી દીધું.* *પરંતુ જો કોઈ માણસ ઘણાં બધાં ખોટાં ખોટાં વચનો આપીને તમને નાસીપાસ કરી દે તો પછી તમે તેને વધારે સમય સુધી તમારો દોસ્ત નહીં ગણો. આમ અહીં ફરીથી* ***જે મહત્વની બાબત હતી તે તમારું કાર્ય હતું, નહીં કે તમારાં વચનો.*** *તેથી જ તો અંગ્રેજીની એક કહેવત સાચું જ કહે છે કે* **Actions speak louder than words.** ***(શબ્દો કરતાં તો કાર્યો વધારે પ્રમાણમાં ગાજતાં હોય છે.)***

→ *આ રીતે જો આપણે માણસ કેવો છે તે જાણવાની ઈચ્છા કરીએ તો આપણે તેના આચરણનું અવલોકન કરવાની જરૂર પડશે.* ***તે તેની સાચી ઓળખ જાહેર કરશે.*** *એ દ્રષ્ટિએ ઈસ્લામમાં પણ મોમિન અને બિન-મોમિન (કાફિર) વચ્ચેના તફાવતનો માપદંડ છે વ્યક્તિનું આચરણ. તેનાં કાર્યો તેના ઈમાન વિષે ઘણું બધું કહી દેવાનાં. આ લેખ દ્વારા આપણે આવું અનુમાન સ્થાપિત કરવાનો પ્રયત્ન કરીશું.*

અલ્લાહ(સુ.વ.ત.) કુરાનમાં ઈમાન વિષે શું કહે છે તે આપણે જોઈએ :

- 'શું લોકોએ એવું સમજી લીધું છે કે **(માત્ર) એટલું કહી દેવાથી કે અમે ઈમાન લાવ્યા** તેમને છોડી દેવામાં આવશે અને **તેમની પરીક્ષા નહીં લેવામાં આવે ?** અને અમે તો એ લોકોની પણ પરીક્ષા લીધી કે જેઓ તેમના પહેલાં થઈ ગયા હતા. તેથી **ખુદા એ લોકોને કે જેઓ સાચા છે ચોક્કસપણે અલગ જોશે અને જૂઠ્ઠાઓને પણ જરૂર જોશે.**'(સૂરએ અન્કબુત, આયત-૨ થી ૩)

અલ્લાહ(સુ.વ.ત.) ઈમાનના માત્ર મૌખિક સ્વીકારને જરા પણ ગણત્રીમાં લેતો નથી અને તે એવા બધા લોકોની આજમાઈશ કરે છે કે જેઓ મોમિન હોવાનો દાવો કરે છે. તે તેનું ઈમાન ચકાસ્યા પછી ઈમાનદાર(મોમિન)ને બિન ઈમાનદાર(કાફિર)થી અલગ પાડે છે. તેથી જ તો **અલ્લાહ(સુ.વ.ત.) શબ્દો કરતાં તો કાર્યને વધારે મહત્વ આપે છે.**

આપણે સૂરએ તૌબામાંથી નીચેની બે આયતોને હવે જોઈશું :

- 'અને મુસલમાનો ! **આ લોકો તો ખુદાની કસમો ખાશે** કે **તેઓ તમારામાંથી જ છે જોકે તે લોકો તમારામાંથી નથી.** પરંતુ **આ લોકો છે બુઝદિલ** કે જો કદાચ ક્યાંક આ લોકો પનાહની જગ્યા (કિલ્લો) અથવા સંતાવાની જગ્યા, ઘર અથવા ઘૂસણખોરી કરવાની કોઈ બીજી જગ્યા મેળવી લે તો તે તરફ રસ્સીઓ તોડતા-તોડતા નાસી જશે.' (સૂરએ તૌબા, આયત-૫૬ અને ૫૭)

→ ઉપરોક્ત આયત અમુક મુનાફિક લોકોની વાત કરે છે કે **જેમણે મોમિનો હોવાનો દાવો કર્યો હતો** પરંતુ **તેઓ કાયર હતા અને અલ્લાહ(સુ.વ.ત.) તેમનાં કાર્યોને ધિક્કારે છે.** વધુમાં તે આપણા અનુમાનને સાબિત કરે છે કે મોમિન ખરો છે કે ખોટો તેનો નિર્ણય સંપૂર્ણતઃ તેનાં **કાર્યોના અને ક્રિયાઓના આધારે** થાય છે. અને **ઈમાનદાર(મોમિન હંમેશાં) તેના આચરણમાં બહાદુર અને અલ્લાહ ખાતર પોતાનું સર્વસ્વ કુરબાન કરવા તત્પર હોય છે.**

આવું અનુમાન તારવ્યા પછી ચાલો હવે આપણે અબુતાલિબ(અ.)ના જીવનને જોઈએ. અબુતાલિબ(અ.)ના ઈમાનની બાબતમાં મુસલમાનોમાં મતભેદો પ્રવર્તે છે, કેટલાક લોકો **ઈસ્લામ અને રસૂલે પાક(સ.) ખાતર તેમણે શું કર્યું** હતું તે બાબતને સહેલાઈથી ભૂલી જાય છે અને તેઓ તેમને એક ઈમાન વગરના (કાફિર) ગણે છે કેમકે તેમને એવો કોઈ દસ્તાવેજી પુરાવો મળતો નથી કે તેમણે મરણ પથારી પર **'કલમો'**

પઢ્યો હોય. તો ચાલો આપણે એ જોઈએ કે આ બાબતે કુરાનનું શું કહેવું છે.

- 'અને અમે બની ઈસરાઈલને નદીની પેલે પાર કરી દીધા પછી ફિરઔન અને તેના લશ્કરે નાફરમાની કરી અને દુષ્ટતાપૂર્વક તેમનો પીછો કર્યો **એટલે સુધી કે જયારે તે ડૂબવા લાગ્યો તો કહેવા લાગ્યો કે જે ખુદા ઉપર બની ઈસરાઈલના લોકો ઈમાન લાવ્યા છે, હું પણ તેના ઉપર ઈમાન લાવું છું,** તેના સિવાય બીજો કોઈ માઅબૂદ નથી, હું ફરમાબરદાર બંદાઓમાંથી છું. હવે (મરવાના સમયે) ઈમાન લાવે છે ? જો કે **આના પહેલાં તો તું નાફરમાની કરી ચૂક્યો છે અને તું તો ફસાદ કરનારાઓમાંથી હતો.'**

(સૂરએ યૂનુસ, આયત-૯૦ થી ૯૧)

ફિરઓને પોતાના સમગ્ર જીવન દરમિયાન **પોતાના જમાનાના પયગમ્બર મૂસા(અ.)નો વિરોધ કરવા** બધું કરી છૂટ્યો હતો. તેણે અવરોધો ઊભા કર્યા અને બની ઈસરાઈલને હેરાન કર્યા અને આ રીતે તે પોતાના સમગ્ર જીવન દરમિયાન બંડખોર અને ખરાબ કાર્યો કરનાર હતો. મરણ પથારી ઉપર અલ્લાહ(સુ.વ.ત.)માં **ઈમાન જાહેર કરવાની ક્રિયાએ તેને કોઈ લાભ પહોંચાડ્યો ન હતો** અને તે **કાફિર જ રહ્યો અને એ જ અવસ્થામાં મરણ પામ્યો.**

એનાથી ઉલટું અબુતાલિબ(અ.) **પયગમ્બરે આખેરુઝઝમાન મોહંમદ(સ.)નું અરબોની નાસ્તિકતાથી રક્ષણ કરવા** બધું કરી છૂટ્યા હતા. તેમણે મોહંમદ(સ.)ને તેમના નિર્ધારિત કાર્યમાં મદદ કરી હતી અને તેમના વાલી તરીકે પણ રહ્યા હતા. આ બધા જ પ્રયાસો કર્યા હોવા છતાંય શું તમને એવું લાગે છે કે તેમના ઈમાનનો અને સેવાઓનો સ્વીકાર કરવા માટે અબુતાલિબ(અ.) કલમો પઢે ત્યાં સુધી અલ્લાહ(સુ.વ.ત.)એ રાહ જોઈ હતી ? **પયગમ્બર(સ.) પ્રત્યેની તેમની મોહબ્બતે અને ઈસ્લામ ધર્મમાં તેમનાં** ઈમાન વિષયક **કાર્યોએ શું ઘણું બધું કહી નાખ્યું નથી ?**

આપણે જુદી જુદી આયતોની રોશનીમાં એ બાબત સમજી ગયા કે અલ્લાહ(સુ.વ.ત.) માણસોની પરખ તેમના કાર્યોના આધારે કરે છે કે જેના ઉપર આપણે ચિંતન મનન કર્યું. ચાલો હવે આપણે એવાં કાર્યોને જોઈએ કે જે અલ્લાહ (સુ.વ.ત.)ને સૌથી વધારે ગમે છે :

'મદીનાના રહેવાસીઓ અને તેમની આજુબાજુમાં રહેતા ગામડીઆઓ માટે **એ જાએઝ ન હતું કે રસૂલે ખુદાનો સાથ છોડી દે કે ન એ (જાએઝ હતું) કે રસૂલ(સ.)ના જીવથી બેપરવા બનીને પોતાના જીવ બચાવવાની ચિંતા કરે,** આ હુકમ એ કારણે હતો કે તે (જેહાદ કરવાવાળા)ઓને ખુદાની રાહમાં તેમને તરસની, મહેનત અથવા તો ભૂખની અતિશયતાની જે તકલીફ પહોંચી છે અથવા તો એવા રસ્તે ચાલે છે કે જે કુફ્ફારના ગુસ્સાનું અથવા ગજબનું કારણ હોય અથવા કોઈ દુશ્મન પાસેથી આ લોકો કંઈ મેળવે છે, તો **બસ તેના બદલામાં (તેમના આ'માલનામામાં) એક નેક કામ લખી દેવામાં આવશે.** બેશક ખુદા નેકી કરવાળાઓના બદલાને (અને સવાબને) એળે જવા દેતો નથી.'

(સૂરએ તૌબા, આયત-૧૨૦)

અલ્લાહ(સુ.વ.ત.)ને એવા લોકો પસંદ છે કે જેઓ રસૂલિલ્લાહ(સ.) અને તેમના નિર્ધારિત કાર્ય ખાતર પોતાના જીવની કુરબાની આપવા તત્પર હોય છે. આવા લોકો માટે અલ્લાહ (સુ.વ.ત.)એ **મોટો બદલો આપવાનું વચન આપ્યું છે** અને તેમનાં સદ્‌કૃત્યોને તેના દ્વારા સ્વીકારશે. **આમ રસૂલિલ્લાહ(સ.)નું રક્ષણ કરવું અને જયારે તેમને જરૂર હોય ત્યારે**

**ત્યાં હાજર રહેવું તે <u>મોટા સવાબનું કાર્ય છે અને અલ્લાહ(સુ.વ.ત.)એ આવા સદ્‌ગુણની પ્રશંસા કરી છે.</u>**

રસૂલિલ્લાહ(સ.)એ ઈસ્લામની તબ્લીગ શરૂ કરી ત્યાર પછી કુરૈશના બીજા કબીલાઓના સભ્યોની અંદર ગભરામણ પેદા થઈ અને તેમણે અબુતાલિબ(અ.)ને તેમના ભત્રીજાને રોકવાનું અને કાબૂમાં રાખવાનું દબાણ કરવાનું શરૂ કર્યું. આવું બધું હોવા છતાંય અબુતાલિબ(અ.) રસૂલિલ્લાહ (સ.)ના સમર્થક જ રહ્યા અને કુરૈશના બીજા આગેવાનોથી તેમનું રક્ષણ કર્યું.

પ્રખ્યાત ઈસ્લામી ઈતિહાસકારોએ તેમના આ ઉમદા અમલોના દસ્તાવેજી પુરાવા આપ્યા છે. અલી બિન બુરહાનુદ્દિન શાફેઈએ પોતાની (કિતાબ) **'ઈન્સાનુલ ઓયૂન'**માં રસૂલિલ્લાહ(સ.) પ્રત્યેના હઝરત અબુતાલિબ(અ.)ના એહસાનોનું વર્ણન નીચે મુજબ કર્યું છે.

'દરરોજ રાત્રે હઝરત અબુતાલિબ(અ.) રસૂલિલ્લાહ(સ.)ને સૂઈ જવાનું કહેતા અને જ્યારે બધા ઊંઘી જતા ત્યારે હઝરત **અબુતાલિબ(અ.) પોતાના દીકરાઓ અથવા ભાઈઓ અથવા પિત્રાઈ ભાઈઓમાંથી કોઈકને આપ(સ.)ની પથારી ઉપર સૂવાડી દેતા હતા** જેથી એ લોકો કે જેઓ રસૂલિલ્લાહ(સ.) ઉપર હુમલો કરવાનો ઈરાદો ધરાવતા હોય તેઓ એવું કાર્ય ન કરી શકે.'

આ એ સમયગાળો હતો કે જ્યારે મક્કાના કાફિરો રસૂલિલ્લાહ(સ.)ને જુદી જુદી રીતે તકલીફો આપવાના પ્રયત્નો કરતા હતા. બધા જ પ્રકારની મુશ્કેલીઓ અને અત્યાચારો આપના ઉપર આચરવામાં આવ્યા. અબુતાલિબ(અ.) ઘરડા થઈ ગયા છે એવું સમજીને તેઓ પોતાનાં કાવતરાં રચવાની તેમને ધમકી આપતા પરંતુ આનાથી ન તો તેમના પ્રયત્નોમાં કોઈ ફેર પડ્યો કે ન તો તેમની અડગતા ઉપર કોઈ અસર થઈ.

આ રીતે ઉપરોક્ત આયતમાં જે કાર્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે બધાંનો અબુતાલિબ(અ.)એ રસૂલે પાક(સ.) માટે આયત કહે છે તે પ્રમાણે અમલ કરી બતાવ્યો. આથી તે બાબત ફરીથી તેમને એક **<u>બહાદુર અને નિઃસ્વાર્થ મોમિન</u>** તરીકે સ્થાપિત કરે છે.

→ આ બાબતને વધારે સમજવાના હેતુથી આપણે કુરાનની રોશનીમાં તેમના જીવનને જોઈશું. મોમિના સદ્‌ગુણોનો નિર્દેશ કરે છે એવી આયતોનો ઉલ્લેખ કરીને આપણે તેમને તેમના જીવનકાળ દરમિયાનની તેમની વર્તણુક સાથે સંબંધિત કરીશું.

અબુતાલિબ(અ.)ના ઈમાન વિષે ખુદ કુરાનને જ ચુકાદો આપવા દો.

નીચેની આયતોમાં કુરાન ફરમાવે છે :

- 'અય ઈમાનદારો ! **અગર તમે ખુદાના દીનની મદદ કરશો** તો તે પણ **તમારી મદદ કરશે અને તમને અડીખમ રાખશે.'**

(સૂરએ મોહંમદ, આયત-૭)

**અલ્લાહના કાર્યમાં તત્પરતાપૂર્વક મદદ કરવી તે મોમિનનો** સદ્‌ગુણ છે, અને બદલામાં અલ્લાહ(સુ.વ.ત.) **તેને પોતાના પગ ઉપર અડગ રાખવાનું વચન આપે છે** અને આ રીતે **તેને સિરાતે મુસ્તકીમ ઉપર સાબિત કદમ રાખે છે.**

મોટા ભાગના ઈસ્લામી ઈતિહાકારો સર્વાનુમતે લખે છે કે અબુતાલિબ(અ.)ની અને તેમના દીકરા અલી(અ.)ની મદદ વગર ઈસ્લામ ધર્મની સ્થાપના થવાનું અને લોકોમાં તેની આટલી બધી લોકપ્રિયતા અને સ્વીકૃતિ મેળવવાનું મુશ્કેલ બની જાત.

(સંદર્ભ : તહ્‌ઝીબુલ મતીન, જિલ્દ-૧, પેજ-૧૩, ઈબ્ને અબી હદીદ પોતાના કલામમાં)

આ રીતે અબુતાલિબ(અ.)એ અલ્લાહ

(સુ.વ.ત.)ના ઉદ્દેશ્ય માટે પુષ્કળ યોગદાન આપ્યું છે અને તેથી જ તો એવું વિચારવું કે તેઓ કાફિર હતા તે બાબત **ઉપરોક્ત આયતમાં વિરોધાભાસ પેદા કરે છે** અને તેથી જ તો એ બાબત **પોતે જ કબીરો ગુનો છે.**

મોમિનની વર્તણુક વિષેની બીજી એક આયતઃ

- 'અય રસૂલ(સ.) ! એ લોકોને કહી દો કે અગર **તમે ખુદાને દોસ્ત રાખતા હો તો મારું અનુસરણ કરો કે જેથી ખુદા (પણ) તમને દોસ્ત રાખશે** અને તમને તમારા ગુનાહ બક્ષી દેશે અને ખુદા મહાન બક્ષવાવાળો અને મહેરબાન છે.' (સૂરએ આલે ઈમરાન, આયત-૩૧)

જે માણસ અલ્લાહને ચાહવાનો દાવો કરતો હોય તેણે રસૂલિલ્લાહ(સ.)ની પયરવી કરવી જોઈએ. જો તે એવું કરશે તો બદલામાં અલ્લાહ (સુ.વ.ત.) તેને ચાહશે અને તેમને માફ કરનારો અને દયાવાન બનશે. **આથી અલ્લાહ (સુ.વ.ત.) પ્રત્યેના પ્રેમ અને ઈમાનનો માપદંડ છે વ્યક્તિનું રસૂલે પાક(સ.) તરફનું સમર્થન.** જ્યારે કોઈ માણસ રસૂલિલ્લાહ(સ.) પ્રત્યેના સતત સમર્થન અને રાહતનો સ્રોત હોય અને જે પોતાના જીવનપર્યંત આપનો રક્ષણહાર બની રહેતો હોય તો પછી **તે શું મહાનતમ મોમિનોમાંનો એક** ન હોઈ શકે ?

એક વખત અબુતાલિબ(અ.)ની હાજરીમાં રસૂલિલ્લાહ(સ.) પોતાના અનુયાયીઓને હિદાયત ફરમાવી રહ્યા હતા. રસૂલિલ્લાહ(સ.)ના હેતુને બરબાદ કરવાના હેતુથી કુરૈશના નાસ્તિકો હઝરત અબુતાલિબ(અ.)ની પાસે એવી માગણી લઈને આવ્યા કે રસૂલિલ્લાહ(સ.)ને તરત જ અમારા હવાલે કરી દો. દઢનિશ્ચયી અબુતાલિબ(અ.)એ જવાબ આપ્યો, 'જો કોઈ ઊંટણી તેના બચ્ચાને કોઈના હવાલે કરી દેતી હોય તો હું પણ મોહંમદ(સ.)ને તમારા હાથમાં સોંપી દઈશ.'

(સંદર્ભ : મિન્હાજુલ નબુવ્વહ, મોહદ્દિસે દહેલ્વી, જિલ્દ-૨, પેજ-૭૭)

ઉપરોક્ત આયતની રોશનીમાં વધુમાં, આપણે **અલ્લાહથી ડરનારા, અલ્લાહને ચાહનારા સાચા મોમિન તરીકેની અબુતાલિબ (અ.)ની** ઓળખને પ્રસ્થાપિત કરી શકીએ છીએ.

ચાલો હવે આપણે નીચેની આયત જોઈએ :

- **'મોમિનોને છોડીને કાફિરોને પોતાના સરપરસ્ત ન બનાવો.** અને **જે એવું કરશે તો ખુદા સાથે તેનો કોઈ સંબંધ નહીં રહે** પરંતુ (આ પ્રકારની પ્રયુક્તિઓથી) કોઈ પણ રીતે તેમના (ઉપદ્રવ)થી બચવું હોય તો (ઠીક છે) અને ખુદા તમને પોતાનાઓથી ડરાવે છે અને ખુદાના તરફ જ પાછા જવાનું છે.'

(સૂરએ આલે ઈમરાન, આયત-૨૮)

અલ્લાહ(સુ.વ.ત.) ખાસ કરીને ઉપરની આયતમાં **બધા મોમિનોને બિન-ઈમાનદારોને (કાફિરોને) પોતાના સરપરસ્ત ન બનાવવાનો** હુકમ આપે છે અને **જો કોઈ એવું કરે તો તે અલ્લાહ(સુ.વ.ત.)ને પોતાનો સરપરસ્ત નહીં જુએ.** તો જ્યારે એક મામુલી મોમિન પોતાના સરપરસ્ત તરીકે કોઈ કાફિરને રાખી શકતો નથી તો પછી **જો અબુતાલિબ(અ.) કાફિર હતા તો તેમને રસૂલે પાક(સ.)ની સરપરસ્તી કરવાની** અલ્લાહ(સુ.વ.ત.)એ **પરવાનગી શા માટે આપી ?** શું આ બાબત ઉપરોક્ત આયતમાં વિરોધાભાસ પેદા નહીં કરે ? વધુમાં આ બાબત પણ સમર્થન આપે છે કે તેઓ સાચા મોમિન હતા અને **અલ્લાહ(સુ.વ.ત.)એ રસૂલે પાક(સ.)ના સરપરસ્ત તરીકે તેમની નિમણુક કરી હતી.** નીચેની આયત તેમની સરપરસ્તીને સમર્થન આપે છે :

'શું તેણે તમને અનાથ જોઈને પનાહ નથી આપી? (જરૂર આપી છે.)'

(સૂરએ ઝોહા, આયત-૬)

જુદા જુદા પંથના ઈસ્લામી આલિમોએ લખેલી કુરાને પાકની મોટી તફસીરોમાં એવો ઉલ્લેખ કરવામાં આવેલો છે કે ઉપરની આયત અબુતાલિબ(અ.)એ રસૂલે પાક(સ.)ને જે રક્ષણ અને આશરો પૂરો પાડ્યો હતો તેને પ્રદર્શિત કરવા માટે નાઝિલ થઈ છે. **આમ તેમણે હઝરત રસૂલે ખુદા(સ.)ને આપેલું સંરક્ષણ અલ્લાહ (સુ.વ.ત.)નું સંરક્ષણ છે.**

ઈબ્ને હજર તેમની કિતાબમાં લખે છે, 'જ્યારે અબ્દુલ મુત્તલિબ(અ.)ની વફાત થઈ તો તેમણે પોતાની છેલ્લી વસિયતમાં અબુતાલિબ(અ.)ને રસૂલે પાક(સ.)ને ઉછેરીને મોટા કરવાનું લખ્યું હતું. તેથી **અબુ તાલિબ(અ.)એ ખૂબ જ પ્રેમ અને સ્નેહપૂર્વક આપ(સ.)નું પાલન પોષણ કર્યું અને આવો ઉછેર તો તેમણે પોતાના પુત્ર અલી(અ.)નો પણ કર્યો નહોતો.'**

અને નીચેની આયતમાં અલ્લાહ(સુ.વ.ત.) એવું સમર્થન આપે છે કે તે એવો છે કે જે તેના પસંદગીપાત્ર પયગમ્બરોના પિતાઓ, વડવાઓ અને જાનશીનોને હિદાયત કરે છે :

- 'અને અમોએ ઈબ્રાહીમને ઈસ્હાક અને યાકૂબ (જેવા પુત્ર-પૌત્ર) અર્પણ કર્યા. **અમોએ બધાની હિદાયત કરી અને તેમના પહેલાં નૂહની પણ અમોએ જ હિદાયત કરી** અને એ ઈબ્રાહીમની ઓલાદમાંથી દાઉદ અને સુલયમાન અને ઐયુબ અને યૂનુસ અને મૂસા અને હારૂન (બધાની અમોએ જ હિદાયત કરી) અને નેકી કરનારાઓને અમે એવો બદલો અર્પણ કરીએ છીએ અને ઝકરીયા અને યહ્યા અને ઈસા અને ઈલ્યાસ (બધાની હિદાયત કરી) અને (આ) બધા ખુદાના નેક બંદાઓમાંથી છે. અને ઈસ્માઈલ અને યુશોઅ અને યૂનુસ અને લૂતની (હિદાયત કરી) અને બધાયને આખી દુનિયા ઉપર ફઝીલત અર્પણ કરી અને **(માત્ર એમની જ નહીં પરંતુ) એમના બાપ-દાદાઓ અને તેમની ઓલાદ અને તેમના ભાઈબંદોમાંથી (ઘણા બધાને) ચૂંટી કાઢ્યા અને તેમને સીધા માર્ગની હિદાયત કરી.'**

(સૂરએ અંબિયા, આયત-૮૪ થી ૮૭)

ઉપરોક્ત આયત ઉપરથી સ્પષ્ટ થાય છે કે અલ્લાહ(સુ.વ.ત.) પોતાના પયગમ્બરોને સાચા માર્ગની હિદાયત કરે છે અને માત્ર એમને જ નહીં તે તેમના **પિતાઓની, ઓલાદોની અને તેમના દીની બંધુઓની** પણ હિદાયત કરે છે અને તેમને સન્માર્ગ પર અડીખમ રાખે છે.

હઝરત અબ્દુલ મુત્તલિબ(અ.) **રસૂલે પાક(સ.)ના દાદા હતા** અને અબુતાલિબ (અ.) કે જે રસૂલે પાક(સ.)ના વાલી અને કાકા હતા, એમના પિતા હતા. તેઓ બધા ઈસ્લામની જાહેરાત થઈ તે પહેલાં ઈબ્રાહીમ(અ.)ની હિદાયત પ્રાપ્ત ઓલાદમાંથી અને દીને ઈબ્રાહીમને માનનારા હતા અને તેઓ હંમેશાં સન્માર્ગ પર હતા તે કારણે જ **તેમની કલેમો પઢવાની કે ન પઢવાની બાબત**નો ઉપયોગ એવા બહાના તરીકેનો દાવો કરવા માટે ન કરવો જોઈએ કે તેઓ સાચા મોમિનો ન હતા.

હઝરત અબ્દુલ મુત્તલિબ(અ.) ઈબ્રાહીમ (અ.)નો ધર્મ પાળતા હતા અને આની સાબિતી છે હાથીઓનો પ્રસંગ કે જેમને કા'બાનો નાશ કરવા અબ્રાહા લાવ્યો હતો. આ પ્રસંગ કુરાનમાં એક આયતના સ્વરૂપમાં ઉલ્લેખ પામ્યો છે. અબ્દુલ મુત્તલિબ(અ.) કા'બાની સંભાળ રાખનારા હતા અને તેથી જ તો તેમણે અલ્લાહ(સુ.વ.ત.) સમક્ષ પવિત્ર કા'બાનું અબ્રાહાથી રક્ષણ કરવા માટે દુઆ માગી. ત્યાર પછી તેઓ અબ્રાહા પાસે ગયા અને પોતાનાં જાનવરોને મુક્ત કરવા માટે તેને કહ્યું. અબ્રહા આ સાંભળીને આભો બની ગયો અને કહ્યું,

તમે તમારી કોમના વડા છો અને મેં વિચાર્યું હતું કે કા'બાને નુકસાન કર્યા વગર છોડી દેવા માટે તમે મને વિનંતી કરશો.' આ સાંભળીને અબ્દુલ મુત્તાલિબ(અ.)એ જવાબ આપ્યો, 'હું આ જાનવરોનો માલિક છું અને તેથી તમારી પાસે માગણી કરવા આવ્યો છું. **કા'બાની બાબતમાં તો તેની સારસંભાળ લેનારો તેનો માલિક છે.'**

મકાતિલ વર્ણન કરે છે કે હઝરત અબુતાલિબ (અ.)એ પોતાની મરણ પથારી પર બની હાશિમ માટે એક વસિયતનામુ નીચે પ્રમાણે તૈયાર કર્યું હતુંઃ

'અય બની હાશિમ ! જો તમે બધા રસૂલે પાક(સ.)ની ફરમાબરદારી કરશો અને તમે બધા તેમની સચ્ચાઈમાં ઈમાન રાખશો તો તમે હિદાયત પ્રાપ્ત કરશો.'

મદારેજુન્નબુવ્વહ (લેખક મોહદ્દિસે દહેલ્વી) અને રૌઝતુસ્સફા, જિલ્દ-૨માં લોકોને સંબોધીને કહેલો હઝરત અબુતાલિબ(અ.)નો નીચે મુજબનો ખુત્બો કે જેણે તેમની વસિયત તરીકેનું પણ કાર્ય બજાવ્યું છે, તેની નોંધ કરેલી છે :

'અય કુરૈશ ! તમે અલ્લાહના સૌથી પવિત્ર બંદાઓ છો. **હું પ્રમાણિકતા અને સદ્‌ગુણની બાબતમાં તમને મોહંમદ(સ.)ની ભલામણ કરું છું. તે કુરૈશના વિશ્વાસપાત્ર વ્યક્તિ અને સાદિકુલ અરબ (અરબ જગતના સત્યનિષ્ઠ વ્યક્તિ) છે અને હું જેના માટે વસિયત તમને કરી રહ્યો છું તે બધા જ સદ્‌ગુણોના માલિક છે.** આપ(સ.) એવા શુભ સમાચાર લાવ્યા છે કે જેનો સ્વીકાર તમારાં દિલોએ કરી દીધો છે પરંતુ તમારી જીભોએ મ્હેણાંની બીકે તેનો ઈન્કાર કરવાનું પસંદ કર્યું છે. આનાથી ઉલટું, હું જોઉં છું કે નબળા અને રક્ષણ વગરના લોકોએ આપ(સ.)ની દાવતનો સ્વીકાર કરી લીધો છે અને આપની શરીઅતની ગવાહી આપી છે અને આપના તરફ આદરભાવ દર્શાવ્યો છે. આથી તેઓ આગેવાનો બની ગયા છે અને તમારા સરદારો અપમાનિત થયા છે. અભિમાની લોકો નમ્ર બની ગયા છે અને નમ્ર લોકો આત્મનિર્ભર બની ગયા છે. જે લોકોએ આપ(સ.)થી દૂરી રાખી છે, તે બદનસીબ લોકો છે. હું જોઈ શકું છું કે અરબસ્તાનના લોકો આપ(સ.)થી જોડાઈ ગયા છે અને પોતાનાં દિલોને આપની મોહબ્બત માટે વિસ્તૃત કરી દીધાં છે અને ફરજપૂર્વક અને મહેનતપૂર્વક પોતાની જાતને આપ(સ.)ને અનુસરવા માટે અને આપ(સ.)ની ખિદમત કરવા માટે તૈયાર કરી દીધી છે. અય કુરૈશ ! મોહંમદ(સ.)ના દોસ્ત બની જાઓ અને તેના જૂથના ટેકેદાર બની જાઓ. **હું અલ્લાહના સોગંદ ખાઈને કહું છું કે જે લોકો આપ(સ.)એ બતાવેલા માર્ગ ઉપર ચાલતા નથી તેઓ હિદાયત નહીં મેળવે** અને માત્ર તેઓ જ આપ(સ.)ની સુન્નતોનો અને સદ્‌ગુણોનો સ્વીકાર કરશે અને તેમને વળગી રહેશે કે જેઓ ગુણવાન છે. **જો મારા મોતમાં વિલંબ થઈ શક્યો હોત અને મારી જિંદગીમાં જો થોડો વધારે સમય બચ્યો હોત તો હું આપ(સ.)ની મદદ કરત અને શક્ય હોત ત્યાં સુધી મેં આપ(સ.)ના માર્ગમાંથી સઘળાં જોખમોને હટાવી દીધાં હોત.'**

→ કુરાનની રોશનીમાં અબુતાલિબ(અ.)ની જિંદગીએ સાબિત કરી દીધું કે **તેઓ રસૂલે પાક(સ.)નું રક્ષણ કરવા સમર્પિત થયેલા ભાવુક મોમિન હતા.** ચાલો હવે આપણે તેમના ઈમાન વિષેના કેટલાક સંદર્ભો જોઈએ :

- અબુતાલિબ(અ.)એ રસૂલે પાક(સ.)ને પીઠબળ પૂરું પાડ્યું કારણ કે અલ્લાહ (સુ.વ.ત.) તરફથી આવેલો આ છેલ્લો અને અંતિમ પયગામ હોઈને તેમને તેનામાં ખૂબ જ વિશ્વાસ હતો. અબુતાલિબ(અ.)નું ઈમાન તેમનાં વાક્યો દ્વારા પ્રગટ થતું હતું કે જે શાયરીના સ્વરૂપે આવેલું છે

જેમકે તેઓ હંમેશાં કહેતા હતા : **'હું નિઃશંકપણે જાણું છું કે મોહંમદ(સ.)નો દીન બધા જ દીનોમાં સર્વશ્રેષ્ઠ છે.'** (સંદર્ભ : તારીખ ઈબ્ને કસીર, ૩:૪૨, ફત્હુલ બારી ફિ શર્હ સહીહ અલ બુખારી, ૭:૧૫૩, અલ ઈસાબહ, ૪:૧૧૬ અને બીજી ઘણી બધી)

- ઈમામ જાફર અલ સાદિક(અ.)એ યૂનુસ બિન નબાતાને પૂછ્યું, 'અય યૂનુસ ! લોકો અબુતાલિબ વિષે શું કહે છે?' યૂનુસે જવાબ આપ્યો, 'લોકો તો એવું કહે છે કે તેઓ આગના એક છીંછરા દરિયામાં છે કે જેમાં તેમનું મગજ ઉકળી રહ્યું છે. ઈમામ અલ સાદિક(અ.)એ ફરમાવ્યું, **'અલ્લાહના દુશ્મનો જૂઠ્ઠું બોલી રહ્યા છે.** અબુતાલિબ (તો જન્નતમાં **પયગમ્બરો, સાચાઓ (સાદિકો), શહીદો અને સદાચારી લોકોની સાથે છે કે જેમની સાથે હોવું સર્વોત્તમ છે.'** (સંદર્ભ : શેખ અલ અબ્તાહ-૩૨, અલ હુજ્જાહ-૧૭, અલ ગદીર, ૭:૩૯૪ કન્ઝુલ ફવાએદમાંથી)

- ઈમામ અલી(અ.)એ ફરમાવ્યું, 'અલ્લાહના સોગંદ, અબુતાલિબ પોતાના ઈમાનને ગુપ્ત રાખનારા એક ઈમાનદાર મુસલમાન(મોમિન) હતા તે હેતુથી કે **કુરૈશના બહિષ્કારથી બની હાશિમને કોઈ નુકસાન ન થાય.'**

(સંદર્ભ : અલ હુજ્જાહ, ૨૪, અલ ગદીર, ૭:૩૮૯, મો'જમુલ કબૂર, ૧:૨૦૦)

- ઈમામ અલી(અ.)એ વળી એવું ફરમાવ્યું,

'એની કસમ કે જેણે મોહંમદ(સ.)ને પયગમ્બર તરીકે મોકલ્યા છે, જો **મારા પિતા** દુનિયાભરના બધા જ ગુનેગારોને **માફ કરવા માટે ભલામણ કરે તો અલ્લાહ તે બધાયને બક્ષી દેશે.'** (સંદર્ભ : તઝકિરતુલ ખવાસ-૧૧)

રસૂલ(સ.) દ્વારા અબુતાલિબ(અ.) વિરૂધ્ધના આરોપના કારણની સ્પષ્ટતા ત્યારે કરવામાં આવી છે કે જ્યારે કે આપ(સ.)એ ઈમામ અલી(અ.)ને ફરમાવ્યું, 'અય અલી ! **તમારી પાસે** મારા ભાઈ **ઈસા(અ.)નું ઉદાહરણ મોજૂદ છે** જેમકે **યહૂદીઓ તેમને ધિક્કારતા હતા તેથી તેમની માતાની બદનક્ષી કરતા હતા.'** (સંદર્ભ : કન્ઝુલ અમ્માલ અઝ અલ મુત્તકી અલ હિન્દી)

- હઝરત અબુ બક્રે રિવાયત કરી છે કે અબુતાલિબ(અ.) આવું કહેવા પહેલાં વફાત પામ્યા નહોતાઃ **હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય બીજો કોઈ માઅબૂદ નથી અને મોહંમદ તેના રસૂલ છે.'** (સંદર્ભ : શર્હ અલ નહ્જ અઝ ઈબ્ને હદીદ ૩:૩૧૨, શેખ અલ - અબ્તાહ ૭૧, અલ બિદાયા વલ નિહાયા, ૩:૧૨૩, અલ ઈસાબા ૪:૧૧૬, દલાઈલ અલ નબુવ્વહ અઝ અલ બૈહાકી ૧:૧૨૦, કાશ અલ ગુમ્માહ અઝ અલ શા'રાની, ૨:૧૪૪)

હઝરત અબુતાલિબ(અ.)ના ઈમાન વિષયક ઉપરોક્ત સંદર્ભો જોયા પછી ચાલો આપણે આ લેખનું સમાપન અબુતાલિબ(અ.)ના થોડાક શબ્દોથી કરીએ કે જેમને નામાંકિત આલિમોએ નોંધેલ છે કે જે આપણા વહાલા રસૂલિલ્લાહ(સ.) પ્રત્યેના તેમના પ્રેમને પ્રદર્શિત કરે છે. (સીરતુન્નબુવ્વહના લેખક) મોહંમદ બિન ઈશાકે રસૂલિલ્લાહ(સ.)ની પ્રશંસામાં હઝરત અબુતાલિબ(અ.)ની કાવ્ય પંક્તિઓનાં એંશી જોડકાંવાળા એક લાંબા કાવ્યની નોંધ કરી છે. જ્યારે મક્કા તીવ્ર દુષ્કાળની ઝપટમાં આવેલું હતું ત્યારે આ કાવ્ય રચવામાં આવ્યું હતું. લોકો અબુતાલિબ(અ.)ની પાસે ગયા કેમકે તેઓ શેખુલ બત્હા અને તેમના સરદાર હતા. અબુતાલિબ(અ.)એ રસૂલે પાક(સ.)ને વરસાદ માટે દુઆ માગવાની વિનંતી કરી અને જ્યારે વરસાદ વરસ્યો તો તેમણે રસૂલે પાક(સ.)ની પ્રશંસા નીચેના શબ્દોમાં કરી હતી :

**'અય મોહંમદ ! આપના નૂરાની ચહેરા**

**તરફ જોતાંની સાથે જ વરસાદનાં ફોરાં વરસી પડે છે. આપની મહેરબાનીથી ભરપૂર હયાતી જ નિરાધારો, યતીમોની પનાહગાહ છે તેમજ વિધવાઓની લાજ અને પાકદામનીની સુરક્ષા છે.'**

→ અબુતાલિબ(અ.) **મહાનતમ મોમિનો-**માંથી એક હતા. અલ્લાહ(સુ.વ.ત.) દ્વારા તેમને રસૂલે પાક(સ.)ની સુરક્ષા માટે પસંદ કરવામાં આવ્યા હતા, આ બાબત જ સ્વયં એક મહાન સન્માન છે. તેઓ રસૂલે પાક(સ.)નો મુખ્ય આધારસ્તંભ હતા અને ઈસ્લામનાં વિકાસશીલ વર્ષો દરમિયાન તેમણે **'કલેમા'નો પાયો (આધારશિલા) નાખ્યો હતો** અને અલ્લાહ(સુ.વ.ત.)એ તેમની સેવાઓનો સ્વીકાર કર્યો છે અને રસૂલે પાક(સ.)ની પાક આલ કે જેમની પાકિઝગીની કુરઆને ગવાહી આપી છે (આયતે તત્હીર) તે આલને અબુતાલિબની આલ **બનાવીને તેમને પ્રચંડ બદલો આપ્યો છે.** ✻


*ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ*

આયુર્વેદિક દવા શરીરમાં આડઅસર કર્યા વિના રોગને જડમૂળથી મટાડે છે.

**શિફા આયુકેર કલીનીક**

**ડો.આબિદઅલી ટી. ઘરખડ**

(જન.ફીઝીશીયન એન્ડ આયુ.કન્સલ્ટન્ટ)

દરેક જાતના સ્ત્રી રોગો, ચામડીના રોગો, પાચનતંત્રના રોગો, મસા, હરસ, વજન વધારવા-ઘટાડવા, હાડકાના રોગો, શ્વસનતંત્રના રોગોની આયુર્વેદિક સારવાર માટે ખાસ મળો.

**નોંધ :** બહારના દર્દીઓએ ફોન કરીને જ આવવું.

**સરનામુ**

મસ્જિદની સામે, બાદરપુર, તા. વડનગર, જિ. મહેસાણા. મો. ૯૮૨૪૧ ૧૪૮૨૭


*તમારું દીની જ્ઞાન ચકાસો.*

# ? ઈસ્લામી કવીઝ નં. ૨૧૧

**(૧) અલ્લાહના મહાન પયગમ્બર હઝરત મૂસા(અ.)ની બેનનું નામ શું છે ?**

(A) જનાબે મરીયમ (B) જનાબે કુલસુમ

(C) જનાબે આસિયા

**(૨) બધા પયગમ્બરોમાં હઝરત અય્યુબ(અ.) પોતાના કયા ગુણ માટે પ્રખ્યાત છે ?**

(A) ઈબાદતના (B) સબરના

(C) સખાવતના

**(૩) હઝરત નૂહ(અ.)ના જમાનામાં અલ્લાહ તઆલાએ એમની કોમ ઉપર શાનો અઝાબ નાઝિલ કર્યો હતો ?**

(A) જળપ્રલયનો અઝાબ

(B) પવનનો અઝાબ (C) મહામારીનો અઝાબ

**(૪) જે જગ્યાએ અત્યારે મસ્જિદે નબવી બાંધવામાં આવેલ છે તે જમીન પહેલાં કોની માલિકીની હતી ?**

(A) હઝરત અબુ અય્યુબ અન્સારીની

(B) સહલ અને સુહૈલ નામના બે યતીમોની

(C) ઔઝ અને ખઝરઝ કબીલાની

**(૫) ફરઝંદે રસૂલ હઝરત ઈબ્રાહીમ(અ.)ની માતાનું નામ શું હતું ?**

(A) બીબી ખદીજતુલ કુબરા

(B) બીબી ઉમ્મે સલમા

(C) બીબી મારીયા કિબ્તીયા

**(૬) ગારે હિરામાં હઝરત રસૂલે ખુદા(સ.) ઉપર સૌ પ્રથમ વહી નાઝિલ થઈ તેના સમાચાર સૌ પ્રથમ આપ(સ.)એ કોને કહ્યા હતા ?**

(A) હઝરત અલી(અ.)ને

(B) હઝરત બીબી ખદીજાને

(C) હઝરત અબુતાલિબ(અ.)ને

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ❊ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❊

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**

### ઈમામ જાફર સાદિક(અ.)ની નજરમાં શક અને યકીન

(ગતાંકનું ચાલુ)

તેણે બધા નબીઓને મોકલતાં પહેલાં જ ભવિષ્યવાણી કરી લીધી હતી અને તે શરૂઆતથી જ જાણતો હતો કે જમાના પ્રમાણે કયા નબીને કયા જમાનામાં મોકલવા. અલ્લાહની માઅરેફત ધરાવનારા ફિલોસૉફર કાઈનાતના નિયમોને કાયમી અને અટલ માને છે એટલું જ નહીં પરંતુ એવા ફિલોસૉફરો પણ છે કે જે અલ્લાહ ઉપર ઈમાન નથી ધરાવતા તે પણ એવું માને છે કે દુનિયાના નિયમો કાયમી છે.

મેટરલીંક* કે જે એક નાસ્તિક ફિલોસૉફર હતો અને અલ્લાહને માનતો ન હતો તેનું કહેવું એ હતું કે દુનિયા જો એક વખત વેરાન થઈ જાય અને અરબો આકાશગંગાઓ કે જેમાંની દરેક આકાશગંગા અરબો સૂર્ય ધરાવે છે, તે પણ બરબાદ થઈ જાય તો પણ કાઈનાતની આવી બરબાદી કોઈને કોઈ નિયમ અનુસાર જ હશે અને જે કોઈ આ નિયમને જાણતો હોય તે એવી ભવિષ્યવાણી કરી શકે છે કે દુનિયા કયા સમયે વેરાન થઈ જવાની છે. પહેલાંના જમાનામાં ઈમામ જાફર સાદિક(અ.) સિવાય કોઈએ પણ આ બાબત તરફ ધ્યાન આપ્યું ન હતું કે દુનિયાના નિયમો કાયમી અને અટલ છે.

પહેલાંના લોકો એવું માનતા હતા કે દુનિયાનો દરેક નિયમ બદલાતો રહે છે અને જયારે એરિસ્ટોટલ આવ્યો તો તેણે આ જૂની માન્યતાને પોતાની ફિલોસૉફીમાં શામેલ કરીને તેને ફિલોસૉફીનો એક ભાગ બનાવી દીધો અને એના પછી દુનિયાના નિયમોમાંનો ફેરફાર દરેક જગ્યાએ એક અનિવાર્ય હકીકત તરીકે ગણવામાં આવી.

એરિસ્ટોટલે કહ્યું છે કે દુનિયા બે વસ્તુઓ વડે અસ્તિત્વમાં આવી છે; એક પદાર્થ અને બીજું સ્વરૂપ. પરંતુ આ બન્ને વસ્તુઓ અવિભાજ્ય છે અને એક બીજાથી અલગ કરી શકાય એમ નથી એટલે સુધી કે એરિસ્ટોટલનો દષ્ટિકોણ એ વાત તરફ ઈશારો કરતો નથી કે તે દુનિયાના નિયમોના ફેરફારમાં માને છે. પરંતુ ત્યાર પછી તેની આ માન્યતા સ્પષ્ટ થઈ જાય છે જયારે કે તે એવું કહે છે કે સ્વરૂપને પદાર્થની સાથે સરખાવવા માટે એ બાબત જરૂરી છે કે સ્વરૂપ કાયમી ન હોય અને તેમાં ફેરફાર થતા હોય કારણ કે સ્વરૂપના હલનચલન

---

* સ્ટ્રાસબર્ગના ઈસ્લામિક સ્ટડીઝ સેન્ટરના વિદ્વાનો મેટરલીંક વિશે ગલતફહેમી ધરાવે છે. મેટરલીંક અલ્લાહને માનનારો માણસ હતો. તેણે પોતાની કિતાબ **'એક મહાન મસ્તિષ્કના વિચાર'**ના પ્રારંભમાં લખ્યું છે કે જો તમારા વિચારો આજકાલના વિચારો કરતાં એક હજાર ગણા વધારે શક્તિશાળી અને વિસ્તૃત થઈ જાય તો પણ તમારા વિચારો વડે એવો કોઈ ખુદા અસ્તિત્વમાં નહીં આવે કે જે જૂઠો, છળકપટ અને નફરત ધરાવનાર અને વેર વાળનારો હોય કે જેનાથી તમારે ડરવું પડે. મેટરલીંકની કિતાબોમાં આવા લેખો વધારે જોવામાં આવે છે કે જે તેની અલ્લાહ પ્રત્યેની માઅરેફતનું સૂચન કરે છે.

અને ફેરફાર વગર તેને પદાર્થ સાથે ભેળવી શકાતું નથી અને આ હલનચલન અને ફેરફાર અસ્તિત્વ ધરાવે છે માટે નિશ્ચિતરૂપે દુનિયાના નિયમો પણ બદલાઈ જાય છે.[૧]

આ દષ્ટિકોણ એરિસ્ટોટલના બીજા દષ્ટિકોણની માફક ઈસવી સનની સત્તરમી સદીના પહેલા દાયકા સુધી ઈલ્મના એક સ્તંભમાંથી હતો અને કોઈ પણ વૈજ્ઞાનિક તેનો ઈન્કાર કરવાની વાત પણ વિચારી શકતો ન હતો. જે માણસે એરિસ્ટોટલના દષ્ટિકોણને જૂઠલાવ્યો તે દેકાર્ત હતો કે જેના વિશે પહેલાં આવી ચૂક્યું છે અને જે ઈ.સ. ૧૭૫૦માં મૃત્યુ પામ્યો. એરિસ્ટોટલનો ગુરૂ પ્લેટો હતો. પરંતુ આપણે દુનિયાના નિયમો અંગે પ્લેટોના દષ્ટિકોણના સાચા અર્થથી વાકેફ નથી. આપણે જાણીએ છીએ કે પ્લેટોના દષ્ટિકોણ આગામી પેઢીઓ માટે કહેવતરૂપે હજી સુધી બાકી છે અને તેમાં દુનિયાના નિયમોના ફેરફાર વિશે કોઈ વાત કરવામાં આવી નથી. આ વાતના કારણે પ્લેટોના દષ્ટિકોણની કિંમત ઓછી થઈ જતી નથી કારણ કે જ્યાં સુધી માણસની સભ્યતા બાકી છે ત્યાં સુધી પ્લેટોને જૂના જમાનાના મહાન તત્વચિંતકોમાં ગણવામાં આવશે. તેના વર્ણનની સુંદરતા કે જે માણસની સભ્યતા છે ત્યાં સુધી બાકી રહેશે અને તે સુંદરતા તેને શ્રધ્ધાંજલી આપતી રહેશે.[૨]

[૧] ઈબ્ને સીના એરિસ્ટોટલની ફિલોસોફીના કટ્ટર અનુયાયી હતા. છતાંય અહીં ઈબ્ને સીનાની ફિલોસૉફીની પરિભાષાથી એરિસ્ટોટલની ફિલોસોફીને જુદી કરવામાં આવી છે.

[૨] પ્લેટોના વર્ણનની શૈલીની વાત યુનાની ભાષામાં પ્રસ્તુત છે ન કે તેના અનુવાદોમાં. તેના અનુવાદોમાં તેની વર્ણનશૈલીની સુંદરતા બાકી રહી નથી. જેવી રીતે કે ઈલિયડ (Iliad) કે જે મહાકાવ્ય હોમરે લખ્યું છે તેના અનુવાદે તેની બધી સુંદરતા છીનવી લીધી છે એવી જ રીતે કે જાણે ફિરદોસીના શાહનામાને ગદ્યમાં અનુવાદિત કરવામાં તેની સુંદરતા છીનવાઈ જાય છે.

પ્લેટો યુનાનના ઉચ્ચ ખાનદાનના માણસોમાંથી હતો. જ્યારે કે એરિસ્ટોટલના સહપાઠીઓ પણ ઉચ્ચ ખાનદાનમાંથી હતા. જ્યારે પ્લેટો એવું કહે છે કે દરેક કોમની ખુશનસીબીમાં તે કોમનો ફિલોસૉફર આગળ આગળ હોય છે, તેનો અર્થ એવો થાય છે કે પ્લેટોની કોમને ખુશનસીબી સુધી પહોંચાડવામાં પ્લેટોનું ખૂબ મોટું યોગદાન હતું.

સંક્ષેપમાં એ કે દેકાર્તના જમાના સુધી વૈજ્ઞાનિકોની માન્યતા એવી હતી કે દુનિયાના નિયમો કાયમી નથી અને તેમાં ફેરફાર અનિવાર્ય છે. સામાન્ય લોકોને આ વાત સાથે કોઈ સંબંધ ન હતો કે તેઓ આ વાત જાણવાની કોશિશ કરે કે દુનિયાના નિયમો કાયમી છે કે પછી ફેરફારને પાત્ર છે.

ઈસવી સનની સત્તરમી સદી પછી તારાઓ વિશે વૈજ્ઞાનિકોની જાણકારીમાં રોજ બરોજ વધારો થતો ગયો. યાદ રહે કે એ સંશોધનોની શરૂઆત કરનારા કૉપરનિકસ અને કોપ્લર હતા. એમના પછી ગેલેલિયો અને ન્યૂટને તેમાં જરૂર મુજબનો વધારો કર્યો. ખગોળશાસ્ત્રીઓ ધીમે ધીમે એવા તારણ સુધી પહોંચ્યા કે જૂના જમાનાના ફિલોસૉફરો વિચારતા હતા એના કરતાં તો કાઈનાત ઘણી મોટી છે.

ઈસવી સનની ઓગણીસમી સદીમાં જ્યારે તેઓ આપણી આકાશગંગાથી આગળ આવેલ બીજી આકાશગંગાઓને શોધવામાં સફળ થયા તો તેમને ખબર પડી કે તે આકાશગંગાઓમાં તો દરેકના અનેક સૂર્ય છે અને તેમણે આકાશગંગાઓને તેમના અનેક સૂર્યની સાથે નિહાળી તો તેઓ એવા તારણ સુધી પહોંચ્યા કે આ આકાશગંગાઓ હંમેશાં બાકી રહેવા માટે અસ્તિત્વમાં આવી છે અને કાઈનાત એટલી બધી મોટી છે અને એવા સશક્ત અને

કાયમી નિયમો ધરાવે છે કે જો તેની અંદરનો કોઈ એક સૂર્ય નાશ પામે તો ય સૌથી નિકટના તારાઓ ઉપર તેની જોઈએ તેવી કોઈ અસર નહીં થાય. તો પછી દૂર સુદૂરના તારાઓ ઉપર અસર થવાની તો વાત જ ક્યાં છે ? જાણે એવું કે દુનિયાના બધા નિયમો કાયમી છે અને કોઈ સૂર્ય નાશ પામે તો એ પણ નિયમોના અંતર્ગત જ નાશ પામશે.

જ્યારે પૃથ્વીના આયુષ્ય વિશે વાત કરવામાં આવે છે અને કહેવામાં આવે છે કે તેનું આયુષ્ય અંદાજે પાંચ અરબ વર્ષ છે તો આપણે આશ્ચર્યમાં પડી જઈએ છીએ અને આ આંકડો આપણને ઘણો મોટો દેખાય છે, જ્યારે ખગોળશાસ્ત્રીઓના ગણિત પ્રમાણે એક આકાશગંગાને પોતાની ધરીની આજુબાજુ પરિભ્રમણ કરતાં એક વર્ષનો* સમય લાગે છે. ક્યાં છે એવા લોકો કે જે એવું કહે છે કે દુનિયા અસ્તિત્વમાં આવ્યે દસ હજાર વર્ષ થયાં છે અને દુનિયામાં આદમના જન્મને છ હજાર વર્ષ થયાં છે?

આકાશગંગાઓનું પોતાના વર્તુળ ઉપર પરિભ્રમણ એ વાતને જાહેર કરે છે કે પૃથ્વીનું આયુષ્ય આ સદીની શરૂઆતના અનુમાન કરતાં ઘણું વધારે છે કારણ કે આ સદીની શરૂઆતમાં હમણાં હમણાં વૈજ્ઞાનિકોનું ધ્યાન આકાશગંગાના પરિભ્રમણ તરફ આકર્ષાયું હતું અને વૈજ્ઞાનિકો બધા તારાઓને અંતરિક્ષમાં સ્થિર હોવાનું વિચારતા હતા પરંતુ હવે ખગોળશાસ્ત્રીઓ આ વાત માની ચૂક્યા છે કે આકાશગંગાઓની પરિસ્થિતિ સ્થિર રહેતી નથી પરંતુ હલનચલનવાળી હોય છે અને આકાશગંગાઓ પોતાના વર્તુળ ઉપર પણ પરિભ્રમણ કરે છે.

આકાશગંગાઓની પોતાના વર્તુળ ઉપર પરિભ્રમણ કરવાની મુદ્દત સાબિત કરી શકાઈ નથી ફક્ત અનુમાન ઉપર આધારિત છે. આકાશગંગાઓની પોતાના વર્તુળ ઉપરના પરિભ્રમણની મુદ્દતનું અનુમાન લગાવવા માટે તેના પરિભ્રમણનું કેન્દ્ર શોધવું પડશે અને આ વાત જાણવી પડશે કે કેન્દ્રની આજુબાજુ આકાશગંગાઓ કેટલા વિસ્તારમાં પરિભ્રમણ કરી રહી છે.

આ વિસ્તાર કેટલો મોટો છે તે જાણવા માટે કેન્દ્રથી એક રેખા ખેંચવી પડશે કે જેથી ભૂમિતિના નિયમો પ્રમાણે પરિભ્રમણનો વિસ્તાર જાણી શકાય. જો માનવજાત વધુ પાંચસો વર્ષ આ દુનિયામાં વિતાવે તો પણ તે આકાશગંગાના કેન્દ્રથી નીકળેલી રેખાની લંબાઈ સુધી પહોંચી શકે નહીં. તો પછી આખાને આખા વિસ્તારને માપવાનો તો સવાલ જ ક્યાં પેદા થાય છે ? (ક્રમશઃ)

* આ બાબત ઉર્દૂ અનુવાદમાં ભૂલ થયેલી હોય એવું જણાય છે કેમકે વૈજ્ઞાનિકોનું માનવું એવું છે કે આકાશગંગાનું પરિભ્રમણ કરવામાં સૂર્ય ૨૨૫ મિલિયન વર્ષ જેટલો સમય લે છે અને આ સમયને એક કોસ્મીક યર કહેવાય છે.


**ભોરણીયા સાદિકઅલી આર.**
મો.૯૯૨૪૪૧૮૨૪૩

**બાલીસણા ઝાકિરહુસૈન જી.**
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**
**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં LED મુવીંગ ડીસપ્લે, LED ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્લીક & LED બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે LED સીરીઝ, LED પટ્ટા, LED બોર્ડ તેમજ LEDને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીંગલ શોપીંગ સેન્ટર, વડનગર.**



મૌલા અલી(અ.)નાં પ્રવચનો, આજ્ઞાપત્રો અને બોધવચનોનો સંગ્રહ

# નહજુલ બલાગહ

## ભાગ-3

## બોધ વચનો અને ઉપદેશો

***હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)***

**(૪૩૨) ખુદાના દોસ્તોના આઠ ગુણો :**

ખુદાના વલીઓ (દોસ્તો) એ લોકો હોય છે કે જેઓ દુનિયાની વાસ્તવિકતાને ધ્યાનમાં રાખે છે, જ્યારે કે લોકો તેના જાહેર પર મરે છે અને આખેરતના કામમાં રત રહે છે જ્યારે કે લોકો દુનિયાની ચિંતા કરતા હોય છે. પરિણામ એ આવે છે કે તેઓ એ ઈચ્છાઓને મારી નાખે છે કે જેનાથી એ ડર રહે છે કે એ તેમને મારી નાખશે અને એ ધનને મૂકી દે છે કે જેના વિશે યકીન હોય છે કે એક દિવસ તેમનો સાથ છોડી દેશે. આ લોકો એ વસ્તુને અલ્પ સમજે છે કે જેને લોકો વિપુલ સમજે છે અને ચીજને ચાલી જનારી સમજે છે કે જેને લોકો મેળવી લેવી ખ્યાલ કરે છે, એ ચીજના દુશ્મન છે કે જેનાથી લોકોને દોસ્તી છે અને એ ચીજના દોસ્ત છે કે જેના લોકો દુશ્મન છે. તેઓ મારફત જ કુરાન ઓળખવામાં આવ્યું છે અને તેઓ પણ કુરાન મારફત જ ઓળખવામાં આવ્યા છે. કુરાન તેમના ચારિત્ર્યથી કાયમ છે અને તેઓ કુરાનની બરકતથી જીવતા છે, આ જે વસ્તુના અભિલાષી છે તેનાથી ઊંચી કોઈ આશા નથી રાખતા અને જેનાથી ભયભીત છે તેનાથી વધારે ભયાનક કોઈ મુસીબત નથી સમજતા.

**(૪૩૩) મૃત્યુનું સ્મરણ :**

એ યાદ રાખો કે લિજ્જતો ખતમ થવાવાળી છે અને તેનો હિસાબ બાકી રહેનારો છે.

**(૪૩૪) કસોટી :**

પરીક્ષા કરો જેથી તિરસ્કાર ઊભો થાય.

(કેટલાક લોકોએ આ વાક્યને રસૂલે અકરમ(સ.)ના નામથી નકલ કરેલ છે. જ્યારે કે આ વાક્ય અમીરુલ મોમિનીન(અ.)નું છે અને તેને સઅલ્બીનું એક કથન સમર્થન આપે છે કે જે તેમણે ઈબ્નુલ અઅરાબીથી નકલ કરેલ છે કે મામૂને આ વાક્યને સાંભળીને કહ્યું કે અગર હઝરત અલી(અ.)એ આ રીતે ન ફરમાવ્યું હોત તો હું તેમને એમ કહેત કે 'નફરત કરો જેથી પરીક્ષા થઈ જાય.' -સૈયદ રઝી.)

**(૪૩૫) અલ્લાહની શાન :**

અલ્લાહની એ શાન નથી કે કોઈના માટે શુક્રનો દરવાજો ખોલી નાખે અને પછી નેઅમતનો વધારાનો દરવાજો બંધ કરી દે અથવા દુઆનો દરવાજો ખોલી નાખે અને સ્વીકારનો દરવાજો બંધ કરી દે અથવા તૌબાનો દરવાજો ખોલી નાખે અને માફીનો દરવાજો બંધ કરી દે.

**(૪૩૬) કૃપાવાનો :**

કૃપાના વધારે હકદાર એ લોકો છે કે જેમનાં મૂળ એ કૃપા કરનારાઓમાં હોય છે કે જેમની કૃપા જાણીતી હોય છે.

**(૪૩૭) ન્યાયનો કમાલ :**

આપને પૂછવામાં આવ્યું કે ઈન્સાફ અને સખાવતમાં વધારે સારો સદગુણ કયો છે ? તો ફરમાવ્યું કે ઈન્સાફ દરેક વસ્તુને તેના સ્થાન પર રાખે છે અને સખાવત તેને તેના સ્થાનથી બહાર કાઢી નાખે છે. ઈન્સાફ બધાની વ્યવસ્થા કરે છે અને સખાવત માત્ર એને જ કામ આવે છે કે જેની સાથે

ભળી જાય છે, એટલે ઈન્સાફ હર હાલમાં બન્નેમાં શ્રેષ્ઠ અને ઊંચો છે.

**(૪૩૮) જહાલત એક શત્રુ છે :**

લોકો એ વસ્તુઓના દુશ્મન છે કે જેને જાણતા નથી (અને આ જ દીનની દુશ્મની અને આલે મોહંમદ(સ.)થી શત્રુતાનો ભેદ છે.)

**(૪૩૯) ઝોહદની વ્યાખ્યા :**

સંપૂર્ણ ઝોહદ (વિરક્તિ) કુરઆને મજીદના બે વાક્યોમાં સમાયેલ છે. 'જે ચીજ હાથમાંથી નીકળી જાય તેનો અફસોસ ન કરો અને જે મળી જાય તેના પર ગર્વ ન કરો.' એટલે જે શખ્સ ભૂતકાળ પર અફસોસ ન કરે અને આવવાવાળાથી ગર્વિષ્ટ ન થઈ જાય તેણે પૂરો ઝોહદ સમેટી લીધો.

**(૪૪૦) ગફલતની નિંદ :**

રાતનું સૂવું દિવસના ઈરાદાઓને અમુક અંશે કમજોર બનાવી દે છે.

**(૪૪૧) હુકૂમત :**

હુકૂમતો પુરૂષોના ચારિત્ર્યનું પરીક્ષા ક્ષેત્ર છે.

**(૪૪૨) શ્રેષ્ઠ નગર :**

કોઈ શહેર તમારા માટે બીજા શહેર કરતાં વધારે હકદાર નથી, બલ્કે શ્રેષ્ઠ શહેર એ છે કે જે તમારો ભાર ઊંચકી રહે.

**(૪૪૩) માલિકે અશ્તરનાં વખાણ :**

માલિકે અશ્તરની શહાદતની ખબર મળતાંવેંત કહ્યું : માલિકને કોઈ શું ઓળખી શકે ? ખુદાની કસમ તેઓ પહાડ હોત તો સૌથી ઊંચા હોત અને પથ્થર હોત તો સૌથી વધારે કઠણ હોત. તેની ઊંચાઈઓને ન કોઈ પગ આંબી શકે છે કે ન ત્યાં કોઈ પક્ષી પર મારી શકે છે.

**(૪૪૪) સ્થિરતા :**

ટૂંકો અમલ કે જેનો નિયમ જાળવી શકાય, એ વિશાળ અમલથી વધારે સારો છે કે જે ઈન્સાનને કંટાળો આપે છે. *


*નામદાર બાવા સાહેબની ભલી દુઆઓથી*

**કબીર કોટન ઈન્ડસ્ટ્રીઝ**

દેશોત્તરથી દાવડ અને એકલારાથી અરોડા વિસ્તારના ખેડૂત ભાઈઓ માટે ખુશખબર
કપાસ વેચવા આપના ગામની નજીકમાં નવેમ્બર-૨૦૧૧માં

**'કબીર કોટન ઈન્ડસ્ટ્રીઝ'**

ચાલુ થઈ જશે.

**ઈબ્રાહીમભાઈ ગોદડ (વેપારી) (કિશોરગઢ)**
**ગુલામહુસૈન વિજાપુરા (કિશોરગઢ)**
**મહંમદભાઈ સલેમા (કિશોરગઢ)**
**કમરઅલી ઝાલર (ઝહીરપુરા કંપા)**
**સંપર્ક : ૯૯૭૯૪૦૨૨૮૦**

**દશોત્તર - ઈલોલ રોડ, સર્વોદય ચોકડી, કિશોરગઢ.**



હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

**● સત ગુરૂ પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૯૪**

**પીત પીયાકી પતંગને જાંની,**
**જો નેહ લગાતે સુખ નાં આંની.**

(હઝરત પીર મશાયખ(રહેમતુલ્લાહ અલૈહા) બાવા ફરમાવે છે કે પીયુની પ્રીતને પતંગિયાએ -પરવાનાએ જાણી લીધી છે કે જેણે દીપકની સાથે નેહ-પ્રેમ લગાવતી વખતે પોતાના સુખની ય પરવા કરી નથી.)

**જો નેહસું પીયા સંગ તન ગમાયા,**
**તો દેખોને પતંગીયા દીપક ઝપાયા.**

(હઝરત પીર મશાયખ(રહે.અ.) બાવા ફરમાવે છે કે તમે જુઓ કે પતંગિયાએ પોતાના પીયુના પ્રેમ ખાતર પોતાનો જીવ ગુમાવી દીધો. પતંગિયાએ દીપકની જ્યોતમાં પોતાની જાતને ઝંપલાવી દીધી.)

**જો ઉસ તન લાગે ગરમ રે તેલા,**
**તે તો રે ખેલે પરેમકા ખેલા.**

(જ્યારે પતંગિયાએ પોતાના શરીરને દીપકમાં ઝંપલાવી દીધું તો તેના શરીરને ગરમ તેલનો અનુભવ થયો. આ રીતે પતંગિયાએ દીપક સાથે પ્રેમનો ખેલ ખેલ્યો.)

**જું જું રે અગન ઉસ તન જાવે,**
**તું પતંગ રે પીયાસું નેહ લગાવે.**

(જેમ જેમ પતંગિયાને દીપકની આગ લાગવા માંડી તેમ તેમ પતંગિયું પોતાના પીયુની સાથે વધુને વધુ પ્રેમ કરવા લાગ્યું.)

**તો દોડા આઘા જાવે દીપક માંહાં,**
**જો અફસોસ તનકા ઉસકું રે નાંહાં.**

(જેમ જેમ તેના શરીરને દીપકની ગરમી લાગવા માંડે છે તેમ તેમ તે દોડીને દીપકની તરફ વધુને વધુ નજીક જાય છે અને પોતાના શરીરને બાળી નાખવાનો કોઈ અફસોસ તેને થતો નથી.)

**દેહા પતંગને યું દીપકસું લગાઈ,**
**જો પીત પીયાકી નેહસુ રે પાઈ.**

(પતંગિયાએ પોતાના શરીરને દીપક સાથે આવી રીતે લગાવી દીધું અને આ રીતે પોતાના પીયુની પ્રીતને સ્નેહપૂર્વક પ્રાપ્ત કરી દીધી.)

**સાચે રે નેણ સો પતંગ કે કહીએ,**
**જો હુએ એસે નેણ તો પીયુજી રે લહીએ.**

(પતંગિયાની આંખો - પતંગિયાની દૃષ્ટિ સાચી કહેવાય કેમકે જો પ્રેમની આવી દૃષ્ટિ હોય તો તેવી વ્યક્તિ પોતાના પીયુનો પ્રેમ સંપાદન કરી શકે.)

**જો નેહ રે પીયાકા પતંગ નાં જાંના,**
**જો રંગ એ ભીતર બોત લોભાના.**

(જો પતંગિયાએ પોતાના પીયુનો એટલે કે દીપકના પ્રેમને જાણ્યો ન હોત તો તે ભીતરના રંગથી ખૂબ લોભાઈ ગયો ન હોત.)

**તો પતંગને દીપક, દીપક નાં જાંના,**
**તો સબ રંગ પીયાકા ઉનું રે પિછાંના.**

(પરંતુ પતંગિયાએ દીપકને માત્ર દીપક તરીકે ઓળખ્યો નહીં પરંતુ પોતાના પીયુ તરીકે ઓળખ્યો અને એવું કર્યું તો જ તેણે પીયુના અસલ રંગને સંપૂર્ણરીતે ઓળખી લીધો.)

**જો રે તુઝે નેહા પતંગકા આવે,**
**તો કદી પીયુ મેરા તુજકું રે પાવે.**

(હઝરત પીર મશાયખ(રહે.અ.) બાવા ફરમાવે છે કે જો તારી જાતમાં પણ પતંગિયાના

જેવો પ્રેમ ઉત્પન્ન થાય તો જ કદાચ તું મારા પીયુને પ્રાપ્ત કરી શકે.)

**પીયુજી મેરે કે એસો હે ઢંગા,**
**ખેલ પીયા કે બોત હેં રે રંગા.**

(હઝરત પીર મશાયખ(રહે.અ.) બાવા ફરમાવે છે કે મારા પીયુની રીત આવી છે. પીયુના ખેલના ઘણા બધા રંગ છે.)

**જો પતંગકી રીતે તન જલાવે,**
**પણ પીયાજી મેરેકું દુઃખ ન આવે.**

(તરીકતનો પંથી તો એવો હોય કે પતંગિયાની માફક પોતાના તન બદનને જલાવી દે પરંતુ પોતાના પીયુને દુઃખની આંચ આવે એવું થવા ન દે.)

**જો યું દેખ નેહા પરેમ કા કીજે,**
**તો કદી પીયુજી અપના પતીજે.**

(હઝરત પીર મશાયખ(રહે.અ.) બાવા ફરમાવે છે કે પતંગિયાનો આવો પ્રેમ જોઈને જો તું પણ આવો પ્રેમ કરે તો કદાચ તું તારા પીયુને પ્રાપ્ત કરી શકે.)

**જો એ રે તન પીયુજી અપના નાં પાયા,**
**તો પીછે તન પીયા બિના કાંમ નાં આયા.**

(જો તારું આ શરીર તારા પીયુજીના ખપમાં ન આવે તો પછી પીયુજી વગરનું તારું આ શરીર બીજા કોઈ કામમાં નહીં આવે.)

**જો પતંગ નો દેહા જલા ગમાઈ,**
**તો તબ જાને પીત પીયાજીકી પાઈ.**

(તમે જુઓ કે પતંગિયાએ પોતાના શરીરને પીયુના ખાતર જલાવીને ગુમાવી દીધું અને ત્યારે જ તેણે પીયુજીની પ્રીતને પ્રાપ્ત કરી દીધી.)

**જે રે ખેલ પીયાકા પીતસું રે ખેલે,**
**તો ખો રે તન અપના, તો પીયુજી રે મેલે.**
**રે, તુંહી**

(જે માણસ પીયુજી સાથેનો ખેલ પોતાની પ્રીતથી ખેલે તો તે પોતાનું શરીર ખોઈ નાખ્યા પછી પણ પીયુજીનો પ્રેમ મેળવશે.)

**મેદાંન પીયુકા દોહેલા, દેખો ઉસકે રંગ રે,**
**દેખો ઉસકે રંગ;**
**દીપક કે મનમાં નહીં, જલ જલ મરે પતંગ રે,**
**જલ જલ મરે પતંગ.**

(પીયુજીના પ્રેમનું મેદાન પ્રાપ્ત કરવું ખૂબ અઘરું છે. તમે તેનો રંગ તો જરા જુઓ કે દીપકના ખાતર પતંગિયું બળી બળીને છેવટે પોતાના જીવનો ત્યાગ કરી દે છે.) *

## ગુમ થયેલ છે.



નામ : **ઈમદાદઅલી અબ્દુલભાઈ મરેડીયા**
ઉંમર વર્ષ : ૨૦ વર્ષ

સરનામુ : થુવર, તા. વડગામ, જિ. બનાસકાંઠા.

ઉપરના ફોટાવાળા ઈમદાદઅલી તા.૫-૬-૨૦૧૧ના રોજ નાલા સોપારા, મુંબઈ(વેસ્ટ)થી ગુમ થયેલ છે. જે કોઈ વ્યક્તિને આની જાણ થાય તો નીચેના નંબરો ઉપર સંપર્ક કરવો. જાણ કરનારને યોગ્ય વળતર આપવામાં આવશે.

૦૯૦૪૯૨૫૦૭૮૦ હસનઅલી(મુંબઈ)
૭૮૭૪૭૨૩૧૩૩ અબ્દુલભાઈ મરેડીયા(થુવર)
૯૪૨૭૩૯૬૯૯૬ અબ્દુલભાઈ મરેડીયા(થુવર)
૯૪૨૮૩૬૯૮૫૨ અબ્દુલભાઈ મરેડીયા(રહેઠાણ)

## જાફરી તારીખ દર્શિકા(કેલેન્ડર)-૨૦૧૨

દર વર્ષની માફક આ વર્ષે પણ શીઆહ જાફરી મશાયખી મોમિનો માટે **'જાફરી તારીખ દર્શિકા (કેલેન્ડર)-૨૦૧૨'** ડિસેમ્બર-૨૦૧૧ પહેલાં પ્રગટ કરવાનું હોઈ જે મિત્રોએ પોતાના ધંધાની જાહેરાત એમાં આપવાની ઈચ્છા હોય તેમણે જાહેર ખબર માટેની વિગત અને રકમ મોડામાં મોડા **તા.૧૦-૧૧-૨૦૧૧** સુધીમાં મળી જાય તે રીતે નીચેના સરનામે મોકલી આપવા વિનંતી છે. એક જાહેરાત છાપવાનો ખર્ચ **રૂા.૧૦૦૦/-** રાખેલ છે. મર્યાદિત જાહેરાતો છાપવાની હોઈ 'વહેલા તે પહેલા'ના ધોરણે અગ્રતા આપવામાં આવશે તેની નોંધ લેવા દરેકને વિનંતી છે. -તંત્રી

**'માસુમ' મહેરપુરી**
**ઝહીર હોસ્ટેલ પાસે, ઝહીરાબાદ, પો.સવગઢ,**
તા. હિંમતનગર, જિ. સા.કાં. મો.૯૬૮૭૬૭૯૫૧૩

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

**સૂરા નં.૭૦ સૂરએ મઆરેજ**

કુલ ૪૪ આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયેલો હોવાથી મક્કી સૂરો છે.

આ સૂરાની આયતોનો અનુવાદ.

**એક માગણી કરનારે આવનારા અઝાબની માગણી કરી. (૧)**

**કે જે(અઝાબ)ને નાસ્તિકો ઉપર આવતો કોઈ ટાળી શકનાર નથી. (૨)**

**અલ્લાહ તરફથી કે જે (ફરિશ્તાઓ માટે) પગથિયાં (દરજ્જા) નક્કી કરનારો છે.(૩)**

**કે જે(પગથિયાં)ના(માર્ગ)દ્વારા ફરિશ્તા તથા રૂહ (જિબ્રઈલ) એક દિવસમાં તેની તરફ ચઢી જાય છે કે જે (દિવસ)નો અંદાજ ૫૦ હજાર વર્ષનો છે. (૪)**

**હવે તું ઘણી જ સારી રીતે સહન કરતો રહે, (૫)**

**ખચીત જ આ લોકો તો તે(કયામત)ને દૂર જ સમજે છે. (૬)**

કહે છે કે હારિસ બિન નોઅમાન કે જે હઝરત રસૂલે ખુદા(સ.)ના દુશ્મનોમાંથી હતો તે મસ્જિદે હરામના દરવાજા ઉપર ઊભો રહી મશ્કરીથી કહેવા લાગ્યો કે ખુદાવંદા ! જો મોહંમદ(સ.) હક ઉપર હોય અને તે જે કંઈ કહે છે તે તારા તરફથી હોય તો તું અમારા ઉપર પથ્થર વરસાવ અને અમને અઝાબમાં સપડાવ. તો તે વખતે આ આયત નાઝિલ થઈ.

જે અઝાબ કુફ્ર કરનારાઓ માટે છે તેને કોઈ ટાળી શકતું નથી. તે અઝાબ ખુદા તરફથી છે. તે મહાન દરજ્જાનો માલિક છે. આ સૂરાની ત્રણે ય મજકૂર આયતો હઝરત અલી(અ.)ને ગદીરે ખુમમાં ખલીફા નિમ્યા તે પછી નાઝિલ થઈ છે, જેમકે તફસીરે સોઅલબીમાં તેનું વિગતવાર વર્ણન છે. આ આયતમાં જે આવ્યું કે ખુદા મહાન દરજ્જાનો માલિક છે તેનો ભાવાર્થ એ કે નબીઓ અને અવલિયાઓ માટે મોટા દરજ્જાઓ છે અથવા ફરિશ્તાઓ માટે અમુક દરજ્જાઓ નિર્માણ કરનારો છે.

મલાએકા અને રૂહ એટલે કે જિબ્રઈલ ખુદાના અર્શ તરફ (જે વહી તથા ફરમાન થવાની જગ્યા છે) એ દિવસે ચડે છે કે જે દિવસનો અંદાજો પચાસ હજાર વરસનો છે. હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે તેનો અર્થ એ છે કે અલ્લાહ સિવાય જો બીજો કોઈ ખલ્કતનો હિસાબ લેવા બેસે તો પચાસ હજાર વરસ થાય, પણ ખુદા એક કલાકમાં લેશે.

અય મોહંમદ(સ.) ! જે લોકો તને જૂઠલાવે છે તેના ઉપર સબર કર, નજીકમાં જ તેમને શિક્ષા મળશે અને તેમની સજાએ તેઓ પહોંચી જશે અને કયામતને જૂઠલાવનારાઓ અઝાબને છેટે જુએ છે અને કયામત થશે એમ માનતા નથી.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને અમે તેને પાસે જોઈએ છીએ. (૭)**

**જે દિવસે આસમાન પીગળેલા તાંબા જેવું થઈ જશે. (૮)**

**અને પહાડો રંગબેરંગી ઊનના જેવા થઈ જશે. (૯)**

**અને (તે દિવસે) કોઈ એક સગો (બીજા) કોઈ સગાને પૂછશે નહીં. (૧૦)**

**જોકે તેઓ એક બીજાને દેખાડવામાં આવશે અને ગુનેહગાર એવી ઈચ્છા કરશે તે આ દિવસના અઝાબથી બચવા માટે પોતાના છોકરાં દાનમાં આપે. (૧૧)**

**તેમજ પોતાની પત્ની તથા ભાઈને પણ. (૧૨)**

**અને પોતાના નિકટના કુટુંબને પણ કે જેના આશ્રય હેઠળ તે હતો. (૧૩)**

અમો તેને નજીકમાં જ જોઈએ છીએ. તે દિવસે

આસમાન પીગળેલા તાંબા જેવું જઈ જશે અને પહાડો રંગબેરંગી પીંજેલા ઊન જેવા થઈ જશે.

અને તે દિવસે કોઈ સગો કોઈ સગાના હાલને પૂછશે નહીં દરેકને પોતાની પડી હશે.

અને એકબીજાને તેમના સગા દેખાડવામાં આવશે, તેઓ એક બીજાને ઓળખશે, પણ તેમની પોતાની એવી હાલત હશે કે બીજાને પૂછવાનું ભાન પણ નહીં હોય અને ગુનેગાર કાફરો ઈચ્છશે કે તે દિવસના અઝાબથી છુટકારા માટે પોતાની ઓલાદને ફિદા કરી મુક્તિ પામીએ તેમજ પોતાની સ્ત્રી અને ભાઈને અને પોતાના કુટુંબીઓને કે જેઓ તેને રહેવા માટે જગ્યા આપતા હતા.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને ભૂમિ(માત્ર)માં જે સઘળું છે તે પણ, (એવી આશાએ) કે તે તેને તે(અઝાબ)થી બચાવી લે. (૧૪)**

**પણ હરગીજ તેમ થશે નહીં. તે (જહન્નમની આગ) તો ભયંકર જવાળા છે.(૧૫)**

**જે માથાની ચામડી (બાળીને) ઉડાડી નાખનારી છે. (૧૬)**

**આ (જહન્નમ) તે લોકોને બોલાવતી હશે કે જેમણે (સત્ય ધર્મ તરફથી) પીઠ ફેરવી અને મોઢું ફેરવ્યું. (૧૭)**

**અને સંપત્તિનો સંગ્રહ કર્યો પછી તે (અલ્લાહના માર્ગમાં ખરચ ન કરતાં) સંભાળી રાખી. (૧૮)**

અને જે કંઈ જમીનમાં છે તે સર્વે પોતાના છુટકારા માટે કુરબાન કરવા ઈચ્છા કરશે. તે વખતે તે ગમે તેની કુરબાની આપવા માટે તૈયાર થઈ જશે પણ એ કદી બનશે નહીં, પણ તેઓ જહન્નમમાં બળશે.

તે જહન્નમનો ભડકો કાફરોના હાથ-પગ અને માથાની ચામડીને ઉખેડી લેનારો છે.

આ જહન્નમ તેઓને બોલાવશે કે જે લોકોએ સત્ય ધર્મથી પીઠ ફેરવી અને મોઢું ફેરવ્યું. હલાલ અને હરામનો ખયાલ કર્યા વગર જે લોકોએ દોલત ભેગી કરી અને વાજિબ હક્કો અદા કર્યા નથી અને અતિશય લોભ કર્યો છે તેમને એ સજા ભોગવવી પડશે. (ક્રમશઃ)


## બે નવીન કિતાબોનું પ્રકાશન

ઈલોલ તલાવ મુકામે કા'બા વ કિબ્લા આલી જનાબ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ હઝરત ઈમામ હુસૈન(અ.)ના ખુત્બાઓની કિતાબ

**કલામે હુસૈન**(અ.)





ચાલીસ અહાદીસે કુદસીના સંગ્રહની નાની કિતાબ

**અહાદીસે કુદસી**

પ્રકાશિત થઈ ગયેલ છે.


## અમારા દાદા (વફીબાવા)ને શ્રધ્ધાંજલી

પ્રિય દાદા અમોને છોડી ગયા,
સેવા કરવાનું સ્વપ્ન અમારું તોડી ગયા.

કદી ના મળી શકો તમે અમોને,
સંતાવવાનો આ કયો માર્ગ ખોળી ગયા.

તમોને નિખાલસ પ્રેમ આપવાની,
અમારી અંતરની ઈચ્છાને તમો રોળી ગયા.

મજધારમાં એકલા મૂકી અમોને તમો,
એમ અલ્લાહના ઘર તરફ દોડી ગયા.

માયાળુ સ્વભાવના અમારા મહાન દાદા,
નિખાલસ પ્રેમ સૌને શીખવાડી ગયા.

**- સૈયદ આરિફહસન એસ. જાફરી**

# હઝરત પીર મશાયખ ચિશ્તી(રહે.અ.)

રજૂકર્તા : હનીફભાઈ જે. દુકા(વાઘરોલ-અમદાવાદ)

મશાયખનો અર્થ સમાજ સુધારાવાદક થાય છે. પીર મશાયખ(રહે.અ.) બાવા મુજદ્દીદે દીન, મુજદ્દીદે આઝમ હતા. પીર મશાયખ(રહે.અ.) બાવા વક્તના ટોચના વલીઅલ્લાહ હતા.

મશાયખ સરકારે આપની પૂરી જિંદગી અલ્લાહ અને અલ્લાહના રસૂલે કરીમ(સ.)ની ઈતાઅતમાં ગુજારી હતી. અલ્લાહના વલીઓ અતીઉલ્લાહ અને અતીઉર્રસૂલના નમૂના હોય છે, નબીઓના વારસદાર હોય છે. પોતાની જાતને ફનાફિલ્લાહ કરી દીધી. દુન્યવી મોજ-શોખ અને મનોકામનાને તલ્લાક આપી દઈને બસ માત્ર અલ્લાહની મરજી હાસિલ કરી દીધી હતી.

પીર મશાયખ(રહે.અ.)બાવાએ અલ્લાહની મરજી હાસિલ કરી લીધા પછી આપની હુકૂમતની વિશાળતા વધી ગઈ. આપની કરામતો જોઈને જોત જોતામાં આપની ખ્યાતિ સમગ્ર ગુજરાતમાં ફેલાઈ ગઈ. અલ્લાહ ચાહે તેની પાસેથી કામ લઈ શકે છે. અલ્લાહની ગેબી મદદથી અને ફૈઝથી ટૂંક સમયમાં મશાયખ સરકારને એક જ સમાજ નહીં, પરંતુ બિન-મુસ્લિમ સમાજ પણ આપને સદગુરૂ માનવા લાગ્યો અને આ રીતે આપ મશાયખ તરીકે ઉપસી આવ્યા.

ઉલમાએ દીન, કિતાબે દીન તો માત્ર ઈન્સાનની બાહ્ય સ્વચ્છતા કરે છે જ્યારે હકીકતમાં ઔલિયા અલ્લાહ તો ઈન્સાનની બાતિની સ્વચ્છતા કરે છે. એક સમાજ નહીં પરંતુ દરેક સમાજની ખિદમત કરી. ખિદમતે ખલ્ક એ આપની ઈબાદત બની ગઈ. દીન દુઃખીઓની ખિદમતમાં હઝરત એક મશાયખ અને મખ્દૂમ પુરવાર થયા, જે અલ્લાહવાળાઓનો એક મુકામ હોય છે.

પીર મશાયખ(રહે.અ.) બાવાએ એટલા જ માટે ફરમાવેલું છે કે -

**વણ સુજયા બે આંખે રે અંધા,**
**જે પીર મશાયખ કા મરતબા ન જાણે.**

આપની કામીલીયતના હિસાબે અલ્લાહે કુદવતુસ્સાલેકીનનો મરતબો આપને અતા કર્યો. આ મુકામના હિસાબે હઝરત ફૈઝનો દરિયો બની ગયા અને ન્યાય ઈન્સાફની મૂરત(નમૂના) બની ગયા.

દાની, જ્ઞાની, ત્યાગી અને વૈરાગી જેવા સદગુણો અને અમલ ધરાવતા મશાયખ સરકારે આપની જાતને અલ્લાહની રાહમાં વકફ કરી દીધી. સહીહ અમલના હિસાબે હઝરત આરેફીન તરીકે ઓળખાયા. અમલની જ્યોત પ્રગટી ત્યારે આપ શકશુલ આરેફીન દેખાણા એટલે તો કહેવાય છે કે-

**'શમ્આ જલતી હૈ, પરવાને ખુદ ચલે આતે હૈ.'**

આપનો મરતબો આંધળા પણ જાણી જશે તો એ કામયાબ હશે. આપ આરસી સમાન હતા. આપના સાનિધ્યમાં બેસવાવાળા અને આપના દર ઉપર ચાલવાવાળા જેની જેવી સમજ એ પ્રમાણે ફૈઝ લઈને જતા હતા અને નાસમજ લોકો આપનો દામન છોડીને ભાગ્યા, જે આપણે પણ નજરે નિહાળ્યું છે.

દુનિયાપરસ્ત લોકોની સતામણી, હઝરતે દુઃખીયારી વાંસળીના બયાનમાં આપની વ્યથા કહી છે. એ વાંસળીમાંથી જે સૂર નીકળતો હતો તે આપ પોતે જ હતા જેને રબની સુહાગણ કહે છે.

નબીએ કરીમ(સ.)નો હુકમ જ્યારે અલ્લાહે કાયમ રાખ્યો અને મોહંમદ(સ.)ના લબ(હોઠ)થી આપને સયરાબ કર્યા તો આપની ઈબાદત રાત્રીના પહોરની બની ગઈ કે જેને કોઈ જોઈ શકતું નથી માટે પીર મશાયખ સરકાર ફરમાવે છે કે -

**દલ ભી બોલે, તન ભી બોલે, તૂહી તૂહી,**
**નસ નસ બોલે, અલ્લાહ અલ્લાહ.**

જયારે અલ્લાહે મશાયખ સરકારને 'ઈલ્લલ્લાહ'નો જામ પીવડાવ્યો, દુનિયાનો હર સ્વાદ આપને ફિક્કો લાગ્યો. દુનિયાનું કવચ આપના ઉપરની ઉતરી ગયું. 'ઈલ્લલ્લાહ'ના જામથી આપ બેખુદીમાં રહ્યા. આપની બેખુદીમાં મૌલા અલી મુશ્કિલકુશાનો ફકીરી તાજ આપના મુબારક સર

ઉપર આવ્યો. આપને અલ્લાહે એવા તો નવાજ્યા હતા કે આપનું 'હુસ્ન' અને 'રૂત્બો' જોઈને મોટા મોટા શહેનશાહ પણ આપની સમક્ષ ઝુકી ગયા. હોશવાળાને પણ કપડાં સુધ્ધાંનું ભાન ન રહ્યું. બસ આપને 'ઈલ્લલ્લાહ'નો રંગ ચઢ્યો હતો અને લોકોએ નબીના નૂરની તજલ્લી આપનામાં જોઈ લીધી.

જ્યારે આપને હઝરત અલી(અ.)ના ઘરાનાની ફકીરી મળી તો દુનિયાના હર તાજને આપે ઠોકર મારી દીધી એટલે તો હઝરત ફરમાવે છે કે -

**શહેર છોડા રાજપાટ છોડા,**
**લીયા ફકીરી ભેખ રે.**

અને આજે પણ આ મહાન ફકીરના કદમોમાં મોટા મોટા શહેનશાહોના તાજ છીનવાઈ ગયા છે. એકવીસ વર્ષની નાની વયમાં જ્યારે અલ્લાહે આપને ઈલ્મ અતા કર્યું તો એ ઈલ્મની મીઠાશ એવી હતી કે સાકરનો ગાંગડો પણ આપના મોઢામાં મૂકે તો ફિક્કો લાગતો. આપના મુબારક મોઢામાંથી એવી તો સુવાસ નીકળતી હતી કે મધથી પણ વધારે મીઠી હતી.

જ્યારે હઝરતને ઈલ્મ અતા થયું તો આપની ખ્યાતિ હદથી બેહદ થઈ ગઈ અને એક જ રાતમાં ચૌદ મણ અને અઢી શેર કાગળો લખી દીધા જેમાં શરીઅત, તરીકત, હકીકત અને મારેફતની હિકમતનું જ્ઞાન હતું. આપ પોતે જ 'કુતુબખાનુ' (કિતાબ ઘર) હતા. અલ્લાહના રાઝો નિયાઝ લોકોને બતાવ્યા અને કુરઆનના ભેદ ખોલી બતાવ્યા.

આપની વાણી અમૃતવાણી બની ગઈ. આપના લખેલા ઈલ્મનાં બયાન ગૌહર(દાગીના) બની ગયાં. 'બરહા'માં આપે દુનિયાને ખુલ્લી કરીને બતાવી. હઝરત કોઈ અજાણ્યા ગામમાં થઈને પસાર થતા હતા તો એ ગામ ઉપર એમના કદમ મુબારક પડવાથી કરમ થઈ જતો હતો અને અલ્લાહની બરકત ઉતરતી હતી અને કોઈ ગામમાં રોકાતા અને ત્યાંથી વિદાય લેતા તો ગામ વેરાન લાગતું હતું. આ હતો હઝરત પીર મશાયખ(રહે.અ.) બાવાનો 'ફના ફિલ્લાહ'નો મુકામ અને ઈલ્મે ઈરફાનની મંઝિલ. હઝરત પોતે ફૂલ હતા જે ફૂલમાં અલ્લાહે ખુશ્બૂ મૂકી હતી.

જ્યારે હઝરતે આ ફાની દુનિયાને અલવિદા કરી, દુનિયાથી પરદો કર્યો તો બકાબિલ્લાહ (અમર)નો મરતબો હાસિલ કર્યો.

માટે જ તો પીર મશાયખ સરકારનો મરતબો મહાદન (કયામત) સુધી રહેશે. ફૂલ ગયું પણ ફોરમ કાયમ રહી ગઈ. ઈમામ હુસૈન(અ.)ની શાનમાં લખાયેલ 'મક્તૂલનામા' પઢાય છે. તો તે પીર મશાયખ સરકારની જ વાંસળીનો સૂર રેલાય છે. ફૂલ નથી તો પણ ફૂલની સુવાસ ચોક્કસ છે. આવા મહાન અલ્લાહ ઔલિયા, સૂફી સંતને અમારા લાખો લાખો સલામ છે. ✻

**ઈસ્લામી કવીઝ નં. ૨૧૧ના જવાબો**

(૧) જનાબે કુલસુમ (૨) સબરના (૩) જળપ્રલયનો અઝાબ (૪) સહલ અને સુહૈલ નામના બે યતીમોની (૫) બીબી મારીયા કિબ્તીયા (૬) હઝરત બીબી ખદીજાને


## લગ્ન વિષયક

❀ **ઉંમર** : **૨૨ વર્ષ**

❀ **લાયકાત** : M.B.A.(HR)

❀ **સંપર્ક** : **૯૯૨૪૭૪૬૯૦૭**
**૮૧૨૮૯૮૪૪૨૯**

**ઉપરોક્ત લાયકાત ધરાવનાર યુવક માટે યુવતી જોઈએ છે. તો રસ ધરાવતી વ્યક્તિએ આપેલ નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.**

**નોંધ : જાહેરાત યોગ્ય પસંદગી માટે છે.**